بِسۡــــــمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-એપ્રિલ-૨૦૨૦**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૭, અંક : ૦૪, સળંગ અંક : ૧૯૬

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| **વાર્ષિક લવાજમ** | **રૂા.** | **૨૦૦/-** |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**: માનદ તંત્રી :**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | કોરોના વાયરસ તેમજ CAA, NPR, NRC અને આપણો હાલ ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ | 14 |
| 05 | કાનૂને શરીઅત | 20 |
| 06 | لَيۡسَ مِنَّا 'તે અમારો નથી' | 22 |
| 07 | ફુતૂહુલ ગયબ *(એટલે ગૌષ પાક رحمۃ اللہ علیہ ના વઅઝ)* | 25 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہ | 30 |
| 09 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ના જીવનચરિત્રની ઝલકો | 33 |
| 10 | ગુનાહોથી બચવું અનિવાર્ય ! | |
| 11 | જશ્ને ખત્મે તફસીરે કુર્આન | 35 |
| 12 | દરેક મુશ્કેલી સાથે આસાની છે | 37 |
| 13 | મુસ્લિમ જગતની આર્થિક સમસ્યાઓનો હલ...... | 43 |
| 14 | ૨૬મા ફિક્હી સેમીનારના ફેંસલાઓ | 46 |
| 15 | શબે બરાતની ઈબાદતો | 49 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


**તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ**

તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ
જો ફના ન હોગી ઐસી ઉસે જિંદગી મિલી હૈ

મુઝે ક્યા પળી કિસી સે કરૂં અર્ઝે મુદ્દઆ મૈં
મેરી લૌ તો બસ ઉન્હીં કે દરે જૂદ સે લગી હૈ

દો જહાં ભર કે દાતા મુઝે ફેર દેંગે ખાલી
મેરી તૌબા ઐ ખુદા ! યે મેરે નફ્સ કી બદી હૈ

મૈં મરું તો મેરે મૌલા યે મલાએકહ સે કેહ દે
કોઈ ઉસ કો મત જગાના અભી આંખ લગ ગઈ હૈ

મૈં ગુનાહગાર હૂં ઔર બળે મરતબોં કી ખ્વાહિશ
તૂ મગર કરીમ હે જો તેરી બંદા પરવરી હૈ

તેરી યાદ થપકી દેકર મુઝે અબ શહા સુલા દે
મુઝે જાગતે હૂએ યૂં બળી દેર હો ગઈ હૈ

તેરા દિલ શિકસ્તા **"અખ્તર"** ઈસી ઈન્તેઝાર મેં હૈ
કે અભી નવીદે વસલત તેરે દર સે આ રહી હૈ

*(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی)*

## કોરોના વાયરસ તેમજ CAA, NPR, NRC અને આપણો હાલ !

તંત્રી લેખ.....

વર્તમાન સમયમાં **"કોરોના"** વાયરસનો ભય જગતભરમાં હલચલ મચાવી રહ્યો છે. દુનિયાભરમાં એક ભયનું વાતાવરણ ફેલાય ગયું છે. દેશ વિદેશના આવન જાવનના વહેવારો દિવસે દિવસે થપ થઈ રહ્યા છે. સ્કૂલો પણ બંધ, ફલાઈટો બંધ થઈ રહી છે, વિઝાઓ રદ થઈ રહી છે. મેળાવડા બંધ થઈ રહ્યા છે. માણસ જાણે માણસથી ભાગી રહ્યો છે. જ્યાં રોગ અધિક ફેલાયો છે ત્યાં કોઈ કોઈની સાથે મુસાફો કરવા (હાથ મિલાવવા) તૈયાર નથી ! મા દીકરાથી, પતિ પત્નીથી, દોસ્ત દોસ્તથી, નેતા નેતાથી સારાંશ એક ભય દરેકના દિમાગમાં છવાય ગયો છે કે મને રોગ લાગી જશે તો હું મરી જઈશ ! ઘરમાંથી બહાર નીકળતાં જાણે લોકો ડરે છે. કોઈને ફોન કરો તો ઈચ્છા અનિચ્છાએ "કોરોના" વિશેની ચેતવણી અચુક સાંભળવી પડે છે પછી ફોન જોડાય છે ! કેટલાક ઠેકાણે તો લોકો પ્લાસ્ટિકના નક઼ાબ તથા બુરખા પહેરવા મજબૂર થયા છે. જે લોકો બુરખા તથા નક઼ાબથી નફરત કરતા હતા, તેની ટીકાઓ કરતા હતા, આજે પોતે જ તેને અપનાવવા તૈયાર થઈ ગયા છે ! થાઈલેન્ડ, સિંગાપુર, સાઉથ કોરીયા, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, ફ્રાંસ, જર્મની, ઈટાલી વગેરે બાવીસથી અધિક દેશોમાં આ વાઈરસ જોરશોરથી ફેલાયેલો છે. સમાચારો મળ્યા છે કે હદ તો એ છે કે મક્કા શરીફમાં પણ બેદીન, બદબખ્ત, યહૂદી પરસ્ત સઊદી ગવર્નમેન્ટે ઉમરાને સ્ટોપ કરેલ છે એટલુ જ નહીં પણ મતાફમાં તવાફ પણ રોકી દીધેલ છે ! તેમજ મસ્જિદે અક઼્સામાં પણ એન્ટ્રી ત્યાંની હુકૂમત થકી રોકી દેવામાં આવી છે. કેટલાક ઠેકાણે જમાઅતને બદલે નમાઝ ઘરોમાં પઢી લેવાનાં એલાનો થાય છે ! કેટલાક ઠેકાણે મંદિરો, ચર્ચો બંધ છે. જગતભરમાં 'કોરોના' બીમારીના ભયે હાહાકાર મચાવ્યો છે.

### કોરોના વાયરસ શું છે અને તે શું કરે છે ?

કોરોના વાયરસ કેટલાયે વાયરસોનો સમૂહ છે જે કેટલાય જાનવરોમાં જોવા મળે છે. માણસોમાં આ વાયરસ શ્વાસ મારફતે પહોંચે છે જે જીવલેણ પણ બની જાય છે. આ વાયરસની અસરો સુવ્વર, બિલાડી, ચામાચિડિયા જેવા જાનવરોમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. સુક્ષ્મદર્શક યંત્ર વડે એનું પરીક્ષણ કરતાં આ વાયરસ નાના વર્તુળના રૂપમાં જોવા મળે છે. તેના કિનારાઓ પર બારીક બારીક કાંટાદાર ઉભાર જોવા મળે છે જેવી રીતે તાજ વગેરેના ઉપરના ભાગમાં હોય છે. રોમન લિપિમાં તાજને "ક્રાઉન" કહે છે એની નિસ્બતથી આ વાયરસનું નામ "કોરોના વાયરસ" પડી ગયું.

કોરોના વાયરસ શ્વાસની ઉપલી નળી પર હુમ્લો કરે છે જેના લીધે શ્વાસના પ્રવેશદ્વારની વ્યવસ્થા બગડે છે અને માણસ જીવલેણ ન્યૂમોનિયા તાવમાં સપડાય જાય છે. સામાન્યતઃ એનો શિકાર થનારને તાવ, શરદી, સરેખમ, શ્વાસ લેવામાં તકલીફ, નાક વહેવું અને ગળામાં ખરાશ જેવી તકલીફો થાય છે. જોત જોતામાં આ તકલીફો વધે છે અને પછી માણસના ફેફસામાં ઈન્ફેકશન ફેલાય જાય છે જેના કારણે માણસને શ્વાસ લેવામાં તકલીફ થવા માંડે છે. જો શરીરની પ્રતિકારક શક્તિ મંદ પડી જાય તથા બહારથી તેને જો કોઈ એન્ટી વાયરસ દવા કે વેકસીન ન મળે તો માણસ મૃત્યુ પામે છે. હજી સુધી આ બીમારીની કોઈ દવા તૈયાર નથી થઈ એટલા



www.barkatekhwaja.net

માટે ડોક્ટરો બીમારીની પ્રતિકારક શક્તિ તેમજ સામાન્ય દવાઓ પર જ સીમિત છે, જેના કારણે આ બીમારી હજી સુધી કા઼બૂમાં નથી આવી શકી.

## આ બીમારી ફેલાવાના સબબો અને તેનો ઈસ્લામી ઈલાજ

માનવજીવનને ટકાવી રાખવા માટે હવા, ખોરાક, પાણી એ અનિવાર્ય ચીજો છે. શુધ્ધ હવા તો કુદરતી રીતે વાતાવરણમાંથી જ મળી રહે છે. ખાવા પીવાની વ્યવસ્થા માનવી ખુદાની જમીન પરથી મેળવે છે. કોઈ શાકાહારી છે તો કોઈ માંસાહારી છે. દરેક પોતાની રીતે પેટની આગને ઠારે છે. અલ્લાહની વિવિધ નેઅમતોથી માનવી ફાયદો ઉઠાવતો રહે છે. પરંતું અલ્લાહ તઆલાએ આ વ્યવસ્થાને પાકીઝા, સ્વચ્છતાવાળી, તથા બીમારીથી મુક્ત રાખવા માટેનાં માપદંડો રાખેલાં છે જેથી માનવી તે જ ખોરાક ઉપયોગમાં લે જે પાકીઝા તથા તંદુરસ્તી માટે ફાયદાકારક હોય. કુર્આને કરીમ ફર્માવે છે :

يٰۤاَيُّهَا النَّاسُ كُلُوْا مِمَّا فِي الْاَرْضِ حَلٰلًا طَيِّبًا ۖ وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ۚ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿۱۶۸﴾

"હે લોકો ! ખાવ જે કાંઈ જમીનમાં હલાલ પાકીઝા છે અને શૈતાનના ડગલે ડગલુ ન માંડો, બેશક ! તે તમારો ઉઘાડો દુશ્મન છે." *(સૂ. બક઼રહ, ૨/૧૬૮)* ખાવામાં સામાન્ય રીતે બે ચીજો માંસ તથા જમીની પેદાવાર હોય છે. માંસમાં ભેંસ તથા તેની જાતિઓમાં જે આવે તે તથા બકરા, મુર્ગી, માછલી વગેરે. અને જમીનની પેદાવારમાં ઘઉં, ચાવલ, દાલ, શાકભાજીઓ તથા વિવિધ પ્રકારના ફળો વગેરે.

દરેક બુધ્ધિશાળી માણસ સ્વભાવિક રીતે સારી સાફ સ્વચ્છ ચીજો ખાવાનું પસંદ કરે છે. ગંદી તથા ખરાબ ચીજોને કોઈ પણ સમજદાર માણસ પસંદ નથી કરતો. જો કે જમીની પેદાવારમાંથી કોઈ સડેલી, વાસી, બગડેલી શાકભાજી કે અનાજ ખાવાનું પસંદ નથી કરતો, પણ આ જગતમાં માંસ ખાવા બાબતે ઘણા માનવો એની કાળજી નથી લેતા. મુસલમાનો જો કે માંસ ખાવા બાબતે જે જાનવરોને અલ્લાહ તઆલાએ તેમના માટે હલાલ કર્યાં છે અને જેનો ગોશ્ત માનવ તંદુરસ્તી માટે લાભદાયી દર્શાવ્યો છે તેને જ ખાય છે. પરંતું દુનિયાના અન્ય માણસો લાભ તથા નુકસાનની પરવા કર્યા વિના એવા જાનવરોના ગોશ્તને આરોગે છે જેનો ગોશ્ત માનવ તંદુરસ્તી માટે ખૂબ જ નુકસાન કર્તા હોય છે. આજનુ કહેવાતુ સભ્ય પ્રાણી (માનવ) દરેક તે જાનવરથી પોતાનો ખોરાક હાંસલ કરે છે જેને માંસ કહી શકાય, ભલે તે પછી શરીર માટે હાનિકારક કેમ ન હોય ! જેથી ક્યારેક ક્યારેક એનાથી એવી બીમારીઓ જન્મ લે છે જે સમગ્ર સમાજ માટે વબા બની જાય છે, અને જોત જોતામાં હજારો માનવોને ભરખી જાય છે.

આજે ચીનમાં જે શહેરમાં કોરોના વાયરસ ફેલાયો તે એ માર્કેટથી ફેલાયો છે જ્યાં હલાલ જાનવરો નહીં બલ્કે કૂતરાં, સુવ્વર, સાપ, વરૂ તથા ચામાચિડિયાં જેવાં ધૃણાસ્પદ જાનવરો વેચાય છે. પ્રગતિ પામેલ દેશના લોકો જેવી રીતે તદ્દન નાપાક સુવ્વર અને કૂતરાનો ગોશ્ત ખાય છે, તો નાશ્તામાં ચામાચિડિયાનો સુપ પીએ છે ! સાપ તથા મગરનો ગોશ્ત ખાય છે. કીડા, મકોડા, કાચબા, કાંચંડા સાપ સુધ્ધાંને ખાય જાય છે. આ સર્વ જાનવરો અતિશય ગંદા ધૃણાજનક હોય છે. જેના કારણે વરસ બે વરસે કોઈ ન કોઈ બીમારી જન્મ લે છે. ક્યારેક સ્વાઈન ફલુ, ક્યારેક બર્ડ ફલુ, ક્યારેક એબોલાનો વાયરસ જે હજારોના મૌતનો સબબ છે, જેમ કે આજકાલ કોરોના વાયરસનો હાલ છે.

Web.: www.barkatekhwaja.net

માનવોની સલામતી માટે જ રબ તઆલાએ હુકમ આપ્યો છે :–

إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيرِ "તેણે જ તમારા પર હરામ કર્યા છે મુરદાર (જાનવરો), લોહી તથા સુવ્વરનો ગોશ્ત." *(સૂ. બક્રહ, ૨/૧૭૩)*

હઝરત અબૂ ષઅલ્બા رضی اللہ عنہ રિવાયત કરે છે કે, "નબી કરીમ صلی اللہ علیہ وسلمએ અણીયાળા દાંતોવાળા દરેક ફાડી ખાનાર (જંગલી) જાનવરોને ખાવું મના કર્યું છે."

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ રિવાયત કરી કે, "રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અણીયારા દાંતોવાળા દરેક દરિન્દા (ફાડી ખાનાર જંગલી જાનવરો) અને પંજા વડે શિકાર કરનારાં પક્ષીઓને ખાવાથી મના કર્યું."

આ કોરોના વાયરસથી બચવા માટે ડોક્ટરોની સલાહ આ પ્રમાણે છે : **૧.** વાયરસનો સંબંધ શ્વાસ સાથે છે એટલા માટે એનાથી બચાવના માટે મોં તથા નાક પર માસ્ક પહેરે. **૨.** કામોથી ફારિગ થઈને સાબુ વડે હાથ ધૂએ. શરદી ઝુકામના બીમારોથી દૂર રહે. **૩.** ખાંસી ખાતી વખતે તથા છીંક વખતે મોં તથા નાક પર કપડુ રાખે. **૪.** જાનવરોથી દૂર રહે. ખાણુ ખાતા પહેલાં તથા પછીથી હાથો સારી રીતે ધૂએ. તો **અલ્હમ્દુલિલ્લાહ ! મુસલમાન પંજગાના નમાઝી તથા ખાતા પહેલાં તથા પછી તેમજ ઊંઘમાંથી ઉઠીને હાથ ધોવાની તથા છીંક વેળા મોઢુ રૂમાલથી ઢાંકવાની સુન્નત પર અમલ કરનારા માટે તો આ ચીજો રોજનીશીમાં સામેલ છે.** તે ઉપરાંત એવા બીમારને તથા અન્ય મુસીબતઝદાને જોઈને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એક દુઆ તાલીમ ફર્માવી છે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِي عَافَانِي مِمَّا ابْتَلَاكَ بِهٖ وَفَضَّلَنِي عَلٰى كَثِيرٍ مِّمَّنْ خَلَقَ تَفْضِيلًا "સર્વ તારીફ અલ્લાહના માટે છે જેણે મને આ મુસીબતથી બચાવ્યો જેમાં તને સપડાવ્યો. અને મને પોતાની ઘણી મખ્લૂક઼ાત પર ફઝીલત આપી. તો તે **જીવનભર એ બીમારી તથા મુસીબતથી મેહફૂઝ રહેશે.** *(તિર્મિઝી શરીફ, હદીષ–૩૪૩૧)*

સારાંશ કે ઈસ્લામી ઉસૂલો પ્રમાણે જો જીવન જીવવામાં આવે તો યક઼ીનન ! આવી મૂઝી બીમારીઓથી હમેશાં માટે બચી શકાય છે.

## આ બીમારીનો આટલો ડર અને જહન્નમની આગમાં ફેંકનાર બીમારીઓથી બેફિકર !

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! અમો એવું નથી કહેતા કે બીમારીઓની રક્ષા માટે આયોજનો ન કરવાં જોઈએ, જરૂર કરવાં જોઈએ. કેમ કે **જિંદગી અલ્લાહની એક નેઅમત છે** અને **અહીં જીવંત રહીને આપણે હમેશાંની જિંદગી એટલે કે આખેરતના માટે ખેતી કરવાની છે,** આખેરતમાં આરામ પામવા અહીં મહેનત કરીને, અલ્લાહ વ રસૂલના હુકમો પ્રમાણે જીવન જીવીને બંને જહાનમાં સુકૂનનો સામાન કરવાનો છે. જેથી ખાસ તો શારીરિક બીમારીઓની જોડે જોડે આપણે કુફ્રની બીમારી, શિર્કની બીમારી, ગુનાહોની બીમારી વગેરેથી ખૂબ જ દૂર ભાગતા રહેવાનું છે, જેવી રીતે આપણે કોરોનાથી ભાગીએ છીએ તેમ ! દરેક ઈન્સાને આ બીમારીઓથી બચવાનું છે, ખાસ કરીને મુસલમાને તો આ બીમારીઓથી ડરેલા ડરેલા રહેવાનું છે, અને એ જે સ્થળોએથી જે માધ્યમોથી લાગુ પડે તેનાથી સદંતર દૂર રહેવાનું છે. અને જ્યાં રહીને એનાથી બચી શકાય એવા સ્થળો, એવી વ્યક્તિઓ, એવા સાહિત્યોથી લગાવ રાખીને જીવવાનું છે.

**કુફ્ર તથા શિર્કનો વાયરસ** : એ ઘણી જ ખતરનાક બીમારી છે, જે એમાં સપડાયેલો રહે છે તેનો

Web. www.barkatekhwaja.net

અંજામ હમેશાંની જહન્નમ છે. રબ ફર્માવે છે કે : اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ''બેશક ! અલ્લાહ عزوجل બખ્શતો નથી કે તેનો કોઈ શરીક (ભાગીદાર) ઠરાવવામાં આવે, અને બખ્શી આપે છે તેનાથી ઉતરતા ગુનાહોને.'' *(સૂ. નિસાઅ, પારા–૫, આ. ૪૮)* મુસલમાન જાણે છે કે અલ્લાહ સિવાય અન્યને ઈબાદતને લાયક, પૂજનીય, પૂજ્ય સમજવું, કોઈને તેની ઝાતમાં કે સિફાતમાં તેનો ભાગીદાર ઠરાવવું વગેરે શિર્ક છે, તેમજ ખુદાનો ઈન્કાર કરવો અથવા ખુદા વ રસૂલની શાનમાં બેઅદબી કરવી, તેમજ જરૂરિયાતે દીનમાંથી કોઈ ચીજનો ઈન્કાર કુફ્ર છે. છતાં કેટલાય કહેવાતા મુસલમાન જોવા મળે છે જેઓ ગૈરોના ધાર્મિક પ્રસંગોમાં પહોંચી કુફ્રી કામો કરતા જોવા મળે છે. કહેવાતા લીડરો બલ્કે કહેવાતા સૂફી સંત પણ ઘંટ વગાડવા મંડી પડે છે ! સારાંશ કે જેવી રીતે **કોરોના જેવી બીમારીઓ કે જે વધુમાં વધુ માણસનો જીવ લઈ શકે છે કે જે એક ન એક દિવસ નક્કી જવાનો જ છે. પણ ઈમાન જો જતુ રહેશે અને તૌબા વિના મૃત્યુ પામે તો ત્યાં હમેશાંની જહન્નમ સિવાય કોઈ જ ચારો નથી.** ભલે પછી એવા લોકો લાખ ઈબાદતો કર્યા કરે અને પોતાને સૂફી સંત હોવાના ડંકા વગાડતા ફરે. તો જેવો ''કોરોના''નો ભય છે તેનાથી અનેક ઘણો ઈમાન ન ગુમાવાય તેના વિશે ડર હોવો જોઈએ, એની રક્ષાનો પ્રબંધ થવો જોઈએ, પણ અફસોસ ! એવું થતું નથી જોવા મળતું. **ગુસ્તાખે રસૂલ સાથે ઉઠક બેઠક, દોસ્તી સગાઈ, શાદી વગેરે ઈમાન માટે ભયજનક છે, જે રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે,** છતાં લોકો નચિંત છે ! આ વાયરસે કેટલાયને બદ્અક઼ીદા બનાવી દીધા, છતાં આ વાયરસે કેટલાયને બદ્અક઼ીદા બનાવી દીધા, છતાં કુફ્રના વાયરસની બીક ભાગ્યે જ જોવા મળે છે. આમ લોકો દ્વારા ''કોરોના'' વિશે સાંભળી માનવી ડરી જાય છે, પણ અલ્લાહ વ રસૂલનાં ફર્માનોથી તથા ચેતવણીઓથી બેપરવા છે. ઈલ્લા માશા અલ્લાહ !

**ગુનાહોનો વાયરસ** : આજે લોકો વિવિધ પ્રકારના ગુનાહો જાહેરમાં કે છુપી રીતે કરતા જોવા મળે છે. ગુનાહખોરીનો વાયરસ આમ થઈ રહ્યો છે. ઘમંડ, કોઈના પર જુલ્મ કરવું, નમાઝ–રોઝા વગેરે છોડવું, ઘમંડ, કોઈના પર જુલ્મ કરવું, નમાઝ–રોઝા વગેરે છોડવું, જૂઠ, ચોરી, બદનઝરી, બળાત્કાર, ઝિનાખોરી, ગીબત, નાહક ખૂના મરકી, હરામખોરી, વ્યાજખોરી, કોઈનો માલ કે જમીન પચાવી પાડવું, અમાનતોમાં ખયાનત, સર્વ ગુનાહોની બદી વાયરસની જેમ આમ થઈ રહી છે, છતાં લોકો ચિંતિત થવાને બદલે એનાથી બેપરવા છે. ઈલ્લા માશા અલ્લાહ !

સૌ લોકોને છોડીએ કે જેઓ અલ્લાહ વ રસૂલ પર ઈમાન જ નથી ધરાવતા, પણ જેઓ પોતાને મુસલમાન કહે છે તેમને **આ ગુનાહોની બદીના વાયરસોથી બચવા માટે ''પૂરુ કુર્આન'' અલ્લાહે ચેતવણીઓના આદેશો સાથે ઉતાર્યું છે** તેમજ તેના પ્યારા રસૂલ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ **અનેક હદીષો ગુનાહોના ભયાનક અંજામોમાં વર્ણન કરી** જેનાથી બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, મિશ્કાત...વગેરે અનેક હદીષોની કિતાબો ગુનાહોની સજાની ચેતવણીઓથી ભરેલી છે, છતાં પોતાને ઈમાનવાળા કહેનાર બંદાઓ રોજ બરોજ ગુનાહોના વાયરસોમાં અધિકથી અધિક સપડાતા જઈ રહ્યા છે !

ભાઈઓ ! ખરેખર 'કોરોના' વાયરસ ખરેખર અતિ ભયંકર છે, અમારી દુઆ છે કે અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આ અને આવા ભયાનક બીમારીઓના વાયરસથી તમામ માનવ જાતને બચાવે. પણ આ બીમારીથી જાનથી આગળ કાંઈ જશે નહીં, જે આ દુનિયામાં આપણુ અસ્તિત્વ ખત્મ કરી દેશે. પણ **ઈમાન નહીં**

**હોય તો આખેરતની હમેશાંની જિંદગીમાં જહન્નમમાં સદા માટે સળગવું પડશે જેનાથી બચવાનો કોઈ જ ઉપાય નથી,** એના પર તો દરેક મુસલમાનનું ઈમાન છે જ, પછી શા માટે ઈમાનની પરવા નથી કરતા ?!

તેમજ ઈમાન બચાવ્યું હશે પણ જો ગુનાહોમાં જીવન જશે તો ત્યાં ગુનાહોના બદલામાં જહન્નમનો અઝાબ વેઠવો પડશે તો આપણુ આ નાઝુક શરીર એક ચિન્ગારીથી તડપી ઉઠે છે તે જહન્નમની આગને કેવી રીતે સહન કરશે. માટે દુનિયાની તકલીફોની સાથોસાથ, બલ્કે એનાથી વિશેષ જહન્નમની આગની પણ ચિંતા કરતા રહો અને ગુનાહોને ત્યજી તૌબા કરી નેક જીવન અપનાવવા કોશિશ કરો.

## CAA, NPR, NRCનો ભય

એ જ પ્રમાણે વર્તમાન ગવર્નમેન્ટ થકી રજૂ થનારા **CAA, NPR, NRC**નો પણ એક ભય લોકોમાં ફેલાય રહ્યો છે. અને સમગ્ર કાયદાઓમાં દેશભરના મુસલમાનોને જાણે એક સાઈડ કરવામાં આવનાર છે અને છેવટે ''ડિટેન્શન સેન્ટરો''માં મોકલી દેવામાં આવશે અને આસામના 'ડિટેન્શન સેન્ટરો'ના બુરા હાલાતને વર્ણવવામાં આવે છે કે ત્યાં આવી કપરી હાલતમાં કેટલાક મૃત્યુ પણ પામ્યા. એક ભય હેઠળ લોકો પોતાનું નાગરિકત્વ સાબિત કરવાની ફિકરમાં શક્ય તે રીતે ડોક્યૂમેન્ટ જમા કરવા મથી રહ્યા છે. વરસોથી બાપદાદાઓના સમયથી ભારતમાં જન્મેલા, ભારતમાં રહેતા, ભારતમાં વરસોથી નાગરિક તરીકે વસીને ઈલેકશનોમાં મતો આપતા રહ્યા, દેશની આઝાદીમાં ભાગીદાર રહ્યા, દેશના વિકાસમાં ભાગીદાર રહ્યા, એ જ નાગરિકોને હવે તેમનું નાગરિકત્વ સાબિત કરવાનુ કહેવામાં આવે તો એ ઈન્સાફથી પર જણાય છે. ખૈર ! એ અમારી ચર્ચાનો વિષય નથી. પણ અમારું મુસલમાનોને એ કહેવું છે કે ''ડિટેન્શન સેન્ટર''નો ભય તમને કોરી ખાય છે, અને સ્વભાવિક છે કે ચિંતા દરેકને થાય. પણ તમારું ઈમાન તો આખેરત પર છે, તો અહીંના ''ડિટેન્શન સેન્ટર'' કરતાંય જહન્નમ તો અનેક ગણી ભયાનક તકલીફો, મુસીબતો અને આપત્તિઓનું ઘર છે એના માટે તમે શું તૈયારી કરી છે એ તમારા દિલને પૂછો !

મુસલમાન માટે આખેરત મુખ્ય અને દુનિયા ગૌણ ચીજ છે, એને ગમે ત્યારે શ્વાસ અટકે ને છોડવાની છે. આના પર ઈમાન છતાં આપણે પણ ગૈરો જેમ આખેરતથી બેપરવા રહીએ તો તેમનામાં અને આપણમાં ફરક શું ?! રબ્બે કરીમ દુનિયા તથા આખેરત બંનેવની મુસીબતોથી બચવાનો સામાન કરવાની સૌને તૌફીક આપે અને બંનેવ જહાનની મુસીબતોથી મુસલમાનોની હિફાઝત ફર્માવે. (આમીન)


શું આપ શાદી અંગે વિચારી રહ્યા છો ?

સુન્ની મુસ્લિમ મેરેજ બ્યુરો

www.sunnimuslimshaadi.com

ઓનલાઇન મેરેજ બ્યુરોના ફાયદા

- ઘણીબધી પસંદગીની તક
- ટાઇમ, ટુરીંગ, પૈસાની બચત
- છોકરી પક્ષવાળા પણ માંગુ નાખી શકે છે.
- વાર્ષિક ફી રૂા. ૧૫૦૦/-

કસ્ટમર કેર :-
૦૦૯૧ ૨૮૫ ૨૬૫૩૦૪૮
૦૦૯૧ ૯૫૫૮૦ ૨૩૩૭૭
ટાઇમ : સાંજે ૬ થી ૮
રવિવારે બંધ

સુચના : અમારી વેબસાઇટ ફક્ત પાત્રની માહિતી આપે છે, બન્ને પક્ષોએ બધી જાતની તપાસ પોતાની રીતે કરી લેવી.


Web : www.barkatekhwaja.net

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.**

يٰۤاَيُّهَا الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اٰمِنُوْا بِمَا نَزَّلْنَا مُصَدِّقًا لِّمَا
مَعَكُمْ مِّنْ قَبْلِ اَنْ نَّطْمِسَ وُجُوْهًا فَنَرُدَّهَا عَلٰۤى اَدْبَارِهَاۤ
اَوْ نَلْعَنَهُمْ كَمَا لَعَنَّاۤ اَصْحٰبَ السَّبْتِؕ وَ كَانَ اَمْرُ اللّٰهِ
مَفْعُوْلًا ﴿٤٧﴾ اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَ يَغْفِرُ مَا دُوْنَ
ذٰلِكَ لِمَنْ يَّشَآءُۚ وَ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدِ افْتَرٰۤى اِثْمًا
عَظِيْمًا ﴿٤٨﴾ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يُزَكُّوْنَ اَنْفُسَهُمْؕ بَلِ اللّٰهُ
يُزَكِّيْ مَنْ يَّشَآءُ وَ لَا يُظْلَمُوْنَ فَتِيْلًا ﴿٤٩﴾ اُنْظُرْ كَيْفَ
يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَؕ وَ كَفٰى بِهٖۤ اِثْمًا مُّبِيْنًا ﴿٥٠﴾ اَلَمْ
تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يُؤْمِنُوْنَ
بِالْجِبْتِ وَ الطَّاغُوْتِ وَ يَقُوْلُوْنَ لِلَّذِيْنَ كَفَرُوْا هٰۤؤُلَآءِ
اَهْدٰى مِنَ الَّذِيْنَ اٰمَنُوْا سَبِيْلًا ﴿٥١﴾ اُولٰٓىِٕكَ الَّذِيْنَ
لَعَنَهُمُ اللّٰهُؕ وَ مَنْ يَّلْعَنِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ نَصِيْرًا ﴿٥٢﴾ اَمْ
لَهُمْ نَصِيْبٌ مِّنَ الْمُلْكِ فَاِذًا لَّا يُؤْتُوْنَ النَّاسَ نَقِيْرًا ﴿٥٣﴾

## સૂરએ નિસાઅ્ની તફસીર

હે કિતાબવાળાઓ ! તેના પર ઈમાન લાવો જે અમે ઉતાર્યું. તમારી સાથેની કિતાબ[૭૫] ની સત્યતા જાહેર કરતું. એ પહેલાં કે અમે અમુક મોઢાંઓને બગાડી નાખીએ,[૭૬] તો તેમને તેમની પીઠો તરફ ફેરવી કાઢીએ, અથવા તેમના પર લઅનત કરીએ, જેવી શનિવારવાળાઓ પર લઅનત કરી.[૭૭] અને ખુદાનો હુકમ થઈને રહે (છે) (૪૭) બેશક ! અલ્લાહ એને માફ નથી કરતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે, અને કુફ્રની નીચે જે કંઈ છે (તેમાં) જેને ઈચ્છે (તેને) માફ ફર્માવી દે છે.[૭૮] અને જેણે ખુદાનો ભાગીદાર ઠેરવ્યો તેણે મહાન ગુનાહનું તોફાન બાંધ્યું (૪૮) શું તમે તેમને ન જોયા જેઓ પોતે પોતાની પવિત્રતા વર્ણવે છે.[૭૯] બલ્કે અલ્લાહ જેને ઈચ્છે (તેને) પવિત્ર કરે. અને નહીં જુલ્મ થાય તેમના પર ખારેકના ગાભા જેટલો (પણ)[૮૦] (૪૯) જુઓ ! અલ્લાહ પર કેવું જૂઠ ઠોકી બેસાડી રહ્યા છે.[૮૧] અને આ સ્પષ્ટ ગુન્હો (સજા માટે) પૂરતો છે (૫૦) શું તમે તેમને ન જોયા ? જેમને કિતાબનો એક ભાગ પ્રાપ્ત થયો, (તેઓ) ઈમાન લાવે છે મૂર્તિ અને શયતાન પર, અને કાફિરોને કહે છે કે

*તેઓ મુસલમાનો કરતાં વધુ માર્ગ પર છે (૫૧) આ છે જેમના પર અલ્લાહે લઅનત કરી. અને જેના પર ખુદા લઅનત કરે, તમે કદાપિ તેનો કોઈ યાર જોશો નહીં[૮૨] (૫૨) શું રાજ્યમાં તેમનો કંઈ ભાગ છે ?[૮૩] (જો) એવું હોય તો લોકોને તલપુર (જગ્યા) ન આપે (૫૩) અથવા લોકોની અદેખાઈ કરે છે,[૮૪] તેના પર જે અલ્લાહે તેમને પોતાની કૃપાથી આપ્યું[૮૫] તો અમે તો ઈબ્રાહીમની ઔલાદને કિતાબ અને હિકમત આપી, અને તેમને મહાન રાજ્ય આપ્યું[૮૬] (૫૪) તો એમનામાં કોઈ તેના પર ઈમાન લાવ્યો,[૮૭] (અને કોઈએ એનાથી મોઢું ફેરવ્યું,[૮૮] અને દોઝખ (જે) ભડકતો અગ્નિ (છે તે) પૂરતી છે[૮૯] (૫૫) જેમણે અમારી આયતોનો ઈન્કાર કર્યો, નજીકમાં જ અમે તેમને આગમાં દાખલ કરીશું. જ્યારે કદી તેમની ચામડીઓ પાકી ઉઠશે, અમે તેના સિવાય બીજી ચામડીઓ તેમને બદલી આપીશું, કે (જેથી) અઝાબનો આસ્વાદ માણે. બેશક ! અલ્લાહ ચઢીયાતો, હિકમતવાળો છે (૫૬) અને જે લોકો ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં, નજીકમાં જ અમે તેમને બગીચાઓમાં લઈ જઈશું, જેમની નીચે નહેરો વહે. તેમાં હંમેશા રહેશે, અને તેમના માટે ત્યાં સ્વચ્છ પત્નીઓ છે,[૯૦] અને અમે તેમને ત્યાં પ્રવેશ આપીશું જ્યાં છાંયડો જ છાંયડો હશે[૯૧] (૫૭)*

**૭૫** : તૌરાત.

**૭૬** : આંખ, નાક, ભવાં વગેરેનો નક્શો ભૂંસી નાખીને.

**૭૭** : આ બંને વાતોમાંથી એક અનિવાર્ય છે. અને લઅનત તો એમના પર એવી પડી કે દુનિયા એમને મલઊન કહે છે. અહીં તફસીરવેત્તાઓનાં અમુક

اَمْ یَحْسُدُوْنَ النَّاسَ عَلٰی مَاۤ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۚ فَقَدْ اٰتَیْنَاۤ اٰلَ اِبْرٰهِیْمَ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ اٰتَیْنٰهُمْ مُّلْكًا عَظِیْمًا ۝ فَمِنْهُمْ مَّنْ اٰمَنَ بِهٖ وَ مِنْهُمْ مَّنْ صَدَّ عَنْهُ ؕ وَ كَفٰی بِجَهَنَّمَ سَعِیْرًا ۝ اِنَّ الَّذِیْنَ كَفَرُوْا بِاٰیٰتِنَا سَوْفَ نُصْلِیْهِمْ نَارًا ؕ كُلَّمَا نَضِجَتْ جُلُوْدُهُمْ بَدَّلْنٰهُمْ جُلُوْدًا غَیْرَهَا لِیَذُوْقُوا الْعَذَابَ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَزِیْزًا حَكِیْمًا ۝ وَ الَّذِیْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِیْنَ فِیْهَاۤ اَبَدًا ؕ لَهُمْ فِیْهَاۤ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ ؗ وَّ نُدْخِلُهُمْ ظِلًّا ظَلِیْلًا ۝

કથનો છે; કેટલાક આ વઈદ (સજાની ખબર)ને દુનિયામાં લાગુ પડવાનું માને છે, કેટલાક આખિરતમાં અમુક કહે છે કે લઅનત થઈ ચૂકી અને વઈદ લાગુ થઈ ગઈ અને અમુક કહે છે કે હજી ઈન્તિઝાર છે. વળી અમુક કહે છે કે આ વઈદ એવી હાલતમાં હતી જ્યારે યહૂદીઓમાંથી કોઈ ઈમાન લાવ્યું ન હોત. પણ ઘણા યહૂદીઓ ઈમાન લાવ્યા એટલા માટે, શરત અસ્તિત્વમાં ન રહી, અને વઈદ ઉઠી ગઈ.

હઝરત અબ્દુલ્લાહ બિન સલામે જે યહૂદીઓના મહાન આલિમોમાંથી છે, સિરીયાથી પરત થતાં માર્ગમાં આ આયત સાંભળી, અને પોતાના ઘરે પહોંચતાં પહેલાં ઈસ્લામ સ્વીકારી સૈયદે આલમ ﷺની સેવામાં હાજર થયા, અને કહ્યું, ''યા રસૂલલ્લાહ ! હું ધારતો ન હતો કે હું મારું મોઢું પીઠ તરફ ફરી જતાં પહેલાં, અને મોઢાનો નક્શો ભૂંસાઈ જતા અગાઉ આપની સેવામાં હાજર થઈ શકીશ.'' અર્થાત એવી બ્હીકે તેમણે ઈમાન લાવવામાં ઉતાવળ કરી, કારણ કે તોરાત શરીફથી તેમને આપના બરહક્ક રસૂલ હોવાનું નિઃશંક જ્ઞાન હતું.

એવી જ રીતે હઝરત કઅબ અહબારે, જે યહૂદી આલિમોમાં મોટો મોભો ધરાવતા હતા, તેઓ હઝરત ઉમર رضی اللہ عنہ પાસેથી આ આયત સાંભળીને મુસલમાન થઈ ગયા.

૭૮ : અર્થ એ છે કે કુફ્ર પર મૃત્યુ પામે તેની માફી નથી, તેના માટે અનંત અઝાબ છે. અને જેણે કુફ્ર ન કર્યું હોય, ભલે પછી તે કેટલો મોટો ગુનેહગાર, કબીરા ગુનાહ કરનાર હોય, અને તૌબા વગર પણ મરણ પામે, તો તેના માટે (અઝાબની) હમેશગી નથી, અલ્લાહની ઈચ્છા પર આધારિત છે, ઈચ્છે તો માફ કરી દે, અથવા તેના ગુનાહો બદલ અઝાબ કરે, પછી પોતાની રહમતથી જન્નતમાં દાખલ કરે.

૭૯ : આ આયત યહૂદીઓ અને નસરાનીઓ વિશે ઉતરી, જેઓ પોતાને અલ્લાહના પુત્રો અને તેના પ્રિય બતાવતા હતા, અને કહેતા કે યહૂદ અને નસારા સિવાય અન્ય કોઈ જન્નતમાં નહીં જાય. આ આયતમાં દર્શાવાયું કે માણસનું દીનદારી, ભલાઈ, તકવા, અને ખુદાની નજીકીનું દાવેદાર હોવું અને પોતાના મોઢે પોતાના વખાણ કરવાનું કામ નથી આવતું.

૮૦ : અર્થાત રજ માત્ર પણ જુલ્મ નહીં થાય, તેટલી જ સજા થશે જેટલીના તેઓ લાયક હશે.

૮૧ : પોતાને નિર્દોષ અને ખુદાના પ્રિય જાહેર કરીને.

૮૨ **શાને નુઝૂલ** : આ આયત કઅબ બિન અશરફ વગેરે યહૂદી આલિમો બાબત ઉતરી, જેઓ ૭૦ અસ્વાર લઈને કુરેશ પાસે સૈયદે આલમ ﷺ વિરૂધ્ધ યુદ્ધના કરાર કરવા ગયા. કુરેશીઓએ કહ્યું કે તમે 'કિતાબી' છો, એટલે સૈયદે આલમથી (ધાર્મિક રીતે) વધારે નજીક છો, તો પછી અમે કેવી રીતે માની લઈએ કે તમે અમારી સાથે ભળવા ઈચ્છો છો તેમાં ફરેબ નથી ? જો અમને સંતુષ્ટ કરવા માગતા હોઉ તો અમારી મૂર્તિઓને સિજદો કરો, ત્યારે તેમણે શયતાનના પગલે ચાલીને મૂર્તિઓને સિજદો કર્યો, પછી અબૂ સુફિયાને પૂછયું કે અમે સાચા માર્ગ પર છીએ કે મુહમ્મદ ? ﷺ કઅબ બિન અશરફ કહ્યું કે તમે જ સીધા માર્ગે છો, ત્યારે આ આયત ઉતરી. અલ્લાહ તઆલાએ તેમના પર લાઅનત કરી કે તેમણ હુઝૂરની અદાવતમાં મુશ્રિકોની મૂર્તિઓ સુધ્ધાંની પૂજા કરી.

૮૩ : યહૂદીઓ કહેતા હતા કે રાજય અને નુબુવ્વતના અમે વધારે હકદાર છીએ, પછી અમે અરબોના પગલે કેવી રીતે ચાલીએ ? અલ્લાહ તઆલાએ તેમના એ દાવાને જૂઠો ઠરાવ્યો, કે રાજયમાં તેમનો હિસ્સો જ શું છે ? અને જો માની લઈએ કે કંઈક છે તો એમની બખીલાઈ એ પ્રકારની છે કે,

૮૪ : નબી ﷺ અને ઈમાનવાળાઓની.

૮૫ : નબુવ્વત અને મદદ, ચઢીયાતાપણુ અને ઈજ્જત વિગેરે નેઅમતો.

૮૬ : જેમ કે હઝરત યૂસુફ, હઝરત દાઉદ, હઝરત સુલૈમાન علیہم السلام ને. તો પછી પોતાના હબીબ ﷺ પર કૃપા કરે, તો તેનાથી કેમ બળો છો, અને હસદ કરો છો ?

૮૭ : જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો સૈયદે આલમ ﷺ પર ઈમાન લાવ્યા.

૮૮ : અને ઈમાનથી વંચિત રહ્યો.

૮૯ : તેના માટે જે સૈયદે આલમ ﷺ પર ઈમાન ન લાવે.

૯૦ : જેઓ દરેક નાપાકી, ગંદકી અને ધૃણાજનક વસ્તુથી રહિત છે.

૯૧ : અર્થાત જન્નતનો છાંયડો, જેની રાહત અને આરામ સમજશક્તિની પહોંચ અને વર્ણનની હદોથી બહાર છે.

Web: www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, સાત શખ્સો તે છે જેમને અલ્લાહ તઆલા એ દિવસે પોતાના સાયામાં રાખશે[૧] જ્યારે તેના સિવાય કોઈ સાયો હશે નહીં. આદિલ બાદશાહ[૨], તે જવાન જે અલ્લાહની ઈબાદતમાં જવાની ગુજારે[૩] તે શખ્સ જેનું દિલ જ્યારથી કે મસ્જિદથી નીકળે મસ્જિદમાં લાગેલુ રહે, ત્યાં સુધી કે મસ્જિદમાં પરત આવે[૪] તે બે શખ્સો જેઓ અલ્લાહના માટે મહોબ્બત કરે, ભેગા થાય તો એ જ મહોબ્બત પર અને જુદા થાય તો એના પર[૫] અને તે શખ્સ જે એકાંતમાં અલ્લાહને યાદ કરે તો તેની આંખો વહે[૬] અને તે શખ્સ જેને ખાનદાની હસીન સ્ત્રી બોલાવે, તે કહે હું અલ્લાહથી ડરું છું[૭] અને તે શખ્સ જે છુપાયને ખયરાત કરે ત્યાં સુધી કે તેનો ડાબો હાથ ન જાણે કે જમણો હાથ શું આપી રહ્યો છે.[૮] (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે પોતાની રહમતના સાયામાં અથવા અર્શે આ'ઝમના સાયામાં જેથી કરીને કયામતના તડકાથી મેહફૂઝ રહે.

**૨.** એટલે કે તે મો'મિન બાદશાહ તથા હાકિમો જેઓ પ્રજામાં ન્યાય કરે છે. કેમ કે દુનિયા એમના સાયામાં રહેતી હતી જેથી તેઓ કયામતમાં રબ તઆલાના સાયામાં રહેશે. તેઓ આ સર્વેથી અફઝલ છે જેથી એમનો ઉલ્લેખ સર્વ પ્રથમ થયો. આદિલ હાકિમો પણ આ બશારતમાં સામેલ છે.

**૩.** એટલે કે યુવાનીમાં ગુનાહોથી બચે અને રબને યાદ રાખે. કેમ કે યુવાનીમાં અંગો મજબૂત અને નફસ ગુનાહો પ્રતિ વળે છે, એટલા માટે એ જમાનાની ઈબાદત ઘડપણની ઈબાદતથી અફઝલ છે.

***દર જવાની તૌબા કરદન સુન્નતે પયગંબરી અસ્ત, વક્તે પીરી ગરગે ઝાલિમ મી શવદ પરહેઝગાર***

***અર્થ :*** *જવાનીમાં તૌબા કરવી નબીઓની સુન્નત છે, ઘડપણમાં તો જુલ્મ કરનાર વરુ પણ પરહેઝગાર બની જાય છે.*

**૪.** સૂફીઓ ફર્માવે છે કે મો'મિન મસ્જિદમાં એવો હોય છે જેમ કે માછલી પાણીમાં, અને મુનાફિક એવો જાણે પક્ષી પિંજરામાં. એટલા માટે નમાઝ પછી વિના કારણે તરત જ મસ્જિદથી ભાગી જવું સારું નથી. ખુદા તૌફીક આપે તો મસ્જિદમાં પહેલા આવો અને બાદમાં જાવ. અને જ્યારે બહાર હોવ તો કાન અઝાનની તરફ લાગેલા રહે કે ક્યારે અઝાન થાય અને મસ્જિદે પહોંચીએ.

**૫.** કે જેની મહોબ્બતથી રબ રાજી થાય તેનાથી મહોબ્બત કરો અને જેની નફરતથી રબ રાજી થાય તેનાથી નફરત કરો. બેદીન તથા બદઅમલ ઔલાદથી નફરત, મુત્તકી અજનબીથી મહોબ્બત ઈબાદત છે. (શેઅર) :

***હઝાર ખ્વેશ કે બેગાના અઝ ખુદા બાશદ-ફિદાએ યક તને બૈગાના કે આશના બાશદ***

***અર્થ :*** *લાખ ઓળખીતો હોય પરંતુ અલ્લાહથી બૈગાનો (દૂર) હોય તો એવા બેગાના પર કુર્બાન જે અલ્લાહને ઓળખતો હોય (અલ્લાહથી નજીક હોય).*

એ જ પ્રમાણે ગાઢ મિત્રની બદઅકીદગી પર વાકેફ થઈને એનાથી અલગ થઈ જવું અને જાની દુશ્મનના તક્વા

પર ખબરદાર થઈને તેનો દોસ્ત બની જવું બેહતરીન અમલ છે.

**૬.** એટલે કે ખૌફે ખુદા અથવા ઈશ્કે જનાબે મુસ્તફા ﷺમાં રડે. એકાંતની શરત એટલા માટે લગાડી કે સૌની સામે રડવામાં રિયાનો અંદેશો છે.

**૭.** એટલે ખુદ એવી સ્ત્રી તેની સાથે દુષ્કર્મની ઈચ્છા પ્રદર્શિત કરે અને તે આ નાઝુક સમયે કેવળ ખુદાના ડરને કારણે બચી જાય, એ ઘણુ મુશ્કેલ છે. એટલા માટે રબ તઆલાએ યૂસુફ عليه السلامના મુબારક કાર્યની પ્રશંસા કુર્આનમાં કરી. અલ્લાહ નસીબ કરે. યાદ રાખશો કે આવા નાઝુક પ્રસંગે સ્ત્રીને આવું કહી દેવું રિયા નથી, તબ્લીગ છે. એટલે કે હું રબ તઆલાથી ડરુ છું અને તું પણ ડર.

**૮.** અહીં નફલી સદકો મુરાદ છે. ફર્ઝ સદકો અને ચંદાના સમયે નફલ સદકો જાહેરમાં આપવો મુસ્તહબ છે. જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી : اِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِیَ

*તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પુરૂષની બાજમાઅત નમાઝ તેના ઘર અથવા બજારની નમાઝ કરતાં ૨૫ ગણી વધારે સવાબ ધરાવે છે[૧] અને તે એટલા માટે છે કે જ્યારે તે વુઝૂ કરે તો સારી રીતે કરે પછી મસ્જિદની તરફ ચાલે[૨] સિવાય નમાઝ કોઈ ચીજ પણ તેને ન લઈ જાય, તો જે કદમ પણ રાખશે તેના પર તેનો એક દરજો બુલંદ થશે અને એક ગુનોહ માફ થશે[૩] પછી જ્યારે નમાઝ પઢશે તો જ્યાં સુધી પોતાની નમાઝની જગાએ રહેશે ત્યાં સુધી ફરિશ્તા તેને દુઆઓ આપતા રહેશે, હે અલ્લાહ ! એને બખ્શી આપ ! ખુદાયા ! એના પર રહમ કર ![૪] અને જ્યાં સુધી તમારામાંનો કોઈ નમાઝની રાહ જુએ છે ત્યાં સુધી નમાઝમાં જ રહે છે. એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, જ્યારે મસ્જિદમાં ઘુસે છે નમાઝ જ તેને રોકે છે[૫] અને ફરિશ્તાઓની દુઆમાં આટલો વધારો છે કે, ઈલાહી ! એને બખ્શી આપ ! ઈલાહી ! એની તૌબા કબૂલ ફર્માવ જ્યાં સુધી કે ત્યાં તે ઈજા ન પહોંચાડે અને વુઝૂ ન તોડે[૬]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** અહીં બજારથી મુરાદ દુકાન છે ન કે બજારની મસ્જિદ. અમુક મસ્જિદમાં ૨૫ ગણો સવાબ છે, અમુકમાં ૨૭ ગણો, અમુકમાં ૫૦૦ ગણો. જેવી મસ્જિદ હોય જેવી જમાઅત, જેવો ઈમામ તેવો સવાબ. જેથી હદીષોમાં કોઈ ટકરાવ નથી. જે કોઈ પોતાના ઘરમાં જમાઅત કરાવી લે, તે પણ મસ્જિદના સવાબથી મેહરૂમ છે.

**૨.** માલૂમ થયું કે ઘરેથી વુઝૂ કરીને મસ્જિદે જવું સવાબ છે. કેમ કે આ ચાલવું ઈબાદત છે, અને ઈબાદત બાવુઝૂ અફઝલ છે. અમુક લોકો બીમારની ખબર લેવા બાવુઝૂ જાય છે.

**૩.** આ ગુનેહગારોના માટે છે, નેકોકારો માટે દરેક કદમ પર બે નેકીઓ અને બે દરજા બુલંદ થાય છે, કેમ કે જે ચીજથી ગુનેહગારોના ગુનાહ માફ થાય છે એનાથી બેગુનાહોના દરજા વધે છે.

**૪.** લગભગ અહીં સલાતથી મુરાદ આખેરતની રહમત છે અને રહમથી મુરાદ દુનિયવી રહમત છે, અથવા સલાતથી મુરાદ ખાસ રહમત છે અને રહમથી મુરાદ આમ રહમત છે, અન્ય ઘણા ખુલાસા થઈ શકે છે.

**૫.** એટલે કે નમાઝની રાહ જોવા સિવાય અન્ય કોઈ કારણે મસ્જિદમાં નથી બેસતો, જાણે નમાઝમાં જ રહે છે. એટલા માટે એ વખતે આંગળીઓને એકબીજામાં પરોવવી મના છે.

**૬.** એટલે કે ફરિશ્તાઓની આ દુઆ એ સમય સુધી મળશે જ્યાં સુધી તે કોઈ નમાઝીને સતાવે નહીં અને ત્યાં વા ન સારે. યાદ રાખશો કે એતેકાફ વગરનાએ મસ્જિદ વા સેરવવી મના છે, મોઅતકિફ કેમ કે મસ્જિદમાં જ રહે છે એટલા માટે એને માફ છે.

Web: www.barkatekhwaja.net

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## દુશ્મને અહમદ પે શિદ્દત કીજિએ–મુલ્હિદોં કી કયા મુરવ્વત કીજિએ

*(શિદ્દત = સખ્તી, કડકાઈ, મુલ્હિદ = બેદીન, મુરવ્વત = લેહાઝ)*

**અર્થાત :** [(يَآ اَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَ الْمُنٰفِقِيْنَ وَ اغْلُظْ عَلَيْهِمْ) ના (તર્જુમો : "હે ગયબની ખબર આપનાર (નબી) જેહાદ કરો કાફિરો તથા મુનાફિકો પર, અને તેમના પર સખ્તી કરો."–*સૂરએ તૌબા, ૯/૧૭૩)* ખુદા તઆલાના હુકમ પ્રમાણે)] હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના દુશ્મન પર ખૂબ સખ્તી કરો અને બેદીન લોકોની સાથે જરા પણ રિઆયત (લેહાઝ) ન કરો. એ તમામ લોકો જેઓ હુઝૂર ﷺની સાથે દુશ્મનાવટભર્યો વહેવાર રાખે છે. દા.ત. એવુ કહે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે, હુઝૂર ﷺ પછી નબી થઈ શકે છે, હુઝૂરને પીઠ પાછળની, દીવાલ પાછળની ખબર નથી....વગેરે અથવા આપના સહાબાએ કિરામ અને અહલે બયતે એઝામની સાથે અદાવત રાખે અને હિંદુઓની હોળી, દીવાળીની પૂરી પકોડી, મીઠાઈ ખાવી જાઈઝ અને ઈમામ હુસૈનના નામની સબીલનું શરબત તથા પાણી હરામ તથા નાજાઈઝ બતાવે. એ બધુ ગુમરાહી તથા બદ્અકીદગી છે. તો એવા મુલ્હિદોનો શું લેહાઝ કરવો ને શું નરમી કરવી ? આપણા માબાપના દુશ્મનથી તો સખ્તી વર્તીએ તો પછી જેમનાં પર આપણા માબાપ કુર્બાન છે એવા નબીના ગુસ્તાખો સાથે સખ્તી વર્તવામાં શરમ રાખવી એ ઈમામનો તકાઝો છે જ નથી.

## ઝિક્ર ઉનકા છેળીયે હર બાતમેં–છેળના શયતાં કા આદત કીજિએ

**અર્થાત :** હે ગુલામાંને મુસ્તફા ! ﷺ આકાએ દો આલમ ﷺનો ઝિક્ર કરવાથી જો કોઈને આગ લાગે છે તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام નો ઝિક્ર દરેક વાતમાં છેડયા કરો, અને એવું સમજો કે અમે હુઝૂર ﷺનો ઝિક્રે ખૈર કરીને શયતાનને ગુસ્સો ચઢાવીએ છીએ. શૈતાન નારાજ થશે તો અલ્લાહ રાજી થઈ જશે. આ રીતે શયતાનને તંગ કરવાને પોતાની આદત તથા નિયમ બનાવી લો. قُلْ مُوْتُوْا بِغَيْظِكُمْ "તમે ફર્માવો મરી જાવ તમારી ઘુટન (દિલીજલન)માં." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૧૯)* અને શૈતાનના ચેલાઓને કહો, મરતા રહો તમારા ગુસ્સમાં પણ અમે તો : *દમ મેં જબ તક દમ હૈં ઝિક્ર ઉન્કા સુનાતે જાએંગે*

## મિષ્લે ફારસ ઝલઝલે હોં નજ્દમેં–ઝિક્રે આયાતે વિલાદત કીજિએ

**અર્થાત :** જેવી રીતે હુઝૂર ﷺની બઅષતના સમયે ઈરાનમાં ધમાકાની સાથે ઈરાનના કિસ્રાના



Web : www.barkatekhwaja...

મહેલના કંગુરા પડી ગયા. હે ગુલામાને મુસ્તફા ! ﷺ મીલાદુન્નબી ﷺ વાળી આયતોને વધુમાં વધુ પઢો અને નજદીઓ બદ્અક઼ીદાઓ પર પણ અને એમના જૂઠા મઝહબના મહેલમાં ધરતીકંપ પેદા કરી દો.

### ગયઝમેં જલ જાએં બેદીનોં કે દિલ–યા રસૂલલ્લાહ કી કષરત કીજિએ

*(ગયઝ = ગુસ્સો)*

**અર્થાત :** અને જો કોઈ યા રસૂલલ્લાહ ! (ﷺ)ના નારાથી ગુસ્સામાં સમસમી જાય છે અને તેના દિલમાં દુશ્મનીની આગ ભડકી ઉઠે છે તો આ નારાએ રિસાલત ખૂબ જ અધિક પ્રમાણમાં લગાડો અને એમનાં દિલોને એ જ ગુસ્સાની આગમાં જલાવીને રાખ કરી દો. ઈન્શા અલ્લાહ !

### કીજિએ ચર્ચા ઉન્હીં કા સુબ્હો શામ–જાને કાફિર પર ક઼યામત કીજિએ

**અર્થાત :** જે આપણા આક઼ા ﷺના ઝિક્રે ખૈરથી અદાવત રાખે અને તેને સારો ન સમજે બલ્કે બંધ કરવાની નિષ્ફળ કોશિશ કરે, તો હે ગુલામાને મુસ્તફા ! ﷺ સવાર સાંજ હુઝૂર ﷺનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર કરીને આવા મુન્કિરોની જાન પર આફતો પર આફતો વરસાવતા રહો અને આપણા આક઼ાને યાદ કરીને કહેતા રહો :–

*તેરા ઝિક્ર લબ પર ખુદા દિલ કે અંદર–યૂંહી ઝિંદગાની ગુઝારા કરું મૈં*
*મુઝે અપની રહમત સે તૂ અપના કર લે–સિવા તેરે સબસે કનારા કરું મૈં*

### આપ દરગાહે ખુદામેં હૈં વજીહ–હાં ! શફાઅત બિલ્ વજાહત કીજિએ

*(વજીહ = બાઈજ્જત, બિલ્વજાહત = રૂઆબ તથા દબદબા સાથે)*

**અર્થાત :** હે પ્યારા નબી ! ﷺ તે મરદૂદ (ઈસ્માઈલ દહેલ્વી) જે એવું કહે કે, "ચાહે નાનો હોય કે મોટો દરેક અલ્લાહની સામે ચમારથી પણ અધિક ઝલીલ (નીચ) છે." અને "આપની શફાઅતે બિલ વજાહતનો ઈન્કાર કરતાં કહે કે જેવી રીતે બાદશાહ કોઈ મુજરિમને માફ કરવા ચાહે, તો ચાહે છે કે કોઈ સિફારિશ કરે જેથી હું તેને છોડી મૂકૂ. તો રસમ પૂરતો સિફારિશી માનીને એ મુજરિમને છોડી મૂકવામાં આવે." એવા મરદૂદની વાત માનીએ કે આપના ખુદાના હુકમો જોઈએ ?! કે મૂસા علیہ السلامના બારામાં ફર્માવવામાં આવ્યું : وَكَانَ عِنْدَ اللّٰهِ وَجِيْهًا "અને મૂસા અલ્લાહને ત્યાં આબરૂવાળા છે." *(સૂરએ અહઝાબ, ૩૩/૬૯)* ઈસા علیہ السلامને ફર્માવવામાં આવ્યું : وَجِيْهًا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ "તે દુનિયા તથા આખેરતમાં ઈજ્જતવાળા હતા." *(સૂરએ આલે ઈમરાન, ૩/૪૫)* આ પ્યારા નબીઓ તો આપના ઉમ્મતી હોવાની દુઆ કરતા રહ્યા ! અને શબે મેઅરાજ આપના મુકતદી બનીને રહ્યા, તો પછી આપની વજાહત (ઈજ્જત, દબદબા)નો આલમ કેવો હશે ?! આપ યક઼ીનન ! બારગાહે ઈલાહીમાં ઈજ્જત તથા શાનવાળા છે અને મક઼ામવાળા છે, તો આપના ઉમ્મતીઓની ઈજ્જત તથા શાનની સાથે શફાઅત કરો.

www.barkatekhwaja.net

### હક્ક તુમ્હેં ફર્મા ચુકા અપના હબીબ–અબ શફાઅત બિલ્ મહ્બ્બત કીજિએ

**અર્થાત :** હે પ્યારા આકા ! ﷺ જ્યારે અલ્લાહ તઆલા આપની સાથે મહોબ્બત કરે છે, અને આપે ખુદ ફર્માવ્યું, الا وانا حبیب اللّٰہ "હા ! સાંભળો ! હું અલ્લાહનો મહબૂબ છું." તો પછી તમારા ગુનેહગાર ઉમ્મતીઓની શફાઅત મહોબ્બતની સાથે કરો, કેમ કે આપ તો દુશ્મનો સાથે પણ મહોબ્બતથી પેશ આવો છો, જ્યારે અમે તો તમારા ગુલામ છીએ, ભલે જેવા પણ છીએ !

### ઈઝ્ન કબકા મિલ ચુકા અબ તો હુઝૂર–હમ ગરીબોં કી શફાઅત કીજિએ

**અર્થાત :** અલ્લાહે આપને શફાઅતનો ઈઝ્ન (પરવાનગી) અતા કરી આપેલ જ છે. (وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ) "અને રસૂલ એમની શફાઅત ફર્માવે." –સૂ. નિસાઅ, ૪/૬૪, (وَاسْتَغْفَرَ لَهُمُ) તો હવે અમ ગરીબોની શફાઅત કરવામાં વાર ન લગાડો કે જેથી : *ફક્ત ઈશારે સે સબકી નજાત હો કે રહે.*

### મુલ્હિદોં કા શક નિકલ જાએ હુઝૂર–હમ ગરીબોં કી શફાઅત કીજિએ

**અર્થાત :** આ મુલ્હિદો (બદ્અકીદાઓ), બેઈમાનો આપના ઈખ્તિયારો અને આપની તાકત તથા કુદરતના મુન્કિરો જેઓ કહે છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી.", "રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું...વગેરે." *(તક્વિયતુલ ઈમાન)* એ બેદીનોનો શક દૂર કરવા માટે હે મારા પ્યારા આકા ! ﷺ અમ ગરીબોની શફાઅત કરી આપો.

### શિર્ક ઠહરે જિસમેં તા'ઝીમે હબીબ–ઉસ બુરે મઝહબપે લઅનત કીજિએ

**અર્થાત :** અને જે બેઈમાન એવું કહે કે, "હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની તા'ઝીમ મોટાભાઈ જેટલી કરો કે ગામના ચૌધરી જેટલી કરો, એમાં પણ કમી કરો કે ક્યાંક શિર્ક ન થઈ જાય." *(તક્વિયતુલ ઈમાન)* એવા બદ્અકીદા (વહાબી દેવબંદી) મઝહબવાળાને આપણે એવું કહીશું કે જ્યારે તારા મઝહબમાં તારા અકીદા પ્રમાણે અલ્લાહના હબીબ ﷺની શિર્ક છે તો અમે તારા મઝહબ પર હજારો લઅનત મોકલીએ છીએ.

### ઝાલિમો ! મહબૂબ કા હક્ક યા યહી ?–ઈશ્ક કે બદલે અદાવત કીજિએ !

**અર્થાત :** અરે ઓ અલ્લાહના મહબૂબ ﷺની અઝમત તથા શાનમાં આવી ગંદી વાતો લખનારા જાલિમો ! મને જરા એ તો બતાવો કે કઈ દુશ્મનીનો બદલો લઈ રહ્યા છો ?! શું મહબૂબે ખુદાનો તમારા પર આ જ હક્ક હતો કે આપ ﷺના સાથે મહોબ્બત તથા અકીદત રાખવામાં આવે, તેના બદલે તમે ઉલ્ટા આપ ﷺથી અદાવત તથા દુશ્મનીનો ક્રમ કાયમ કરી રાખ્યો છે.



Web.:www.barkatekhwaja.net

*ઢીઢ ઔર બેશરમ તો દુન્યામેં દેખે હૈં બહુત–સબસે સબક઼ત લે ગઈ હૈ બેહયાઈ આપકી*

## વદ્દુહ઼ા, હુજુરાત, અલમ નશ્રહસે ફિર–મો'મિનો ઈત્મામે હુજ્જત કીજિએ

*(ઈત્માએ હુજ્જત = દલીલ સંપૂર્ણ કરવી)*

**અર્થાત :** હે ગુલામાને મુસ્તફા ! ﷺ જ્યારે આ બદ્અક઼ીદા (વહાબી, દેવબંદી, મૌદૂદી વગેરે) તમારા આક઼ા ﷺની અઝમતને ઘટાડવા માટે આવી બધી વાતો કરે તો તમે એમનું મોં બંધ કરવા માટે (ન કે મનાવવા માટે, કેમ કે માનવાવાળી એમની ફિતરત નથી !) એમને સૂરએ વદ્દુહ઼ા સંભળાવો (જેમાં અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબના રુખે વદ્દુહ઼ા તથા ઝુલ્ફે વલ્લૈલની ક઼સમ યાદ ફર્માવી છે), સૂરએ હુજુરાત સંભળાવો (જેમાં અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺની બારગાહનો અદબ તથા એહતેરામ શીખવાડયો, અને ફર્માવ્યું કે જો તમે તમારો અવાજ પણ મારા મહબૂબના અવાજથી ઊંચો કર્યો તો તમારા અમલો નષ્ટ કરી દેવામાં આવશે) અને સૂરએ અલમ નશ્રહ સંભળાવો. (જેમાં અલ્લાહે ફર્માવ્યું, وَرَفَعۡنَا لَكَ ذِكۡرَكَ હે મહબૂબ ! અમે તારા ઝિક્રને તારા ખાતર બુલંદ કરી આપ્યું. –સૂ. નશ્રહ, ૯૪/૪) અને ઈમાનવાળાઓ દલીલ પૂર્ણ કરવા માટે એ જાલિમોને કહે કે :

*વો જિસકો ખુદાને બળ્હાયા હૈ કોઈ ઔર ઘટાના કયા જાને !*

*તૂ કિસી કે ઘટાયે સે ન ઘટે જબ બળ્હાયે તુઝે–પ્યારા અલ્લાહ તેરા ચાહનેવાલા તેરા*

## બૈઠે ઉઠતે હુઝૂરે પાકસે–ઈલ્તિજા વ ઈસ્તિઆનત કીજિએ

*(ઈલ્તિજા = અરજ, ઈસ્તિઆનત = મદદ માગવી)*

**અર્થાત :** હે ગુલામાને મુસ્તફા ! ﷺ બેસો ત્યારે પણ તમારા નબીથી મદદ ચાહો, ઉઠો ત્યારે પણ તમારા નબી ﷺથી મુશ્કેલીઓના હલ માટે અરજ કરો. દરેક હાલતમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી ચાહવાને તમારો વઝીફો બનાવી લો. કેમ ? આ "કેમ"નો જવાબ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા નોઅમાન બિન ષાબિત رضی اللہ عنہની ઝબાનથી આશિક઼ાના અંદાજમાં પઢો :–

انت الذی لو لاک ما خلق امرأ-کلا ولا خلق الوری لو لا کا "યા રસૂલલ્લાહ ! ﷺ આપની જાત તે જાત છે કે જો આપ ન હોત તો કોઈ શખ્સ પૈદા કરવામાં ન આવત, બલ્કે આપ ન હોત તો તમામ મખ્લૂક઼ જ પેદા ન થાત."

انت الذی من نورک البدر اکتسی-والشمس مشرقه بنوربها کا "આપ તે શખ્સિયત છે કે આપના જ નૂરથી ચૌદમીના ચાંદે રોશનીનો લિબાસ પહેર્યો અને સૂરજ પણ આપના જ નૂરથી ચમકી રહ્યો છે."

انت الذی لما تسول آدم-من زله بک فاز وهو اباکا "આપની હસ્તી તે હસ્તી છે કે જ્યારે હઝરત આદમ علیہ السلامએ આપનો વસીલો ઈખ્તિયાર કર્યો પોતાની લગ઼ઝિશના હવાલાથી તો કામયાબ થઈ ગયા, જ્યારે કે તે આપના જદ્દે કરીમ છે."

والماء فاض بر حتیک وسبحت-صم الحصی بالفضل فی یمنا کا "આપની હથેળીઓથી પાણી વહયું અને સખત કાંકરીઓએ આપના દસ્તે મુબારકમાં તસ્બીહ પઢી."

ماذا يقول المادحون وما عسى ان يجمع الكتاب من معناكا "આપના પ્રશંસકો આપની પ્રશંસામાં શું કહી શકે છે ? અને લખવાવાળા આપની ખૂબીઓને સીમિત કરી શકતા નથી." *(ઈમામે આ'ઝમ અબૂ હનીફા)*

## યા રસૂલલ્લાહ ! ﷺ દુહાઈ આપકી –ગોશમાલે અહલે બિદઅત કીજિએ

*(ગોશમાલે અહલે બિદઅત = બિદઅતીઓને સજા આપવી)*

**અર્થાત :** હે પ્યારા આક઼ા ! ﷺ અમારા દૌરના બદ્અક઼ીદા બિદઅતી આપના ગુસ્તાખ એવા ઢીઢ તથા બેશરમ છે કે હજાર દલીલ આપે છતાં માનવાની તરફ નથી આવતા. આપની જ બારગાહમાં ફરિયાદ છે કે એ પથ્થર દિલોની ગોશમાલ ફર્માવો, એમને સખત સજાઓ આપો કે દુનિયા તેમના ગુસ્તાખીભર્યા અક઼ીદાઓથી બચી જાય.

## ગ઼ૌષે આ'ઝમ આપસે ફર્યાદ હૈ–ઝિંદા ફિર યે પાક મિલ્લત કીજિએ

**અર્થાત :** હે કુત્બુલ અક઼તાબ, ગ઼ૌષુલ અગ઼વાષ, નાઈબે મુસ્તફા ﷺ પ્યારા ગ઼ૌષે આ'ઝમ ! رضی اللہ عنہ આપનો લક઼બ મોહીયુદ્દીન (દીનને જીવંત કરનાર) છે. આપની બારગાહમાં પણ દરખાસ્ત છે કે આપની કરામત દેખાડો અને મિલ્લતના મુર્દા શરીરમાં જાન નાખીને એ રીતે જીવંત કરી આપો કે જેવી રીતે આપે ઈસાઈની માગણી પર કેટલાયે સેંકડો વરસ પૂરાણા મુર્દાને ઝિંદા કરી આપ્યું હતું. અને એક વૃદ્ધાના દિલના ઈત્મિનાન ખાતર મરઘીનાં હાડકાંને قم باذن الله الذى يحى العظام وهى رميم કહીને મરઘી જીવંત કરી આપી હતી.

*–(જમાલુલ અવલિયા)*

## યા ખુદા તુઝ તક હૈ સબકા મુન્તહા–અવલિયા કો હુકમે નુસ્રત કીજિએ

*(મુન્તહા = છેડો, નુસ્રત = મદદ)*

**અર્થાત :** હે મારા ખુદા ! جل جلاله તારી બારગાહમાં દુઆ છે. છેવટે દરેક કામ કરનાર તો તું જ છે, પણ કદી ફરિશ્તાઓ થકી, કદી વરસાદના ઝરીયાથી, કદી હવાના ઝરીયાથી, તારા બંદાઓના ઝરીયાથી. તારી જ બારગાહમાં છેવટે અમારે અર્ઝ કરવી છે કે તારા પ્યારા બંદાઓ અવલિયાએ કિરામને હુકમ ફર્માવ જેથી તારી મદદ તથા નુસ્રત અમારા સુધી પહોંચાડે. છેવટે એમની મદદ તારી જ તો મદદ છે અને તેઓ તારા હુકમ હેઠળ છે, તું જો ન ચાહે તો એક પાંદડુ પણ નથી હાલી શકતું.

## મેરે આક઼ા હઝરત અચ્છેમિયાં–હો 'રઝા' અચ્છા વો સૂરત કીજિએ

**અર્થાત :** હે મારા આક઼ાએ નેઅમત હઝરત અચ્છે મિયાં ! આપ તો ઈસ્મે બામુસમ્મા (નામ તેવા ગુણવાળા) છો, અને અચ્છાઓની સાથે મળવાવાળો પણ એક દિવસ અચ્છો (સારો) થઈ જ જાય છે. જિંદગીની ખબર નથી, કોઈ એવી સૂરત (રીત) કાઢો કે આપનો (મુરીદ) અહમદ રઝા પણ જલ્દીથી અચ્છો થઈ જાય. માગવાના માટે અંદાઝ હોવો જોઈએ. આ નઅતમાં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નતે, નારએ રિસાલત પોકારવાની અને ખૂબ જ અધિક પ્રમાણમાં હુઝૂર علیہ الصلوۃ والسلامની બારગાહમાં મદદ તલબ કરવાની તા'લીમ અતા કરી છે.

## નારએ રિસાલતની બરકતના અમુક નમૂના

ઈબ્રાહીમ બિન મરઝૂક બયાનીનું બયાન છે કે શકર ટાપુનો એક શખ્સ કૈદ થઈ ગયો અને તેને અતિશય સાંકડી જગામાં જંજીરો સાથે બાંધી દેવામાં આવ્યો. તે وَيَسْتَغِيْثُ وَيَقُوْلُ يَا رَسُوْلَ اللّٰهِ يَا رَسُوْلُ اللّٰهِ પોકારી પોકારીને ફરિયાદ કરતો હતો. તેના મોટા દુશ્મન કાફિરે કટાક્ષ કરતાં કહ્યું : قُلْ يَنْقُذُكَ "એને કહો કે તમને છોડાવી જાય !" જ્યારે રાત થઈ તો એક શખ્સે તેને હલાવ્યો અને કહ્યું કે અઝાન આપો ! તે બોલ્યો કે તમે નથી જોતા કે હું કઈ હાલતમાં છું ? પછી તેણે અઝાન કહી. જે વખતે તેણે اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ (અશહદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ) પઢયું તો તેની બેડીઓ આપોઆપ જ ખુલી ગઈ. જેનાથી તે શકર દ્વિપમાં જઈ પહોંચ્યો અને તેનો કિસ્સો તેના શહેરમાં મશહૂર થઈ ગયો. *(શવાહિદુલ હક્ક વ હુજ્જતુલ્લાહિ અલલ્ આલમીન, ૨/૪૦૯)*

એક બીજા મુસલમાન કેદીએ કહ્યું કે કાફિર બાદશાહનું જહાઝ દરિયામાં ફસાઈ ગયું. હજારો માણસોએ જોર લગાડયું પણ જહાઝ ન નીકળી શક્યું. છેવટે મુસલમાન કેદીઓને કહ્યું કે જહાઝ કાઢો. فَقُلْنَا بِاَجْمَعِنَا يَا رَسُوْلَ اللّٰهِ અમે મુસલમાન કેદીઓએ મળીને યા રસૂલલ્લાહ ﷺનો નારો લગાડીને જોર લગાડયું તો જહાઝ બહાર આવી ગયું, જો કે કેવળ ચારસો પચાસ હતા. *(હુજ્જતુલ્લાહ, ૨/૪૧૦)*


હઝરત અબૂ યૂનુસ رحمۃ اللہ علیہને માલૂમ થયું કે ૨૦૦ આલિમોને અમીર બલદાએ ગિરફતાર કરી લીધા છે. અબૂ યૂનુસે તેમના છૂટકારા માટે હુઝૂરે અક્દસ ﷺની બારગાહમાં આ શબ્દોમાં ફરિયાદ કરી : يَا اَحْمَدُ يَا مُحَمَّدُ يَا اَبَا الْقَاسِمِ يَا خَاتَمَ النَّبِيِّيْنَ يَا سَيِّدَ الْمُرْسَلِيْنَ يَا مَنْ جَعَلَهُ اللّٰهُ رَحْمَةً لِّلْعَالَمِيْنَ તો ખ્વાબમાં રસૂલુલ્લાહ ﷺએ બશારત આપી કે, غَدًا يُطْلَقُوْنَ اِنْشَاءَ اللّٰهُ "કાલે બફઝ્લિહી તઆલા મુકત થઈ જશે. જેથી સવાર થતાં જ સૌને મુક્ત કરી દેવામાં આવ્યા." *(હુજ્જતુલ્લાહ, ૨/૪૧૦)*

**એક સહાબીનો હવાલો :** ઈમામ બુખારીએ આ રીતે બાબ(પ્રકરણ) પાડયું છે કે જો કોઈનો પગ સુન મારી જાય (લકવો થાય) તો તે શું કહે ? આ પછી નીચેની હદીષ નકલ કરી છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સઅદ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો પગ સૂઈ ગયો (બ્હેર મારી ગયો.) કોઈએ કહયું કે તેની યાદી કરો જે આપને વધુ પ્રિય હોય ! ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે બુલંદ અવાજથી "યા મોહમ્મદાહ્ !" કહ્યું ને તુર્ત જ શિફા થઈ ગઈ." *(બુખારી શરીફ)*

**એક સહાબીનો હવાલો :** ઈમામ નવવી મુસ્લિમ શરીફના શારેહે (વિવરણ કરનારે) 'કિતાબુલ અઝકાર' માં પ્રસ્તુત દ્રષ્ટાંત જેવું જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી નકલ કર્યું છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہનો પગ સૂઈ ગયો કિવાં લકવા મારી ગયો હતો. તેમણે "યા મુહમ્મદ !" કહયું તો તરત જ સારો થઈ ગયો. 'નસીમુર્રિયાઝ શર્હે શિફા અયાઝ'માં છે કે, મદીનાવાસીઓમાં પ્રથમથી જ આ "યા મુહમ્મદ !" કહેવાની આદત ચાલતી આવી છે.

Web.: www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ઈદ્દતનું બયાન

નિકાહ રદ થવાથી અથવા નિકાહની આશંકાથી ઓરત નિકાહ કરવાથી રોકાય રહે અને અમુક મુદ્દત સુધી ઈન્તેઝાર કરે તેને ઈદ્દત કહે છે.

**મસ્અલા :** નિકાહ રદ થયા બાદ ત્યારે ઈદ્દત છે કે શોહર મરી ગયો હોય અથવા એકાંતવાસ ભોગવ્યો હોય. ઝિનાખોર માટે ઈદ્દત નથી ભલે તે હમલવાળી હોય તે હામેલા (ગર્ભવાળી) હોય તો પણ **જેનાથી હમલ રહ્યો હોય તેની સાથે નિકાહ કરી શકે છે. એના સિવાય બીજાથી નિકાહ કરે તો જ્યાં સુધી બાળક પેદા ન થાય ત્યાં સુધી સંભોગ કરવો જાઈઝ નથી.**

**મસ્અલા :** ફાસિદ નિકાહમાં સંભોગ કરતા પહેલાં જો જુદા પડયાં તો એને માટે ઈદ્દત નથી અને સંભોગ થયા પછી જુદા પડયાં તો એને માટે ઈદ્દત છે. *(હિદાયા વગેરે)*

**મસ્અલા :** જે ઓરતની શર્મગાહ બંધ છે એની સાથે એકાંતવાસ થયો તો તલાક બાદ ઈદ્દત નથી.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા :** ઓરતને બાઈન કે રજઈ તલાક દેવામાં આવી અથવા બીજા કોઈ કારણસર નિકાહ રદ થયા (ભલે એ રીતે તૂટી ગયા કે સંભોગની નિય્યતે પતિના પુત્રને ચુંબન કર્યું) અને સંભોગ થઈ ચૂકયો હોય અથવા એકાંતવાસ થયો હોય અને ગર્ભ ન હોય તેમજ હૈઝ આવતું હોય તો ઈદ્દતની મુદ્દત પૂરા ત્રણ હૈઝ સુધીની છે અને જો એવી ઓરતને હૈઝ ન આવતું હોય કે જે એટલી ઉંમર સુધી પહોંચી નથી યા **સન્ને અયાસ** (૫૫ વરસ) સુધી પહોંચી ચૂકી છે અથવા ઉંમરના હિસાબે બાલિગ થઈ ચૂકી છે પણ હૈઝ આવતું નથી તો ઈદ્દતનો સમય ત્રણ મહિના છે.

**મસ્અલા :** જો તલાક઼ કે નિકાહ પહેલી તારીખે રદ થયા તો ચાંદના હિસાબે ત્રણ મહિનાની ઈદ્દત ગણવામાં આવશે અને જો બીજી કોઈ તારીખે થયા તો ૩૦ દિવસનો મહિનો ગણવામાં આવે અર્થાત કુલ ૯૦ દિવસ ઈદ્દતના હોવા જોઈએ.

*(હિંદિયા, જોહરા વગેરે)*

**મસ્અલા :** ઓરતને હૈઝ આવી ચૂક્યું છે પણ હવે આવતું નથી અને હજુ **સન્ને અયાસ** સુધી પહોંચી નથી તો એની ઈદ્દત હૈઝથી સંબંધિત છે. જ્યાં સુધી ત્રણ હૈઝ ન આવે અથવા **સન્ને અયાસ** સુધી ન પહોંચે, ઈદ્દત પૂરી થશે નહીં. અને હૈઝ આવ્યું જ ન હતું અને મહિનાઓના હિસાબે ઈદ્દત પસાર કરી રહી હતી તે દરમિયાન જો હૈઝ આવ્યું તો હવે હૈઝના હિસાબે ઈદ્દત પૂરી કરે એટલે કે જ્યાં સુધી ત્રણ હૈઝ ન આવી જાય ઈદ્દત પૂરી થશે નહીં.

*(હિંદિયા, બહાર)*

**મસ્અલા :** હૈઝની હાલતમાં તલાક આપવામાં આવી તો એ હૈઝ ઈદ્દતમાં ગણવામાં નહીં આવે બલ્કે એના પછીના ત્રણ હૈઝ પૂરા થયેથી ઈદ્દત પૂરી થશે.

*(હિંદિયા વગેરે)*

**મસ્અલા :** જે ઓરતથી નિકાહ ફાસિદ થયા અને સંભોગ થઈ ચૂક્યો હોય અથવા જે ઓરત સાથે **શંકાવાળી** હમબિસ્તરી થઈ એની ઈદ્દત જુદાઈ અને મોત બન્નેમાં હૈઝથી છે અને હૈઝ ન આવતું હોય તો ત્રણ મહિના છે. *(જોહરા, બહાર)*

web: www.barkatekhwaja.net

**મસ્અલા** : જે ઓરત સાથે નાબાલિગે સંભોગ કર્યો શંકાસ્પદ રીતે અથવા ફાસિદ નિકાહમાં, એના પર પણ એ જ ઈદ્દત છે. એ રીતે જો નાબાલિગીમાં એકાંતવાસ કર્યો અને બાલિગ થયા બાદ તલાક઼ દીધી તો પણ એ જ ઈદ્દત છે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : નિકાહ ફાસિદ થવામાં અલગ થવાથી અથવા છોડી દેવાના સમયથી ઈદ્દતની ગણતરી કરાશે. છોડી દેવાનો અર્થ એ છે કે મરદે એમ કહ્યું કે મેં એને છોડી દીધી, અથવા એમ કહ્યું કે મેં એનાથી સંભોગ કરવો છોડી દીધો અથવા એવા પ્રકારના બીજા કોઈ શબ્દો બોલ્યો, પણ જ્યાં સુધી અલગ ન થાય કે છોડી ન દે તો ગમે તેટલો સમય થઈ જાય તો પણ ઈદ્દત નથી. ભલે દિલમાં ઈરાદો કરી લે કે તે સંભોગ નહીં કરે, અને જો ઓરતની રૂબરૂ નિકાહથી ઈન્કાર કરે છે તો એ છોડી દેવું ગણાશે, નહીં તો નહીં. પરિણામે એનો કોઈ એ'તેબાર નથી. *(જોહરા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : તલાક઼ની ઈદ્દત તલાક઼ના સમયથી છે, ભલે ઓરતને ખબર ન હોય કે પતિએ એને તલાક઼ દીધી છે અને ત્રણ હૈઝ આવ્યા પછી ખબર પડી તો ઈદ્દત પૂરી થઈ ચૂકી અને જો પતિ એમ કહેતો હોય કે મેં એને આટલા વખતથી તલાક઼ દીધી છે તો જે વખતે એણે ઈકરાર કર્યો તે વખતથી ઈદ્દત ગણવામાં આવશે. *(જાહેરા, બહાર)*

**મસ્અલા** : મોતની ઈદ્દત **ચાર મહિના દસ દિવસ** છે (દસમી રાત પણ પૂરી થઈ જાય) જ્યારે કે નિકાહ થયા હોય, ભલે સંભોગ કરવામાં આવ્યો હોય કે ન હોય, ભલે પતિ નાબાલિગ હોય કે પત્ની નાબાલિગ હોય. *(જૌહરા વગેરે)*

**મસ્અલા** : બાળક પેદા થવાથી ઈદ્દત પૂરી થવા માટે કોઈ ખાસ મુદ્દત મુક઼ર્રર નથી. મોત અથવા તલાક઼ પછીથી જ્યારે પણ બાળક પેદા થયું ઈદ્દત પૂરી થઈ ગઈ. ભલે મોત કે તલાક પછીની એક મિનિટમાં પેદા થયું. ગર્ભ પૂરો થયો (પ્રસુતિ થઈ ગઈ અવયવો બની ચૂક્યા છે (બાળક પેદા થઈ ગયું) તો ઈદ્દત પૂરી થઈ ગઈ નહીંતર નહીં. એક જ સુવાવડમાં બે કે ત્રણ બાળકો થયાં તો છેલ્લે પેદા થનાર બાળકના પેદા થયેથી ઈદ્દત પૂરી થશે.

*(જોહરા, બહાર)*

**મસ્અલા** : જો મોત પછીથી ગર્ભ માલમ પડયો તો ગર્ભ પૂરો થવાથી નહીં પણ દિવસોથી ઈદ્દત ગણાશે. *(જોહરા, બહાર)*

**મસ્અલા** : ઓરતને તલાકે રજઈ આપવામાં આવી હતી અને ઈદ્દત દરમિયાન પતિ મૃત્યુ પામ્યો તો ઓરત મોતની ઈદ્દત પૂરી કરે. તલાક઼ની ઈદ્દત જતી રહી. અને જો બાઈન તલાક઼ કે ત્રણ તલાક઼ તંદુરસ્તીની હાલતમાં દીધી હતી તો તલાક઼ની ઈદ્દત પૂરી કરે અને જો બીમારીની હાલતમાં દીધી હતી તો બન્ને ઈદ્દત પૂરી કરે. અર્થાત ચાર મહિના દસ દિવસમાં ત્રણ હૈઝ પૂરાં થયાં તો ઈદ્દત પૂરી થઈ ગઈ અને જો ત્રણ હૈઝ પૂરા થઈ ચૂક્યાં હોય પણ ચાર મહિના દસ દિવસ પૂરા ન થયા હોય તો એને પૂરા કરી લે. પરંતુ જો હજુ ત્રણ હૈઝ પૂરા ન થયા હોય તો એના પૂરા થવા સુધી રાહ જુએ.

*(હિદાયા વગેરે)*

**ઈન્તેક઼ાલ પુરમલાલ !**

**પીપલી** : (તા. બોરસદ, જિ. આણંદ)ખાતે મર્હૂમ પઠાણ લતીફખાન ઈસબખાનનો તા. ૧૮–૨–૨૦૨૦, મુ. ચાંદ ૨૩ જમા.આખર હિ.સ. ૧૪૪૧ને મંગળવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે, એમનું ચેહલુમ તા. ૨૮–૩–૨૦૨૦ના રોજ રાખવામાં આવેલ છે. અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત કરે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે આમીન.

Web: www.barkatekhwaja.net



# لَیْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૦૭

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

## ધોકાબાજ અમારામાંથી નથી

હલાલ રોઝી અને સાચુ બોલવું આ બે એવા ગુણ છે જે ઈસ્લામની વિશેષ તાલીમાતનો ભાગ છે. આપણા પવિત્ર ધર્મએ આ બંનેવ વાતોની તાકીદ કરી છે અને તેના માટે પ્રોત્સાહન આપ્યું છે. કુર્આને મુકદ્દસ અને અહાદીષે કરીમામાં કોઈને ધોકો આપવા અને કોઈની સાથે જૂઠુ બોલવા પર સખત ચેતવણી વર્ણન થઈ છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

مَنْ حَمَلَ عَلَيْنَا السِّلَاحَ فَلَيْسَ مِنَّا، وَمَنْ غَشَّنَا فَلَيْسَ مِنَّا

''જેણે અમારા પર હથિયાર ઉગામ્યું તે અમારામાંથી નથી અને જેણે અમારી સાથે ધોકો કર્યો તે અમારામાંથી નથી. *(સહીહ મુસ્લિમ, ૧/૯૯)*

આ હદીષમાં બે વાતોની નિંદા કરવામાં આવી છે. મુસલમાનો પર હથિયાર ઉગામવાની અને મુસલમાનોને ધોકો આપવાની.

### ★ કારોબારમાં છેતરપિંડીનો અંજામ ★

ભૌતિકતાની દોડમાં મનુષ્ય હલાલ અને હરામનો ખયાલ કર્યા વિના અધિકથી અધિક માલ દૌલત અને ઐશ આરામ પ્રાપ્ત કરવા ચાહે છે. લગભગ આ જ સ્થિતિ આ ઉમ્મતના લોકોની પણ નજર આવે છે જે એ વાત પર ઈમાન અને યકીન રાખે છે કે તેને મૃત્યુ પછી બીજીવાર જીવંત કરવામાં આવશે અને પોતાના જીવનનો હિસાબ અહકમુલ હાકિમીન ખુદા સમક્ષ આપવાનો છે. ઈસ્લામને માનવાવાળી આ ઉમ્મત એ હકીકતને નઝરઅંદાજ કરતી નજર આવે છે કે ઈસ્લામે ઘણી જ સ્પષ્ટ રીતે હરામ રોજીની નિંદા કરી છે અને દુનિયા તથા આખેરતમાં તેના દુષ્પરિણામથી ચેતવી દીધા છે. તે છતાં ઘણા લોકોને એની કોઈ જ અસર નથી થતી ! તેનું એક અફસોસજનક પાસુ એ છે કે દુનિયામાં મુસ્લિમ કોમને જે ગંભીર પરિસ્થિતિઓનો સામનો કરવો પડી રહ્યો છે, પણ તે આ પરિસ્થિતિઓનાં બીજા કારણો તો શોધે છે પરંતુ તેનું દિમાગ એ તરફ નથી જતુ અને જાય છે તો જવલ્લે જ જાય છે કે ક્યાંક આપણી બદહાલી, રૂસ્વાઈ અને બેઈજ્જતીનું એક કારણ આપણી હરામ રોજી તો નથી.

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવ્યો છે :

وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ ○ الَّذِيْنَ اِذَا اكْتَالُوْا عَلَى النَّاسِ يَسْتَوْفُوْنَ ○ وَاِذَا كَالُوْهُمْ اَوْ وَّزَنُوْهُمْ يُخْسِرُوْنَ ○ اَلَا يَظُنُّ اُولٰٓئِكَ اَنَّهُمْ مَّبْعُوْثُوْنَ ○ لِيَوْمٍ عَظِيْمٍ ○ يَّوْمَ يَقُوْمُ النَّاسُ لِرَبِّ الْعٰلَمِيْنَ ○

''ઓછું માપવાવાળાઓ માટે ખરાબી છે. એ લોકો કે જ્યારે બીજા લોકોથી માપ લે તો સંપૂર્ણ લે અને જ્યારે તેમને માપીને અથવા તોલીને આપે તો ઓછું કરી દે. શું એ લોકો યકીન નથી રાખતા કે તેમને (બીજીવાર જીવંત કરી) ઉઠાવવામાં આવશે.

Web. www.barkatekhwaja.net

એક અઝમતવાળા દિવસ માટે જે દિવસે સર્વ લોકો રબ્બુલ આલમીનના સમક્ષ ઊભા થશે.''

*(સૂ. મુતફફિફીન, આ. ૧/૬)*

આ આયતો કેવળ ત્રાજવાથી તોલવા અને માપવાવાળી વસ્તુઓ વિશે ચેતવણી નથી આપી રહી બલ્કે દરેક તે બાબતે ચેતવી રહી છે જેમાં બે વ્યક્તિઓ અથવા બે પાર્ટીઓ વચ્ચે લેવડ દેવડનો મામલો થઈ રહ્યો હોય. ઈન્સાન એ સમજે છે કે તેણે પોતાની બુધ્ધિનો ઉપયોગ કરી કોઈનાથી કોઈ વસ્તુ નાહક્ વસૂલ કરી લીધી અથવા દૂધમાં પાણી મિલાવી તેની માત્રા વધારી દીધી અથવા ત્રાજવામાં છોડછાડ કરી તેના વજનમાં ફેરફાર કરી દીધો તો તેણે ઘણી બુધ્ધિનું કામ કર્યું અને તેણે પોતાની બુધ્ધિનો ઉપયોગ કરી અધિક પૈસા કમાઈ લીધા. તેણે યાદ રાખવું જોઈએ કે દુનિયામાં ભલે આ બુધ્ધિનું પ્રદર્શન કરી લે, જ્યારે ઝબાન પર તાળુ લાગ્યું હશે અને શરીરના અંગો ગવાહી આપી રહ્યા હશે તે સમયે કઈ રીતે પોતાનો બચાવ કરશે ? અક્લમંદી તો એ છે કે દુનિયામાં એવુ કામ કરે જેના પ્રતાપે આખિરતની શર્મિંદગીથી સુરક્ષિત રહી શકે.

## ★ હઝરત શુઐબ علیہ السلام ની ક઼ોમ પર અઝાબ ★

અગાઉના અંબિયાએ કિરામ علیہ السلام ની ક઼ોમો ઉપર કયા કારણોથી અઝાબ નાઝિલ કરવામાં આવ્યો. અને તેમની વસ્તીઓ કેમ તબાહ કરી દેવામાં આવી, એનું વર્ણન કુર્આને મુક઼દસમાં વિગતવાર મૌજૂદ છે. આપણે તેનો અભ્યાસ કરવો જોઈએ અને તેનાથી બોધ લેવો જોઈએ.

હઝરત શુઐબ علیہ السلام ની ક઼ોમ આમ તો વિવિધ ગુનાહો અને નાફર્માનીઓમાં સપડાયેલ હતી, પરંતુ ખાસ એમનામાં જે અત્યંત ખરાબ આદત હતી તે એ હતી કે તેઓ માપતોલમાં ચીટિંગ કર્યા કરતા હતા. કુર્આને મુક઼દસ ઈર્શાદ ફર્માવે છે :–

وَاِلٰی مَدْیَنَ اَخَاھُمْ شُعَیْبًا ؕ قَالَ یٰقَوْمِ اعْبُدُوا اللّٰہَ مَا لَکُمْ مِّنْ اِلٰہٍ غَیْرُہٗ ؕ وَلَا تَنْقُصُوا الْمِکْیَالَ وَالْمِیْزَانَ اِنِّیْۤ اَرٰىكُمْ بِخَیْرٍ وَّاِنِّیْۤ اَخَافُ عَلَیْکُمْ عَذَابَ یَوْمٍ مُّحِیْطٍ ○ وَیٰقَوْمِ اَوْفُوا الْمِکْیَالَ وَالْمِیْزَانَ بِالْقِسْطِ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْیَآءَھُمْ وَلَا تَعْثَوْا فِی الْاَرْضِ مُفْسِدِیْنَ ○

''અને મદ્યન તરફ તેમના હમક઼ૌમ શુઐબને મોકલ્યા. કહ્યું, હે મારી ક઼ોમ ! અલ્લાહને પૂજો, તેના સિવાય અન્ય કોઈ મા'બૂદ નથી અને માપતોલમાં કમી ન કરો, બેશક ! હું તમને ખુશહાલ જોઉં છું. અને મને તમારા પર ઘેરી લેનાર દિવસના અઝાબનો ડર છે. અને હે મારી ક઼ોમ ! માપ અને તોલને ઈન્સાફની સાથે પૂરા કરો અને લોકોને તેમની વસ્તુઓ ઘટાડીને ન આપો અને જમીનમાં ફસાદ મચાવતા ન ફરો.

હઝરત શુઐબ علیہ السلام ના સમજાવવા છતાં પણ તેમની કોમ ન માની તો એમના પર ચિન્ઘાર (ભયાનક ગર્જના)નો અઝાબ નાઝિલ કરવામાં આવ્યો અને પૂરી ક઼ોમ બર્બાદ કરી દેવામાં આવી. આજે આપણા દરમિયાન પણ માપ તોલમાં કમી કરવાની બાબતો સામાન્ય થઈ ગઈ છે. આપણે શુઐબ علیہ السلام ની ક઼ોમ પર આવનાર અઝાબથી બોધ લેવો જોઈએ.

## ★ ધોકાથી હરામ માલ કમાવાનો અંજામ ★

આપણે એ જાણીએ છીએ કે જેટલા પ્રમાણમાં રોજી આપણા નસીબમાં છે તે આપણને મળશે, ભલે આપણે તેને પામવા માટે હલાલ રીત અપનાવીએ અથવા હરામ. છતાં પણ આપણે રિઝ્ક઼ની તલાશમાં એટલા આવારા થઈ જઈએ છીએ કે હલાલ હરામનો ફર્ક઼ ભૂલી જઈએ છીએ. ધોકો આપી અથવા નાજાઈઝ તરીક઼ો અપનાવી જે રોજી હાંસલ કરવામાં આવે છે તેનાથી થતી તબાહીઓનું વર્ણન ઠેકઠેકાણે થયેલું છે.

Web: www.barkatekhwaja.net

ટૂંકમાં અમુક હદીષો અહિંયા વર્ણન કરવામાં આવી રહી છે :–

**૦૧.** હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે : જેણે દુનિયામાં હરામ માલ કમાયો. અને ગૈર હક્કમાં ખર્ચ કર્યો તેને ઝિલ્લતના ઘરમાં નાખવામાં આવશે. પછી કેટલાય અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺના માલમાં ખયાનત કરવાવાળાઓ છે જેમના માટે કયામતના દિવસે અઝાબ હશે. અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે, كُلَّمَا خَبَتْ زِدْنٰهُمْ سَعِيْرًا "જ્યારે પણ બુઝવા પર આવશે અમે તેને અધિક ભડકાવી દઈશું."

*(શોઅબુલ ઈમાન લિલ્ બયહકી, ૪/૩૯૬)*

**૦૨.** આકાએ રહમત ﷺ ઈર્શાદ ફર્માવે છે : કયામતના દિવસે અમુક લોકોને લાવવામાં આવશે જેમની પાસે તિહામા પહાડોની જેટલી નેકીઓ હશે, ત્યાં સુધી કે જ્યારે તેમને લાવવામાં આવશે તો અલ્લાહ ﷻ તે નેકીઓને ઉડતી માટીની જેમ કરી દેશે, પછી તેમને જહન્નમમાં નાખી દેવામાં આવશે. અરજ કરવામાં આવી : યા રસૂલલ્લાહ ﷺ ! આ કઈ રીતે થશે ? ફર્માવ્યું : તેઓ નમાઝ પઢતા, ઝકાત દેતા, રોઝા રાખતા અને હજ કરતા હશે પરંતુ જ્યારે તેમને કોઈ હરામ ચીજ રજૂ કરવામાં આવતી તો તેને લઈ લેતા, એટલા માટે અલ્લાહ તઆલા તેમના અમલોને નષ્ટ કરી દેશે.

*(હિલ્યતુલ અવલિયા, ૧/૨૩૩)*

**૦૩.** એકવાર આકાએ કરીમ ﷺ એક આદમી પાસેથી પસાર થયા. જેના સમક્ષ અનાજનો ઢગલો રાખેલ હતો. અલ્લાહ તબારક વ તઆલાએ આપના પર વહી નાઝિલ ફર્માવી કે તેમાં પોતાના હાથ દાખલ કરો. આપે આવું કર્યું તો તે ઢગલાની અંદરની તરીથી આપ ﷺના મુબારક હાથ ભીના થઈ ગયા. આપ ﷺએ હાથ મુબારક બહાર કાઢી ફર્માવ્યું, હે અનાજવાળા ! આ શું છે ? તેણે અર્ઝ કરી ! યા રસૂલલ્લાહ ﷺ તેના પર વરસાદ પડયો હતો. આપ ﷺએ ફર્માવ્યું : તેં પલળી ગએલા અનાજને ઉપર કેમ ન રાખ્યું જેથી લોકો જોઈ લેતા ?! જેણે મિલાવટ કરી તે અમારામાંથી નથી.

*(સહીહ મુસ્લિમ, ૧/૬૯૫)*

**૦૪.** હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું : જેણે ઐબવાળી વસ્તુ વેચી અને એબ ન બતાવ્યો તે હમેશાં અલ્લાહ તઆલાની નારાઝગીમાં રહે છે. અથવા એ ફર્માવ્યું કે ફરિશ્તા તેના પર હમેશાં લા'નત મોકલતા રહે છે.

*(સુનને ઈબ્ને માજહ, ૧/૨૬૧૧)*

જાણવા મળ્યું કે છેતરપિંડીનો અંજામ બહુ ખતરનાક છે. કારણ કે રસૂલે અકરમ શાહે બની આદમ ﷺ એ જ વસ્તુના વિશે لَيْسَ مِنَّا "તે અમારામાંથી નથી" ફર્માવે છે જે અત્યંત બુરી હોય અને તેને કરનારને ખતરનાક મામલાની તરફ લઈ જાય.

ભેળસેળ કરનાર વ્યાપારીઓ અને અત્તર વેચનારાઓને પણ વિચારવું જોઈએ જે પોતાની ચીજોમાં એવી મિલાવટ કરે છે જે ખરીદનારથી છુપાએલ હોય છે ત્યાં સુધી કે અજાણમાં તે મિલાવટવાળી વસ્તુ ખરીદીને નુકસાનમાં પડી જાય છે.

માટે આપણે બે વાતોનો ખયાલ કરવો અત્યંત જરૂરી છે : **પ્રથમ** એ કે આપણે કોઈ વસ્તુમાં કોઈ પણ પ્રકારની મિલાવટ ન કરીએ. **બીજી** એ કે આપણી કોઈ વસ્તુ ખામીવાળી છે તો ખરીદનાર સમક્ષ તેની ખામી જાહેર કરી દઈએ. ઈમાનદારીથી કરેલ વ્યાપાર બરકતનું કારણ બને છે અને જે વ્યાપારમાં ધોકાબાજી હોય તે અલ્લાહના નજીક બુરી અને બરકત વિનાની છે.

Web: www.barkatekhwaja.net

# ફુતૂહુલ ગયબ

એટલે..... ગયબને જાહેર કરવું

ગૌષપાક رضی اللہ عنہ ના વાઅઝોનો સંગ્રહ

હપ્તો : ૦૨

❑ શરહકર્તા ❑

શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

❑ ઉર્દૂ અનુવાદક ❑

મૌલાના ઝહૂર અહમદ જીલાની-પાક.

❑ ગુજરાતી અનુવાદક ❑

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*"સુલ્તાનુલ્ અવલિયા ગૌષપાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ ની નૂરાની વઅઝોનો સંગ્રહ અત્રે રજૂ થઈ રહેલ છે. આપની વાણીમાં એવી રૂહાની અસર હતી કે હજારો કાફિરો આપના વઅઝોમાં કુફ્રથી તૌબા કરી ઈમાન લઈ આવતા હતા અને અસંખ્ય ગુનેહગારો તૌબા કરી ઈસ્લામના શરીઅતના તાબેદાર બની જતા હતા. તો આપણે પણ એ નિય્યતથી એને વાંચીએ કે આપણને પણ ખૌફે ખુદા સાથે નેક જિંદગી નસીબ થાય અને આપણી દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જાય."*

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## ★ મો'મિનના માટે જરૂરી ચીજો ★

**વઅઝ નં. ૧ :** હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે દરેક મુસલમાન માટે સર્વ હાલતોમાં ત્રણ ચીજોનું હોવું જરૂરી છે : (૧) અલ્લાહ તઆલાના હુકમનું પાલન કરે અને તેનું અનુસરણ કરે. (૨) શરીઅતની મના કરેલ બાબતોથી સંપૂર્ણપણે દૂર રહે. (૩) તક્દીરે ઈલાહી પર રાજી રહે.

મો'મિનનો અદના દરજો એ છે કે તે આ ત્રણેવ ચીજોમાં એકથી[૧] પણ કદાપિ વિમુખ ન રહે[૨]. જેથી એક મો'મિનની એ જ શાન છે કે તે ત્રણેવને વાજિબ ઠરાવીને હમેશાં એનો ઈરાદો કરતો રહે, તેને પોતાના નફ્સની સામે વર્ણન કરતો રહે[૩] અને પોતાનાં અંગો તથા ઉપાંગોને દરેક સમયે તેમનામાં મશગૂલ તથા કાર્યરત રાખે[૪].

૧. અમુક નુસ્ખાઓમાં શબ્દ اَحَدٌ નથી, અને આ અધિક જાહેર છે.

**૨. કઝા તથા કદરની તેહકીક :** قَدَرْ (કદર) દાલના ઝબર અને જઝમની સાથે બંને રીતે દુરુસ્ત છે. એટલે કે અલ્લાહ તઆલાએ કામોના બારામાં જે ફેંસલો તથા હુકમ ફર્માવી આપ્યો છે તે કદર છે. લુગાત (શબ્દકોશ)ની કિતાબ "સરાહ"માં છે કે કદર હરકત તથા સુકૂન બંને રીતે હોય શકે છે. એટલે કે અલ્લાહ તઆલાએ એમના પર જે હુકમ નિશ્ચિત કરી આપ્યો છે તે કદર છે. આ અર્થના લેહાઝથી કઝા તથા કદર એક જ ચીજ છે. અમુક હઝરાતે એ બંનેવમાં ફરક કર્યો છે કે અલ્લાહ તઆલાનો હુકમ અઝલી કઝા છે અને ભાવિમાં એ હુકમનું લાગુ થવું (અસ્તિત્વમાં આવવું) એ કદર છે. આ અર્થના એતબારથી કઝા એ કદર પર મુકદ્દમ (અગ્રતાવાળી) છે. ક્યારેક એનાથી ઉલ્ટુ પણ ઈત્લાક (લાગુ) કરી લે છે કે કદરથી મુરાદ તક્દીરે અઝલી છે અને કઝાથી મુરાદ એ તક્દીરે અઝલીના મુતાબિક પેદા કરવાનો તથા જાહેર કરવાનો હુકમ આપવુ છે.



Web: www.barkatekhwaja.net

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે કઝા તથા કદર હુકમના એતબારથી અઝલી છે અને બંનેવ એક જ ચીજ છે, તફાવત કેવળ એ છે કે કઝાનો સંબંધ અસ્બાબે કુલ્લિયહ (સર્વ બાબતો) દા.ત. રોશન તારા, અનાસિર (ચાર તત્વો પાણી, હવા, આગ, માટી) અને ફરિશ્તા વગેરેની સાથે છે, અને કદરનો સંબંધ એ સર્વ અસ્બાબ પર લાગુ થનાર અને તેની સાથે મોઅલ્લક હાદષાઓ (આધારિત ઘટનાઓ)ની સાથે છે.

૩. કે હમેશાં પોતાના બાતિન (અંતર)માં તેનું રીપીટેશન કરતો રહે તથા દોહરાવતો રહે અને એના વિશે ચિંતન મનન કરતો રહે.

**૪. અમ્રના પ્રકારો** : યાદ રાખશો કે અમ્રના બે પ્રકાર છે : (૧) અમ્રે ઈરાદી (૨) અમ્રે તશ્રીઈ. અમ્રે તશ્રીઈમાં અબૂદિયત (બંદાપણા)નો વઝીફો હુકમનું પાલન કરવું છે અને અમ્રે ઈરાદીમાં તસ્લીમ તથા રઝા છે. હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના કૌલ اَمْرٌ یَّمْتَثِلُہٗ وَ نَھْیٌ یَجْتَنِبُہٗથી પ્રથમ પ્રકારની તરફ અને قَدْرٌ یَرْضٰی بِہٖથી બીજા પ્રકારની તરફ નિર્દેશ કરી આપ્યો. ઈસ્લામ તથા સુલૂકના તરીકાના સર્વ મઝહબોનો ખુલાસો આ જ બે ચીજો છે.

## ★ નેકીઓ પ્રતિ આકર્ષણ ★

**વઅઝ નં. ૨** : હઝરત ગૌષે આ'ઝમ ફર્માવે છે : સુન્નતની પયરવી કરો અને બિદઅતો[૧]થી દૂર રહો. ખુદા તથા રસૂલના આજ્ઞાપાલનમાં મશગૂલ રહો અને તેમના હુકમોથી મોં ન ફેરવો. અલ્લાહ તઆલાને એકલો જાણો અને તેની સાથે કોઈને શરીક (ભાગીદાર) ન ઠરાવો[૨].

દરેક નાપસંદીદા કામ તથા અયબથી તેને પાક જાણો અને ઉલૂહિયત તથા હમ્દિયતના નામુનાસિબ (અયોગ્ય) વાતો કરીને તેના પર આક્ષેપબાજી ન કરો. દીને ઈસ્લામની હક્કાનિયત પર યકીન રાખો અને શંકા કુશંકામાં ન પડો. **મુસીબતો તથા તકલીફો પર સબ્ર કરો અને ગભરાવ નહીં, અડગ રહો અને ભાગવાનો માર્ગ ન શોધો.** ખુદાથી સવાલ કરવાને બુરુ ન સમજો અને પરેશાન થાવ[3].

૧. એટલે કે જે ચીજની અસ્લ (દલીલ) દીનમાં મૌજૂદ ન હોય.

૨. એ વાત માલૂમ હોવી જોઈએ કે દુનિયામાં સર્વ કાંઈ તેના ઈરાદા તથા કુદરતથી થઈ રહ્યું છે અને હકીકી તૌર પર તેના સિવાય કોઈ કાદિર તથા તસર્રુફ કરનાર નથી. یَفْعَلُ اللّٰہُ مَا یَشَاءُ وَ یَحْکُمُ مَا یُرِیْدُ "અલ્લાહ જે ચાહે છે કરે છે અને જેનો ઈરાદો કરે છે હુકમ આપે છે."

૩. સવાલ અફઝલ છે કે ખામોશી : એટલે કે તબીઅત તથા બશરીયતના તકાઝા હેઠળ હેતુની પ્રાપ્તિમાં મોડુ થવાને લીધે સવાલ કરવાથી રંજમય ન થાવ. પરંતુ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતની ધાક તથા અદબના પેશે નઝર અથવા એવું સમજીને કે અલ્લાહ તઆલા તેની હાલતોથી વાકેફ છે. અને તસ્લીમે કઝા (કઝાના સ્વીકાર)ના કારણે સવાલ ન કરવો એ એક અલગ મકામ છે કે જે સવાલ તથા તલબથી બુલંદતર છે. સૂફિયા આ બારામાં વિવિધ મંતવ્યવાળા છે, કે સવાલ તથા તલબ પસંદીદા (રાજેહ) છે અથવા અદબને લક્ષમાં રાખી ખામોશી અપનાવવી. મુખ્તાર (પસંદીદા) એ જ છે કે એમનામાંથી કોઈ પણ કાયદો કુલ્લિયહ નથી, સમયના તકાઝાના પ્રમાણે હુકમ લગાડવામાં આવશે અને એવું પણ કહ્યું છે કે તેમાંથી રાજેહનો ઈલ્મ સમય પર હાંસલ થઈ જાય છે. આ મસ્અલો આગલાં બયાનોમાં ખૂબ જ ખુલાસાવાર વર્ણન પામશે. ઈન્શાઅલ્લાહુ તઆલા !

દુઆની કૂબૂલિયત તથા અતાનો અસર જાહેર થવાના સમયની રાહ જુઓ ! ઉમ્મીદ રાખો[૪] અને નિરાશ ન થાવ[૫] આપસમાં ભાઈ ભાઈ બનીને રહો અને દુશ્મન ન બનો, ખુદાની બંદગીના માટે એકઠા રહો અને જમાઅતથી ન નીકળો. ખુદાની રઝાના ખાતર આપસમાં મહોબ્બત રાખો અને નફ્સના ખાતર કીનો તથા અદાવત ન રાખો. ગુનાહોથી સંપૂર્ણપણે બચો અને પોતાને તેની સાથે ગંદા ન કરો. અલ્લાહની બંદગીથી ખુદને સજ્જ કરો અને તેના દરવાજાથી પાછા ન હટો[૬].

તેની તરફ ધ્યાનિત રહેવાથી વિમુખ ન થાવ[૭] અને ગુનાહોથી તૌબા કરવામાં અને ગફલત છોડવામાં મોડુ ન કરો. રાત દિવસના કોઈ ભાગમાં ઈસ્તિગફાર તથા ઈબાદતોની સાથે ગુનાહો તથા ઉણપોથી માફી માગવાને તબીઅત પર બોજ ન જાણો. પછી કદાચ તમને રહમત તથા સઆદત (નેકનસીબી)થી નવાઝવામાં આવે, જહન્નમની આગથી દૂર અને જન્નતમાં ઈજ્જત તથા ઈનામની સાથે ખુશ કરવામાં આવે[૮]. અને તમને ખુદાવંદીનો વિસાલ મયસ્સર થઈ જાય અને દારુસ્સલામ (જન્નત)માં તમને નાઝ તથા નેઅમત અને કમાલ તથા એહસાનની સાથે પાકીઝા કુંવારીઓથી[૯] સરફરાઝ કરી દેવામાં આવે. અને વર્ણવેલ નેઅમતોમાં કાયમીપણુ તથા હમેશગી સામેલ હોય, અને તમને આ'લાતરીન ઘોડાઓ પર સવારીઓનો શરફ અતા કરવામાં આવે.

૪. અને ઉતાવળથી કામ ન લો.

૫. કેમ કે દુઆની કૂબૂલિયતનો વાયદો બરહક્ક઼ છે. એ પણ શક્ય કે ઈંતેઝારથી મુરાદ હેતુના માર્ગે ધ્યાનિત રહેવું હોય કે એ જ ઘડીએ હેતુ સિદ્ધ થઈ જાય અને મહબૂબ દરવાજાથી અંદર આવી જાય.

مدام یاد تو در جان اگر است مرا — ہمیشہ دیدۂ امید در رہست مرا

**અર્થાત** : "જે મારા દિલમાં તમારી યાદ રહે છે તો મારી ઉમ્મીદો ભરી નિગાહો રસ્તા પર લાગેલી રહે છે.

૬. આ કાયમી હુઝૂરી તથા તેની તરફ હમેશાં ઈલ્તિજા (અપીલ) કરતા રહેવાની તરફ નિર્દેશ છે. પરંતુ જો આજ્ઞાપાલન (ઈતાઅત)ની અસર જાહેર ન પણ થાય તો રંજ ન થવો જોઈએ અને પાછા ન હટવું જોઈએ.

૭. ભલે મુસીબતો તથા તકલીફો ઉતરી રહી હોય.

بہر جو رکہ آں مہ میکند از جا مرو حقی — کہ دلداری مرا شاید کہ مقصود امتحان باشد

તે ચાંદ જેટલા પ્રમાણમાં જફા કરે તમો પોતાની જગાએથી કદાપિ ન હટો, કેમ કે શક્ય છે કે તેનાથી મહબૂબનો હેતુ પરીક્ષા લેવાનો હોય.

૮. હકીકી મક઼સદ : કુર્આને હકીમમાં છે : فَهُمْ فِىْ رَوْضَةٍ يُّحْبَرُوْنَ "પછી તે બાગમાં ખુશ કરવામાં આવશે." જન્નતની સર્વ નેઅમતો, ખુશીઓ તથા અઝમતોમાં અસલ ચીજ, અને જન્નતમાં દાખલ થવાથી હકીકી હેતુ અલ્લાહ ﷻ નો દીદાર છે. رفت بر بوئی سر زلف تو حقی بچمن — ورنہ کے بوئی نسیم سحری بود غرض

૯. એક વહેમનું નિવારણ : એને જન્નતની ઉમદા નેઅમતોમાં ગણવામાં આવે છે. જેમ કે આ દુનિયામાં ગરાઈબે લઝ્ઝાત (અજબની લિજ્જતો)થી છે. આ પણ તે સ્થાનોમાંથી જ્યાં સંકુચિત દષ્ટિવાળા લોકોની બુદ્ધિ

સફેદ તથા કાળી મોટી આંખો, લાંબી પાંપણોવાળી, સુંદર શરીરવાળી હૂરો, ઉમદા ખુશ્બુઓ સુંદર અવાજવાળી લોંડીઓ. અને અન્ય નેઅમતોની[૧૦] સાથે ખુશ કરી દેવામાં આવશે[૧૧] અને તમોને સિદ્દીકો, શહીદો તથા સાલેહીનની સાથે મકામે ઈલ્લીય્યીનમાં ઉચ્ચ દરજાઓ અને ઉચ્ચ મર્તબાઓ પર બિરાજમાન કરી દેવામાં આવે[૧૨].

તથા કમાલની હકીકતથી અજ્ઞાન છે. સોહબત તથા સંભોગને નુકસાન સ્વરૂપે ધારીને એમાં મશગૂલ લોકોને ખેલકૂદવાળા (રમત ગમતવાળા) લોકો ઠરાવે છે. આ સમજની કમી તથા સન્યાસીપણાની વક્ર દષ્ટિ (ગલત વિચારણા)નું પરિણામ છે જ્યારે સર્વ લોકો એના પર ગર્વ તથા નાઝ કરતા ચાલ્યા આવ્યા છે. અંબિયા તથા રસૂલો علیہم السلام એ પણ એ કામ કરેલ છે. હઝરત સૈયદુર્રુસૂલ ﷺ નો ફેઅલ મુબારક જ તેના હસન (સારા) હોવા પર દલીલ માટે પૂરતો છે.)

દુનિયામાં જાહેર થવાનો પાયાનો સબબ, કામ કરવું અને કામ કબૂલ કરવું, તાસીર કરવી અને તાસીર સ્વીકારવાનું મૂળ કારણ જેટલા પ્રમાણમાં આ ફેઅલમાં જોવા મળે છે તે અન્ય બીજા કોઈ ફેઅલમાં મૌજૂદ નથી. અને ખુદ જન્નતની હિસ્સી (મહેસૂસ થતી) લિજ્જતો તથા નેઅમતો આધ્યાત્મિક (રૂહાની) તથા બૌદ્ધિક ખૂબીઓ તથા કમાલોનું પ્રતિબિંબ તથા ઉદ્ભવ સ્થાન છે એને દુનિયવી લિજ્જતો પર કયાસ નથી કરી શકતા. હા ! અહલે શૌકો વિજદાન આરિફોના હક્કમાં આ વાત ધારી શકાય છે.

**૧૦.** જે આ દુનિયામાં મયસ્સર થશે અને તેની ખૂબીઓના મૂળ સુધી પહોંચ શકય નથી.

**૧૧.** تُحْبَرُوْا જો حاء ની સાથે પઢવામાં આવે તો એનો અર્થ છે ખુશ કરી દેવામાં આવશે. تُجْبَرُوْا 'જીમ'ની સાથે એ શરતે કે આ રિવાયત જો સેહત (સહીહ હોવા) સુધી પહોંચી જાય તો તેનો અર્થ થશે કે તમારા નુકસાનને પૂર્ણ અને તમારી હાલતને દુરુસ્ત કરી દેવામાં આવે.

**૧૨.** વિલાયત નબુવ્વતનો પડછાયો (પ્રતિબિંબ) છે અને મકામે ગૌષે આ'ઝમ رضی اللہ عنہ : યાદ રાખશો કે આ કલામ હઝરત ખાતમુર્રુસૂલ ﷺ ની વિશિષ્ટતામાંથી જવામિઅલ્કલિમ (મને જામેઅ કલમા અતા કરવામાં આવ્યા છે)ની નૂરાનિયતનો અકસ તથા પ્રતિબિંબ છે. આ કલમાઓમાં દરેક વાક્ય જામેઅ (સમૃદ્ધ), રાહે કુર્બો વુસૂલના સાલિકીન (નિકટતા પામવાના માર્ગના રાહી)ના માટે અમલી બંધારણ તથા કાઈદાએ કુલ્લિયહ છે.

હકીકત એ છે કે જ્યારે વિલાયત નબુવ્વતનો પડછાયો છે, તો જે ચીજ અસલમાં મૌજૂદ હશે તે પડછાયામાં પણ જાહેર થશે. ખાસ કરીને હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની વિલાયતે કુબરા કે જે હઝરત સૈયદુલ મુરસલીનની નબુવ્વતની ઝાતનું સંપૂર્ણ પ્રતિબિંબ છે અને આપના આફતાબે કમાલનું લાઝવાલ (ખત્મ ન થનાર) નૂર છે. હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ એ જે ફર્માવ્યું છે એ નબુવ્વતની ઝબાનનું કલામ છે કે જે સિદ્દીકોનો મકામ તથા સ્થાન છે. كَلَامُ الْمُلُوْكِ مُلُوْكُ الْكَلَامِ કલામે ઈમામે–ઈમામે કલામ.

જરા એ વાતનો અંદાઝો તો કરો કે જ્યારે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ પોતાના બાતિની તસર્રુફ અને જાહોજલાલની સાથે મલકુલ મૌતની છુપી હસ્તીઓની મૌજૂદગીમાં મજલિસમાં હાજરજનોની સામે આ કલમા

ઈર્શાદ ફર્માવી રહ્યા હશે તો કેટલા પ્રમાણમાં તેમના દિલોમાં આકર્ષણ તથા નૂરાનિયત પેદા થઈ રહી હશે અને કેટલાં મુર્દા શરીરોમાં જાન આવી ગઈ હશે અને દીદારે ઈલાહીના શોખમાં કેટલાય જાન ફિદા કરનારાઓના જનાઝા ઉઠાવવામાં આવ્યા હશે, બલ્કે હક઼ીક઼ી હયાતીની સાથે જીવંત થઈ ગયા હશે. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !

اے لفظِ خوش تو موج دریائے کمال – عالم ز جواہرِ سخنت مالا مال

یک لفظ تو باہزار معنی دربر – اُوتِیتُ جَوَامِعَ الْکَلِم راست مثال

گر زندہ کنی ہزار جان در نفسے – گر جان بری از کرشمہ و ناز بسے

یُحْیِیْ وَ یُمِیْتُ ما توئی در عالَم – در ہر دو جہان جز تو نداریم کسے

તર્જુમો : (૧) હે મહબૂબ ! આપનો મુબારક કલમો કમાલના દરિયાની એક મોજ છે અને એક જહાન આપના ઈર્શાદોના જવાહિરોથી માલામાલ છે. (૨) આપના એક એક શબ્દમાં હજાર અર્થો છુપાયેલા છે. اُوْتِیْتُ جَوَامِعَ الْکَلِمِની સહીહ તસ્વીર છે. (૩) ક્યારેક એક શ્વાસમાં હજારો મુર્દા દિલોને ઝિંદા કરી આપે છે અને કદી નાઝો અંદાઝમાં આવીને કેટલાયનાં જીવ લઈ લે છે. (૪) અમારા માટે (દિલને) જીવંત કરનારા તથા (નફ્સને) મારનાર આપ જ છો અને મખ્લૂક઼ાતમાં આપના સિવાય અમારું અન્ય કોઈ નથી.

યાદ રાખશો કે હઝરત ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ અસલમાં અજમ વિસ્તારના રહેવાસી હતા. જવાનીની શરૂમાં જ સાચી તલબની રેહબરીમાં બગદાદ શરીફ તશરીફ લઈ ગયા. જાહેરી તથા બાતિની ઈલ્મોની પ્રાપ્તિ કરી અને ઈલ્મોની તક઼રીર તથા તા'બીરના કારણે ذُوالِلسَانَیْنِ وَالْبَیَانَیْنِના લક઼બથી સન્માનિત થઈને સર્વ ઈલાક઼ાવાળા પર અઝમતવાળા બની ગયા. કસબી તથા મુરૂસી (કોશિશથી તથા વારસાગત રીતે પામેલ) હુસ્ન તથા મલાહત (ઘઉં વર્ણ)ના કારણે અરબ દેશના શેર દિલ લોકોને શિકાર કરી લીધા અને પોતાની વિલાયતના પ્રભાવ હેઠળ સર્વ વિસ્તારના લોકોને ઘેરતાં સમયના અવલિયાની ગરદનો પર ક઼દમ મુબારક રાખ્યો.

આ વિષયને આપના શયદાઈ તથા ફિદાઈ, દરેક સમયે આપની બારગાહના મક઼બૂલ તથા નિકટવર્તી, સાહિબે ક઼દરે આલી, ઉચ્ચ મર્તબાવાળા હઝરત શાહ અબુલ મઆલી رحمۃ اللہ علیہએ મજાઝી લિબાસમાં પોતના ખલ્વત નશીનોને જલ્વો આપતાં આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો :–

آن ترک عجم چوں زمے حسن طرب کرد – بر پشت سمند آمدہ و صیدِ عرب کرد

چوں کاکل ترکانہ برانداخت ز مستی – غارت گری کوفہ و بغداد و حلب کرد

خوباں کہ ز خوبی چو گلے و لالہ نمودند – نازاں ہمہ را زیر قدم کرد عجب کرد

داری خبرے اے مرجبلی! کہ معالی – بر یاد تو القادر قادر ہمہ شب کرد

વધુ પેજ 45 પર..

તઝકેરતુલ અવલિયા

# રહમતુલ્લાહ અલયહિ હઝરત બિશ્ર હાફીના હાલાત તથા ખૂબીઓ

હપ્તો 30

**ઓળખ :** આપને કશ્ફ તથા મુજાહિદાઓમાં સંપૂર્ણ પહોંચ મયસ્સર હતી. આપ ઉસૂલે શરઅના ઘણા જ મહાન આલિમ હતા અને પોતાના મામા અલી હશ્રમના હાથ પર બયઅત થયા હતા. મરૂમાં જન્મ થયો અને બગદાદમાં મુકીમ રહ્યા. આપની તૌબાનો બનાવ આ પ્રમાણે છે કે એક વાર દીવાનગીની હાલતમાં ક્યાંક ચાલતા જઈ રહ્યા હતા એવામાં રસ્તામાં એક કાગળ પડેલો મળ્યો જેના પર ''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ'' લખેલુ હતું. આપે એ કાગળને અત્તર વડે સુગંધિત કરીને કોઈ ઉચ્ચ સ્થાન પર રાખી દીધો. અને તે જ રાતે ખ્વાબમાં કોઈ દુરવેશને અલ્લાહ તરફથી એ હુકમ મળ્યો કે બિશ્ર હાફીને એ ખુશખબરી સંભળાવી દો કે અમારા નામને અત્તરથી સુગંધિત કરીને જે તમે તા'ઝીમ સાથે એક ઉચ્ચ સ્થાન પર રાખી દીધું છે તેના કારણે અમે તમને પણ પાકીઝા મર્તબા અતા કરીશું. જાગૃત થતાં તે દુરવેશને એવો ખયાલ આવ્યો કે બિશ્ર હાફી તો ફિસ્કો ફુજૂરમાં (ગુનાહોમાં) સપડાયેલ રહે છે જેથી મારો ખ્વાબ સહીહ નથી. પરંતુ બીજી તથા ત્રીજીવાર પણ જ્યારે એ જ ખ્વાબ આવ્યો તો તે આપના ઘરે પહોંચ્યા. ત્યાંથી ખબર મળી કે આપ શરાબખાનામાં છે. જ્યારે તે દુરવેશ શરાબખાને પહોંચ્યા તો જાણવા મળ્યું કે બિશ્ર હાફી નશામાં ચૂર બેહોશ હાલતમાં પડેલા છે. તેમણે લોકોને કહ્યું કે તેમને જઈને કહી દો કે હું તમારા માટે એક જરૂરી પયગામ લાવ્યો છું. જેથી જ્યારે લોકોએ આપને કહ્યું તો ફર્માવ્યું કે ન જાણે અલ્લાહના ગઝબનો પયગામ છે કે સજાનો ! અને આવું કહીને શરાબખાનાથી હમેશાં માટે તૌબા કરીને નીકળ્યા, જેના પછી અલ્લાહ તબારક વ તઆલાએ તે મહાન મર્તબા આપને અતા કર્યા કે આપનો ઉલ્લેખ પણ દિલો માટે સુકૂનનો સબબ બની ગયો. અને આપ એ એહસાસના કારણે ઉઘાડા પગે રહ્યા કરતા હતા કે જમીનને અલ્લાહ તઆલાએ ફર્શ ફર્માવેલ છે એટલા માટે શાહી ફર્શ પર જોડા પહેરીને ચાલવું આદાબની વિરુદ્ધ છે. એના જ કારણે આપને ''હાફી'' (ઉઘાડા પગવાળા) કહેવામાં આવે છે.

**આપના જીવનના બનાવો :** અવલિયાએ કિરામની એક એવી જમાઅત પણ હતી જેઓ ન તો ઢેફા વડે ઈસ્તિંજા કરતા હતા અને ન જમીન પર થૂકતા હતા, કેમ કે તેમને દરેક ચીજમાં અને દરેક જગાએ અન્વારે ઈલાહીનો ઝહૂર મહેસૂસ થતો હતો, જેમ કે બિશ્ર હાફીનો પણ એ જ જમાઅતથી સંબંધ હતો. અને અમુક સૂફીઓની નજીક કેમ કે નૂરે ઈલાહી સાલિકની આંખોમાં વસેલું રહે છે એટલા માટે તેને દરેક જગાએ ખુદા સિવાય કાંઈ નજર નથી આવતુ. એક રિવાયતમાં છે કે હુઝૂરે અકરમ ﷺ હઝરત ષઅલ્બાની મૈયતની સાથે અંગૂઠાઓ પર ઉભા રહી ચાલી રહ્યા હતા, અને ફર્માવતા હતા કે મને એ ડર છે કે ક્યાંક ફરિશ્તાઓની પાંખો પર મારો કદમ ન પડી જાય.

હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ મોટાભાગે આપના જ સાથમાં રહેતા હતા અને આપના અકીદતમંદોમાંથી હતા. જેથી જ્યારે આપના શાગિર્દોએ પૂછયું કે મુહદ્દિષ તથા ફકીહ હોવા છતાં આપ એક દીવાનાની સાથે શા માટે રહો છો ? ફર્માવ્યું કે મને મારા ઈલ્મ પર તો સંપૂર્ણ પહોંચ હાંસલ છે

❒ અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ ❒ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

Web: www.barkatekhwaja.net

પણ આ દીવાનો અલ્લાહ તઆલાને મારા કરતાં અધિક જાણે છે. એટલા માટે ઈમામ સાહબ મોટા ભાગે આપનાથી વિનંતિ કરતા કે મને ખુદાની વાતો સંભળાવો. નકલ થયેલ છે કે એકવાર આપ આલમે તહય્યૂરમાં પૂરી રાત ઘરના દરવાજા પર એક ક઼દમ અંદર એક ક઼દમ બહાર રાખીને ઉભા રહ્યા. પછી એકવાર છત પર ચડતાં પૂરી રાત પગથિયા પર ઉભા રહીને પસાર કરી. અને જ્યારે ફજરની નમાઝના સમયે આપ પોતાની બહેનના ત્યાં પહોંચ્યા તો તેમણે કહ્યું કે આ શું હાલત બનાવી રાખી છે ?! ફર્માવ્યું કે હું એ ખયાલોમાં ડૂબેલો છું કે બગદાદમાં બે ગેરમુસ્લિમોનાં નામ પણ બિશ્ર છે અને મારું નામ પણ એ જ છે. પરંતુ ન જાણે અલ્લાહ તઆલાએ મને ઈસ્લામની દૌલતથી કેમ નવાઝયો અને તેમને કેમ મહેરૂમ રાખ્યા !

એકવાર બનૂ ઈસ્રાઈલના મેદાનમાં હઝરત બિલાલ ખવાસની મુલાકાત હઝરત ખિઝરથી થઈ તો બિલાલ ખવાસે પૂછયું કે ઈમામ શાફઈના વિશે આપની શું રાય છે ? હઝરત ખિઝરે ફર્માવ્યું કે તે અવતાદમાંથી છે. અને જ્યારે ઈમામ હંબલના બારામાં પૂછયું તો ફર્માવ્યું કે તેમની ગણના સિદ્દીક઼ોમાં થાય છે. અને જ્યારે બિશ્ર હાફીના વિશે પૂછયું તો ફર્માવ્યું કે તે જમાનાના મુન્ફરિદ (અનોખા) છે. હઝરત અબ્દુલ્લાહ કહે છે કે મેં ઝુન્નૂન મિસ્રીને ઈબાદત સાથે જોડાયેલા પામ્યા અને હઝરત સુહેલને ઈશારાઓ પર ચાલનારા જોયા અને બિશ્ર હાફીને તક઼વામાં અનોખા પામ્યા. લોકોએ પૂછયું કે તો પછી આપનો ઝુકાવ કોના તરફ છે ? ફર્માવ્યું કે બિશ્ર હાફીની તરફ કેમ કે તે મારા ઉસ્તાદ પણ છે.

હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہએ મુહદ્દિષ બન્યા બાદ અન્ય સર્વ ઈલ્મોની કિતાબોને જમીનમાં દફન કરી આપી હતી, પરંતુ તેમ છતાં પણ હદીષ કદી નથી વર્ણવી. અને એવું ફર્માવતા હતા કે હું એ કારણે હદીષ વર્ણન નથી કરતો કે મારી અંદર ખ્યાતિ મેળવવાની ભાવના છે, અને જો આ ખામી ન હોત તો હું જરૂર હદીષ વર્ણન કરત.

એકવાર લોકોએ અર્ઝ કરી કે જ્યારે બગદાદમાં હલાલ રોજીની તમીઝ બાકી ન રહી તો આપના ખાવાની શું વ્યવસ્થા છે ? ફર્માવ્યું કે જે જગાએથી તમો ખાવ છો ત્યાંથી હું પણ ખાઉં છું. અને જ્યારે લોકોએ સવાલ કર્યો કે આ મહાન મર્તબા આપને કેવી રીતે પ્રાપ્ત થયા ? ફર્માવ્યું કે એક કોળીયાની ભૂખ છોડીને. કેમ કે હસવાવાળો ખાયને રડવાવાળાની બરાબર નથી થઈ શકતો અને હલાલ રોજીમાં પણ ફુઝૂલખર્ચીનો અંદેશો બાકી રહે છે. પછી કોઈએ આપને પૂછયું કે સાલન કઈ ચીજનું ખાવું જોઈએ ? ફર્માવ્યું કે સલામતીવાળુ સાલન ખાવું જોઈએ. મશહૂર છે કે આપે ૪૦ વરસો સુધી ઈચ્છા હોવા છતાં કદી બકરીના માથાનો ભાગ નથી ખાધો. અને હમેશાં બાકિલા (એક ચીજ)ની તરકારી ખાવા માટે જીવ ચાહતો રહ્યો પણ કદી ખાધી નહીં. અને કદી ગવર્નમેન્ટની ચાલુ કરેલ નહેરથી પાણી નથી પીધું. વળી એકવાર લોકોએ જ્યારે એ સવાલ કર્યો કે આ મર્તબા કેવી રીતે પ્રાપ્ત થયા ? તો ફર્માવ્યું, ખુદા સિવાય મેં કદી કોઈના પર હાલતનું વર્ણન નથી કર્યું. અને હું વઅઝ તથા નસીહત કરતાં એ બેહતર ખયાલ કરું છું કે લોકોની સામે ખુદાનો ઝિક્ર કરતો રહું. કોઈએ આપને શિયાળાની ઋતુમાં ઉઘાડા શરીરે કાંપતા જોઈને પૂછયું કે આપ આટલી તકલીફો શા માટે વેઠો છો ? ફર્માવ્યું, એ કારણે કે આ ઠંડીમાં ફક઼ીરો જરૂરતમંદ હશે તેમનો શો હાલ હશે, અને મારી પાસે એટલું આપવા માટે નથી કે તેમની હાજતો પૂરી કરી શકું, એટલા માટે શારીરિક તૌર પર તેમનો ભાગીદાર રહું છું.

Web.: www.barkatekhwaja.net

હઝરત અહમદ બિન ઈબ્રાહીમ અલ્મુત્તલિબ ફર્માવે છે કે એકવાર હઝરત બિશ્રએ મને ફર્માવ્યું કે હઝરત મઅરૂફને મારો આ પયગામ પહોંચાડી આપજો કે હું ફજરની નમાઝ બાદ આપની પાસે આવીશ. પરંતુ આપ ઈશાના સમયે પણ તશરીફ ન લાવ્યા. જેથી હું રાહ જ જોઈ રહ્યો હતો તો જોયું કે આપ આપનો મુસલ્લો ઉઠાવીને દજલા નદીના કિનારે પહોંચ્યા અને પાણીની ઉપર ચાલીને સવાર સુધી હઝરત મઅરૂફ સાથે વાતચીતમાં વ્યસ્ત રહ્યા અને સવારે પાછા પાણી પર ચાલીને પાછા આવી ગયા. એ વખતે મેં કદમ પકડીને મારા માટે દુઆની દરખાસ્ત કરી તો દુઆ આપીને ફર્માવ્યું કે જે કાંઈ મેં જોયું છે તેને મારી હયાતમાં કોઈને વર્ણન ન કરશો. કોઈ ઈજતેમામાં આપ રઝીએ ઈલાહીના અવસાફ વર્ણવી રહ્યા હતા. એવામાં એક શખ્સે અર્ઝ કરી કે એ તો અમે સારી રીતે જાણીએ છીએ કે આપ ખૂબ જ બાસફા, બાકમાલ તથા મખ્લૂક઼થી બેનિયાઝ છો. પરંતુ એમાં શું વાંધો છે કે છે કે છુપી રીતે અન્યોથી કાંઈક લઈને ફક઼ીરોમાં વહેંચી દીધા કરો ?! જો કે એ વાત આપને નાપસંદ પડી છતાં પણ મુસ્કુરાઈને ફર્માવ્યું કે, ફક઼ીરોના પણ ત્રણ પ્રકાર છે : **પ્રથમ** એ કે જેઓ ન તો મખ્લૂક઼ પાસે કાંઈ માગે છે અને ન તો કોઈકના કાંઈક આપવા છતાં તેમનાથી કાંઈ લે છે. તેમની ગણના તો એવા રૂહાની બંદાઓમાં થાય છે કે જે કાંઈ ખુદા તઆલાથી માગે છે તે મળી જાય છે. **બીજા** તે જેઓ ખુદ તો કોઈનાથી નથી માગતા, પરંતુ જો કોઈ આપી દે તો ક઼બૂલ કરી લે છે. એઓ મધ્યમ પ્રકારના મુતવક્કિલ હોય છે અને તેમને જન્નતની સર્વ નેઅમતો હાંસલ થશે. **ત્રીજા** તે જેઓ નફસકુશી કરતાં સબ્ર તથા સંયમથી કામ લઈને ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહે છે. *(ક્રમશઃ)*

પેજ 33 નું ચાલુ..

**નોંધ** : ઉપરોક્ત કિતાબો ઉપરાંત ઓડીયોના રૂપે અમૂલ્ય વાતો, બુખારી શરીફનો ઉર્દૂમાં દર્સ, ઈન્ટરનેટ પર દર રવિવારે ઈશા બાદ ઓન લાઈન અરબી સવાલના અરબીમાં, ઈંગ્લિશના ઈંગ્લિશમાં, ઉર્દૂના ઉર્દૂમાં જવાબ, ઈન્ટરનેટ પર મૌજૂદ છે. અલ્લાહ તઆલા ઈલ્મવાળા અક઼ીદતમંદોમાંથી કોઈને તૌફીક઼ બખ્શે અને તેને લખાણ સ્વરૂપમાં લાવે.

જે કિતાબોનો આપે અનુવાદ કર્યો છે, ચાહે તે અરબીમાં હોય કે ઉર્દૂમાં, તેના પર આપનો હાશિયો પણ છે. મેં કેવળ "અલ્મોઅતક઼દ મઅલ મુઅતમદુલ મુસ્તનદ" તથા "અન્વારુલ મન્નાન"ના હાશિયાનો કિતાબોમાં ઉલ્લેખ કર્યો છે. આ હાશિયાઓની પણ આપની કિતાબોમાં ગણના થઈ શકે છે. અભ્યાસ દરમ્યાન મર્કઝી દારુલ ઈફતામાં મેં જોયું કે તે કિતાબો જે મૌલાના અઝહરીના અભ્યાસ હેઠળ રહી છે તેમાંથી અમુક કિતાબો પર આપની તઅલીક઼ાત તથા હાશિયા છે, તેને મેં "તહરીરાતે મૌલાના અઝહરી"માં ગણેલ છે.

આપે જે પત્રો લખ્યા છે, તેમાંથી અમુકની કોપીઓ દારુલ ઈફતામાં હતી તેમને મેં વાંચ્યા છે. તે જબરદસ્ત ઈલ્મી ખજાનો છે. જો હઝરતના પત્રો મળી જાય અને તેને એકત્ર કરીને છાપવામાં આવે તો એક સંપૂર્ણ કિતાબની હૈસિયત ધરાવે. આપે ઉલમાએ અહલે સુન્નતની કિતાબો પર જે તકરીઝો (પ્રશંસાઓ) લખી છે તે મોટી સંખ્યામાં છે, તેમને પણ એક જગાએ ભેગી કરવામાં આવે તો ઉર્દૂ સાહિત્યમાં વધારો થઈ જાય. મદ્રસાઓ, મસ્જિદો, મક્તબો, તન્ઝીમ, તેહરીક જેનો સંબંધ અહલે સુન્નતથી છે તેમનું નિરીક્ષણ બાબતે અથવા તેમની સરપરસ્તી સ્વીકાર કરતાં લખાણો અથવા સહાય કરવાના માટેની હઝરતનાં બાબરકત લખાણો પણ એટલા પ્રમાણમાં છે કે તેને એકત્ર કરવામાં આવે તો ઉર્દૂ સાહિત્યનો ઉમદા નમૂનો પુરવાર થાય. *(ક્રમશઃ)*

Web.: www.barkatekhwaja.net

# તાજુશ્શરીઅહના



## જીવનચરિત્રની ઝલકો

હપ્તો : ૧૧

## આપની લખેલી કિતાબો તથા અનુવાદો

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ એ પોતાની એકદમ વ્યસ્તતા હોવા છતાં કલમ સાથે અતૂટ સંબંધ જોડી રાખ્યો. આપે વિવિધ વિષયો પર કિતાબો લખી છે અને ઘણી કિતાબોનો અનુવાદ પણ કર્યો છે. નીચેના લખાણમાં અમો એની સંક્ષિપ્ત યાદી રજૂ કરીએ છીએ.

**ઉર્દૂ કિતાબો :** (૧) શરહે હદીષે નિયત (૨) હિજરતે રસૂલ ﷺ (૩) આષારે કયામત (૪) સુનો! ચુપ રહો! (૫) ટાઈ કા મસ્અલા (૬) તીન તલાકોં કા શરઈ હુકમ (૭) તસ્વીર કા હુકમ (૮) દિફાએ કન્ઝુલ ઈમાન (૯) અલ્હક્કુલ મુબીન (૧૦) ટી.વી. ઔર વીડિયો કા ઓપરેશન મઅ શરઈ હુકમ (૧૧) અલ્કૌલુલ ફાઈક બહુકમે ઈક્તેદા ઈલ ફાસિક (૧૩) કયા દીન કી મુહિમ પૂરી હો ચુકી–મકાલા (૧૪) મુતઅદિદ ફિક્હી મકાલાત (વિવિધ લેખો) (૧૫) જશ્ને ઈદે મીલાદુન્નબી–મકાલા (૧૬) સઊદી મઝાલિમ કી કહાની અખ્તર રઝા કી ઝબાની (૧૭) અલ્મવાહિબુર્રઝવિય્યહ ફિલ્ફતાવલ્અઝહરિય્યહ (૧૮) મિન્હતુલ બારી ફી શરહુલ બુખારી (૧૯) તરાજિમે કુર્આનમેં કન્ઝુલ ઈમાન કી કૈફિયત (૨૦) નૂહ હા મીમ કેલરકે કે સવાલાતે જવાબાત (કુફ્ર, ઈમાન, તકફીર) (૨૧) હાશિયા મોઅતકદુલ મુસ્તનદ (૨૨) અન્વારુલ મન્નાન ફી તૌહીદિલ કુર્આન (૨૩) અલ્ મોઅતકદુલ્ મુન્તકદ મઉલ અલ્મોઅતમદિલ મુસ્તનદ (તર્જુમો) (૨૪) અઝ્ઝુલાલુલ અન્કા અન બહરિલ સબકહુલ અત્કા (૨૫) મલ્ફૂઝાતે તાજુશ્શરીઅહ (૨૬) તકદીમે તજલ્લિયતુસ્સલમ ફી મસાઈલે નિસ્ફુલ ઈલમ (૨૭) તર્જુમા કસીદતાને રાઈઅ્તાન (૨૮) ફઝીલતે નસબ (તર્જુમા ઈરાઅતુલ અદબ લિ ફાઝિલુન્નસબ) (૨૯) એક ગલતફહમી કા ઈઝાલા (૩૦) હાશિયા અન્વારુલ મન્નાન (૩૧) રુયતે હિલાલ (૩૨) ચલતી ટ્રેન પર નમાઝ કા હુકમ (૩૩) ફઝીલતે સિદ્દીકે અકબર વ ફારૂકે આ'ઝમ (૩૪) તઅરીબે ફતાવર્રઝવિય્યહ (જિલ્દ : ૧)

**અરબી કિતાબો :** (૩૫) અલ્હક્કુલ મુબીન (૩૬) અસ્સહાબતુ નુજૂમુલ ઈહતિદા (૩૭) શરહો હદીષિલ ઈખ્લાસ (૩૮) સદુલ મશારિઅ અલા મન્યકૂલુ અન્નદીન યસ્તગ્ની અનિશ્શારિઅ (૩૯) તહકીક અન અબા ઈબ્રાહીમ તારુખ લા આઝર (૪૦) નબ્ઝતિ હમાતિલ ઈમામ અહમદ રઝા (૪૧) મિર્અતુન્નજદિયહ બિ જવાબિલ્ બરેલ્વિયહ (હકીકતુલ બરેલ્વિયહ) (૪૨) હાશિયતુલ અઝહરી અલા સહીહુલ બુખારી (૪૩) સફીનએ બખ્શિશ (દીવાન : અરબી / ઉર્દૂ) (૪૪) ઈહલાકુલ વહાબિય્યીન અલા તૌહીનિલ કુબૂરિલ મુસ્લિમીન (તઅરીબ) (૪૫) શમૂલુલ ઈસ્લામ લિ ઉસૂલિર્રસૂલિલ્ કિરામ (તઅરીબ) (૪૬) અલ્હાદિલ કાફ્ફે ફી હુક્મિઝ્ ઝિઆફ (તઅરીબ) (૪૭) બરકાતુલ ઈમ્દાદ લિ અહલિલ્ ઈસ્તિમ્દાદ (તઅરીબ) (૪૮) અતાયલ્ કદીર ફી હુક્મિત્તસ્વીર (તઅરીબ) (૪૯) તયસીરુલ માઊન લિસ્ સકનિ ફિત્તાઊન (તઅબીર) (૫૦) કવારિઉલ કહહાર ફી રદ્દિલ મુજસ્સતિલ ફુજ્જાર (તઅરીબ) (૫૧) સુબ્હાનસ્સુબ્બૂહ (તઅરીબ) (૫૨) અલ્કમઉલ મુબીન લિ અમાલુલ મુકઝ્ઝિબીન (૫૩) અન્નહયુલ અકીદ (તઅરીબ) (૫૪) હાજીઝૂલ બહરૈન (તઅરીબ) (૫૫) ફિક્હો શહન્શાહ અન્નલ કુલૂબ બિયદિલ મહબૂબે અતા ઈલ્લાહ (તઅરીબ) (૫૬) અલ ફરદા ફી શરહે કસીદાતુલ બુર્દા (૫૭) નગ્માતુલ અખ્તર

**અંગ્રેજી કિતાબો :** (૫૮) Few English Fatawa (૫૯) ટાઈ કા મસ્અલા (૬૦) અઝહરુલ ફતાવા (૬૧) A just answer to the blased author

વધુ પેજ 32 પર..

Web.: www.barkatekhwaja.net

# ગુનાહોથી બચવું અનિવાર્ય !

અઝ
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અનુવાદક
**હાફેઝ મુહમ્મદસજ્જાદ પટેલ**
*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

**નમાઝો પઢવી, રોઝા રાખવા, ઉમરા પર ઉમરા કરવા અને તહજ્જુદ પઢવા છતાંય ઈન્સાનોમાં બેક઼રારી કેમ જોવા મળે છે ?!**

આજના સમયમાં એક વિચાર એવો પણ બની ગયો છે કે જે વધારે ઈબાદત કરવાની આદત ધરાવતો હોય તેને દુનિયા ખૂબ મોટો ઈબાદત કરવાવાળો સમજે છે. જેમ કે નમાઝે અવ્વાબીન, ઈશ્રાક઼ની નમાઝ, નફ્લ રોઝા રાખવાવાળાને જોયા પછી એ કહે છે કે તે ઘણો જ ઈબાદત કરવાવાળો છે. પરંતુ કુર્આન શરીફ અને હદીષ શરીફનો અભ્યાસ કર્યા પછી એ વાત બિલ્કુલ જાહેર થઈ જાય છે કે ફકત ઈબાદતની અધિકતા કારણે બંદાને મોટો ઈબાદત ગુઝાર માનવામાં નથી આવતો. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, اِتَّقِ الْمَحَارِمَ تَكُنْ اَعْبَدَ النَّاسِ "ગુનાહોથી બચતા રહો સૌથી મોટા ઈબાદતગુઝાર બની જશો." *(રવાહા, તિર્મિઝી)*

હાલની પરિસ્થિતિ એવી છે કે મનુષ્ય નમાઝ પણ પઢે છે અને ગુનાહ પણ કરે છે, રોઝા પણ રાખે છે અને ફિલ્મ પણ જુએ છે, જેના કારણે બંદામાં જે ફેરફાર આવવો જોઈએ તે જોવામાં આવતો નથી. કુર્આને જ્યારે અલ્લાહના વલીની ઓળખાણ બયાન ફર્માવી તો તેમાં ખાસ રીતે આ ફર્માવ્યું, اِنْ اَوْلِيَآءُهٗٓ اِلَّا الْمُتَّقُوْنَ "તેના અવલિયા તો પરહેઝગાર જ છે." *(અન્ફાલ, ૮/૩૪)* આજે આપણી પરિસ્થિતિ એ છે કે આપણી ક઼ૌમ વધારે પડતી નફ્લ બાજુ ધ્યાન આપે છે અને ગુનાહોથી બચવાની તરફ ધ્યાન નથી આપતી. જ્યારે અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવ્યો, وَذَرُوْا ظَاهِرَ الْاِثْمِ وَبَاطِنَهٗ "જાહેર અને છુપાયેલ ગુનાહોને છોડી દો." જ્યાં સુધી આપણી જિંદગીનો સંબંધ ગુનાહોથી તૂટશે નહીં ત્યાં સુધી આપણે કામ્યાબી અને કામરાની નહીં મળી શકે, અને ન આપણા દિલોને સુકૂન શાંતિની દોલત મળશે. નમાઝો પઢવી, રોઝા રાખવા, ઉમરા પર ઉમરા કરવા અને તહજ્જુદ પઢવા છતાંય મનુષ્યોમાં અશાંતિ કેમ જોવા મળે છે ?! હક઼ીક઼તમાં આ **બેક઼રારી અને બેચૈનીનું સૌથી મહાન કારણ અલ્લાહની નાફર્માની અને આપણુ ગુનાહોમાં સપડાયેલા રહેવું** છે. એટલા માટે અલ્લાહવાળાઓએ પોતાની જિંદગીમાં જે વસ્તુને વધારે મહત્વ આપ્યું એ ઈબાદતની અધિક્તાની સાથે ગુનાહોથી અને બચવું હતું.

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ઈબાદત કરવાવાળાઓમાં કોઈ ઈબાદત અલ્લાહની મના કરેલ વસ્તુઓથી બચવું અને તેને છોડવાથી વધારે સારી નથી. હઝરત ઈબ્ને મુબારક رضی اللہ عنہએ કહ્યું કે, જે દિરહમમાં શક હોય તેને છોડી દઉં તે મને વધારે પસંદ છે કે એક લાખ દિરહમ સદક઼ો કરું. આ રીતે કહેતાં કહેતાં તેમણે ૬ લાખ સુધી ગણાવ્યું.

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ફર્માવે છે, હું ચાહું છું કે ફર્ઝ અને વિત્રના સિવાય કોઈ નફ્લ ન પઢું, ઝકાતના સિવાય કોઈ સદક઼ો ન

Web. www.barkatekhwaja.net

આપું, રમઝાનના રોઝા સિવાય કોઈ રોઝા ન રાખું અને ફર્ઝ હજ્જના સિવાય કોઈ નફલ હજ્જ ન કરું અને હું પછી મારી બધી તાકતને અલ્લાહ તઆલાની હરામ કરેલ વસ્તુઓને છોડવામાં લગાડી આપું.

હઝરત કાઝી અબ્દુલ વાહિદ رحمۃ اللہ علیہ જે તબએ તાબઈનમાંથી છે અને હઝરત હસન બસરી رحمۃ اللہ علیہના શાગિર્દોમાંથી છે. તે ઈર્શાદ ફર્માવે છે કે, **તેણે અલ્લાહને નથી ઓળખ્યો જેણે એકાંતમાં અલ્લાહ તઆલાથી હયા ન કરી.**

તક્વાવાળાને અલ્લાહ તઆલા ઈજ્જતવાળો બનાવી આપે છે. કુર્આને મુકદસમાં છે, اِنَّ اَکْرَمَکُمْ عِنْدَ اللّٰہِ اَتْقٰکُمْ અને આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઘણી પ્યારી વાત ઈર્શાદ ફર્માવી, "જે વ્યક્તિ એવું ચાહું છે કે બધા જ લોકોમાં સૌથી વધારે મુકર્રમ થઈ જાય તો તે અલ્લાહ તઆલાનો તક્વો અપનાવે." **આજે આપણે ઈબાદત અને તસ્બીહના ઘણા ફઝાઈલ બયાન કરીએ છીએ, પરંતુ નમાઝ અને ઈબાદત હોવા છતાંય એકાંતમાં ગુનાહોમાં સપડાય જઈએ છીએ.** આપણે જોઈએ કે આપણે ગુનાહોથી બચીએ, ગુનાહોથી બચવાના બદલામાં આપણે અલ્લાહ અને તેના મખ્લૂકની નિગાહમાં ઈજ્જતવાળા બની જાશું. અને યાદ રાખો કે **જ્યાં સુધી આપણુ ઝમીર આપણને ગુનાહોથી નહીં રોકે આપણે કોઈપણ રીતે ઈજ્જત મેળવી શક્તા નથી.** મારો આ કૌલ દિમાગમાં રાખી લો કે, **"ગુનાહ મનુષ્યને કમજોર કરે છે, અને નેકી મનુષ્યને તાકતવર બનાવે છે."** આપણી બુઝદિલી (કાયરતા)નું સૌથી મોટુ કારણ ગુનાહોમાં સપડાયેલ રહેવું છે અને અવલિયા અલ્લાહની તાકતનું કારણ ગુનાહોથી બચવું છે. અલ્લાહ તબારક વ તઆલા આપણા બધાને ગુનાહોથી બચવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, એપ્રિલ.–૨૦૨૦, મુંબઈ)*

***મુફસ્સિરે કુર્આન ખલીફએ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના ઝહીરૂદ્દીન ખાન રઝવીના બીજી વખત કુર્આનની તફસીર મુકમ્મલ કરવાના મોકા પર....***



# જશ્ને ખત્મે તફસીરે કુર્આન

**રજૂકર્તા : મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી**
*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ સીટી, ખતીબો ઈમામ પીર છત્તર મસ્જિદ–ભરૂચ)*

૧૦ ફેબ્રુઆરી સોમવારના દિવસે સુન્ની દા'વતે ઈસ્લામીનુ મર્કઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ, મુંબઈ–૩માં ખત્મે તફસીરે કુર્આનના જશ્નના મોકા પર એક અઝીમુશ્શાન પ્રોગ્રામ રાખવામાં આવ્યો. જેમાં ખુસૂસી મુકર્રિરના રૂપે મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરૂઝઝમાંખાન આ'ઝમી (યુ.કે.) એ કુર્આનની અઝમતના હવાલાથી લગભગ અર્ધા કલાક સુધી બસીરત અફરોઝ (દાનાઈ વધારે તેવુ) બયાન કર્યું. આપે ફર્માવ્યું કે આપણી તબાહી, બરબાદીનું અસલ કારણ કુર્આનથી દૂરી ઈખ્તિયાર કરવી છે, જ્યાં સુધી આપણે કુર્આનનો દામન મજબૂતીથી પકડી રાખ્યો હતો ત્યાં સુધી આપણે કામયાબ હતા. યાદ રાખો ! કેવળ કુર્આન જ એક એવો કીમિયાઈ નુસ્ખો એટલે કે એક એવી કિતાબ છે જે પોતાની અંદર અગણિત ફાયદાઓ ધરાવે છે કે તે કિતાબ અદનાને આ'લા બનાવવાની તાકત ધરાવે છે જે આપણી હિફાઝત કરી શકે છે અને આજે પણ આપણને ગાલિબ કરી શકે છે જો આજે અત્યારે પણ અલ્લાહની બારગાહમાં નમતા થઈ જઈએ. અને તેની નાઝિલ કરેલ કિતાબ કુર્આન મજીદને દસ્તૂરે હયાત (જીવન બંધારણ) બનાવી લઈએ તો દુન્યાની કોઈ તાકત આપણને નમાવી ન શકે. હુઝૂર મુફક્કિરે ઈસ્લામે એ

પણ ફર્માવ્યું કે કુર્આન એક એવી કિતાબ છે જે ભૂતકાળ, વર્તમાનકાળ તથા ભવિષ્યકાળ માટે પૂરતી છે. ઈન્સાન જયારે કોઈ કાનૂન બનાવે છે ત્યારે તેની સામે વર્તમાનકાળ હોય છે પરંતુ કુર્આન એ ઝાતે પાકની ઉતારેલ કિતાબ છે જેની નિગાહે કુદરતમાં દરેક યુગ દરેક જમાના હમેશાના માટે મૌજૂદ છે. કુર્આન જેવી રીતે ૧૪૦૦ વર્ષ પહેલાં ફસાહત તથા બલાગતના અંતિમ સ્થાને હતું એવી જ રીતે આજે પણ તેની ફસાહત બલાગત યથાવત છે. મુફસ્સિરે કુર્આન હઝરત અલ્લામા ઝહીરૂદ્દીન ખાન સાહબ રઝવી મિસ્બાહીએ કલામ પાકની અંતિમ સૂરતની તફસીર બયાન ફર્માવી. હિંદુસ્તાની ઓલમામાં મુફસ્સિરે કુર્આનને આજે પણ આ વિશિષ્ટતા હાંસલ છે કે આપે બે વાર કુર્આન કરીમની તફસીર સંભળાવવાની સઆદત હાંસલ કરી. પહેલી વાર ૨૩ (ત્રેવીસ) વર્ષના સમયમાં તફસીર બયાન ફર્માવી અને બીજીવાર ૨૫ વર્ષોમાં બયાન ફર્માવી. આ ખુશીના મોકા પર અવામ તથા ખાસ લોકોની એટલી બધી ભીડ હતી કે ઈસ્માઈલ હબીબ મસ્જિદ પોતાની વિશાળતા હોવા છતાં તંગ થઈ ગઈ. મુફસ્સિરે કુર્આને ફર્માવ્યું, કે આ જશ્ન આખી ઈન્સાનિયતનો જશ્ન છે કારણ કે આ કુર્આન પૂરી ઈન્સાનિયત માટે હિદાયતનો ઝરીયો છે અને મુત્તકીઓ માટે પણ હિદાયત છે. આ આપણી ખુશનસીબી છે કે અલ્લાહ તઆલાની કિતાબ જેવી ૧૪૦૦ વર્ષ પહેલાં નાઝિલ થઈ હતી આજે પણ એ જ રીતે મૌજૂદ છે. આના સિવાય કોઈ આસ્માની કિતાબ પોતાની અસલ સૂરતમાં બાકી નથી. આ કિતાબ નબી ﷺના દિલ પર નાઝિલ થઈ જેમાં ઈશારો છે કે આ દિલમાં વસાવવાની વસ્તુ છે, તાખલામાં મૂકવાની વસ્તુ નથી. આપે લોકોને નસીહત કરતાં ફર્માવ્યું કે આ દુનિયા આઝમાઈશનું ઘર છે, ઈમ્તેહાનોનું ઘર છે. ઈમ્તેહાનમાં આરામ નથી હોતો, આરામ જન્નતમાં હાંસલ થશે. આ હવાલાથી આ મોકા પર આપે સૂરએ નાસની ઘણી જ દિલોને નર્મ કરી દે એવી તફસીર લોકોના દરમિયાન બયાન ફર્માવી.

આ જશ્નમાં જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમ–મુંબઈ, જામિઆ હિરા–મહાપોલી, દારુલ ઉલૂમ અન્વારે મદીના–મલાડ, સુન્ની દા'વતે ઈસ્લામીના મદ્રસાના ઉસ્તાદો તથા તલ્બા ઉપરાંત મુંબઈની જૂની દીની દાનિશગાહ સુન્ની દારુલ ઉલૂમ મુહમ્મદિયહના ઉસ્તાદો અને મુંબઈ તથા આસપાસના ઘણી બધી મસ્જિદોના ઈમામો હાજર રહ્યા હતા. ખાસ કરીને હઝરત સૈયદ ખાલિદ અશરફ અશરફી, હઝરત સૈયદ નિઝામ અશરફ અશરફી, મૌલાના સૈયદ અતહર અલી નાઝિમે આ'લા દારુલ ઉલૂમ મુહમ્મદિયહ, હઝરત સૈયદ મઝહર બાપુ (ચેન્નઈ), મૌલાના મુજીબુર્રહમાન કાદરી, મૌલાના જાન મુહમ્મદ બરકાતી, મૌલાના રિયાઝ અહમદ અશરફી, મૌલાના રફીઉદ્દીન અશરફી (પરભની), મૌલાના અબ્દુર્રશીદ– પરભની અને કારી મુહમ્મદ મુશ્તાક તૈગી પણ હાજર રહ્યા હતા. આ સિવાય મુંબઈ શહેરની મોઅઝ્ઝઝ્ બાવકાર સિયાસી સમાજી શખ્શિયતો પણ આ પ્રોગ્રામમાં શરીક હતી. અલ્હાજ કારી રિઝવાન ખાન પ્રિન્સિપાલ હાશ્મિયા હાઈસ્કૂલ એ આખા પ્રોગ્રામની નિઝામત ફર્માવી. આ ભરપુર ખુશીના મોકા પર હઝરત મૌલાના શાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) તથા તહરીકના બીજા અરાકીન તરફથી હુઝૂર મુફસ્સિરે કુર્આનની બારગાહમાં "સૈયદુલ મુફસ્સિરીન અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ" એવોર્ડ આપવામાં આવ્યો અને સાથે સાથે સિપાસનામુ પણ પેશ કર્યું. હુઝૂર મુફસ્સિરે કુર્આનની તકરીરોનો એક સંગ્રહ "ઈમાન કી શાખેં" આ કિતાબનો ઈજરા પણ કરવામાં આવ્યો. ઓલમા તથા મસ્જિદોના ઈમામોને આ કિતાબ વહેંચવામાં આવી. સલાતો સલામ તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીની દુઆ પર આ જશ્ન પૂરો થયો.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૨૦)*

Web.: www.barkatekhwaja.net

# દરેક મુશ્કેલી સાથે આસાની છે

✦ રજૂકર્તા ✦
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

દિવસ રાત અને ધૂપ છાંવની જેમ મોકાઓ (સહૂલતો) તથા રુકાવટો પણ માનવ જીવનનું અનિવાર્ય અંગ છે. રબ તઆલાનો ઈર્શાદ છે : فَإِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ''બેશક ! તકલીફની સાથે આસાની પણ છે.'' આસાનીઓ આપણા માટે મોકાઓ પૂરા પાડે છે અને મુશ્કેલીઓ રુકાવટ બની જાય છે. જીવન દરમિયાન ક્યારેક આપણે પહોળી તથા ચમકતી સડક પર ઝડપભેર આગળ વધતા ચાલ્યા જઈએ છીએ, અને ક્યારેક સાંકડી તથા અંધાર્યી અને ખાડા ગાબડાંવાળી સડકો આપણને આપણી ગતિ ધીમી કરવા માટે મજબૂર કરી દે છે. આ મોકાઓ તથા રુકાવટોનુ જાહેર થવું માનવ ઈખ્તિયારમાં નથી હોતુ, કેમ કે એ તક્દીર છે. પરંતુ એના ઉપયોગના બારામાં આપણે અમુક અંશે મુખ્તાર હોઈએ છીએ કે એ જ આપણી કસોટી છે. રબ્બે કાઈનાત પોતાના બંદાઓની આઝમાઈશના માટે તેમને મુશ્કેલીઓથી મિલાપ કરાવે છે જેથી પસ્ત તથા બુલંદમાં ફરક થઈ જાય. આસાનીઓનો શુક્ર અદા કરીને જોશ તથા વલવલા સાથે આગળ વધવું અને મુસીબતોમાં સબ્ર તથા અડગતા સાથે આપણે સફર ચાલુ રાખવો એ ભલાઈ તથા કામયાબીની ઝમાનત છે.

## ★ સીરતે પાકમાં સંજોગોની વિવિધતા ★

નબી કરીમ ﷺની હયાત મુબારકમાં સંજોગોનો ચઢાવ ઉતાર જોવા મળે છે. વિરોધની શરૂઆત થાય છે તો હઝરત હમ્ઝા رضی اللہ عنہ ઈમાન લઈ આવે છે. એમાં તેજી આવે છે તો હઝરત ઉમર رضی اللہ عنہ ઈસ્લામથી મુશર્રફ થાય છે. ઈમાનવાળાઓ પર મક્કાની જમીન તંગ થઈ જાય છે તો હબ્શાનો દરવાજાનો ખુલી જાય છે. તાઈફના લોકો ઈન્કાર કરી દે છે તો જિન્નાત ઈમાન લઈ આવે છે. હિજરત પછી પનાહની જગા મળે છે તો બેસરોસામાની (માલસંપત્તિની ઉણપ) ગળે પડી જાય છે. કાફિરોના જુલ્મોથી પીછો છૂટે છે તો યહૂદીઓની શરારતોથી ભેટો થાય છે. મુશ્રિકોથી છૂટકારો મળે છે તો મુનાફિક઼ોની ફિત્નાખોરીઓ બેચેન કરે છે. પહેલાં વ્યક્તિગત હુમ્લા થતા હતા, હવે લશ્કરી દળોની શરૂઆત થઈ જાય છે. ગઝવએ બદરમાં નિર્ણયાત્મક કામયાબી પછી ઓહદનો જંગ પણ સામે આવે છે. અહઝાબનાં કાળાં વાદળો વેરાય જાય છે તો સુલહે હુદૈબિયહ ઉપસ્થિત થાય છે. ફતહે મક્કાની મહાન કામયાબી પછી ગઝવએ હુનૈનમાં પ્રથમ નિષ્ફળતા હાથ લાગે છે પછી કામયાબી પ્રાપ્ત થાય છે. સારાંશ કે ચઢાવ ઉતારનો એક સફર ચાલુ રહે છે. સૂરએ વદ્દુહામાં છે : ''શું એણે તમને યતીમ નથી પામ્યા અને પછી ઠેકાણુ પૂરુ પાડયું ? અને તમને પોતાની મહોબ્બતમાં ગુમ થયેલા પામ્યા પછી હિદાયત બખ્શી. અને તમને નાદાર પામ્યા અને પછી માલદાર કરી દીધા.''

મોક઼ાઓનો ભરપુર ઉપયોગ કરવો અને રુકાવટો પર કાબૂ પામવો ચળવળની કામયાબીના માટે જરૂરી છે. આ બાબતે નિયંત્રણની કમી અથવા નિષ્કાળજી ખતરાઓ સાથે મેળાપ કરાવી શકે છે. કેટલીકવાર આ મામલો ઘણો ગંભીર તથા નાઝુક બની જાય છે. કેમ કે દીનની સરબુલંદીના માટે હાંસલ થનાર મોક઼ાઓને ઈમાનવાળા ખોવા નથી ચાહતા પરંતુ કદી કદી તેમને મહેફૂઝ રાખવા તથા વિકસાવવા માટેની કોશિશમાં તે અતિ મહત્વના દીની તકાઝાઓથી અલાઈદગી અપનાવવા તરફ વળવા લાગે છે. એ જ પ્રમાણે રુકાવટોથી બચવાની ફિકરમાં

Web : www.barkatekhwaja.net

લોકો દીનને ખોય બેસે છે. આઝમાઈશોનો સામનો કરવા માટે અપનાવવામાં આવનારી અપૂર્ણ હિકમતે અમલી દીની નિશાનીઓથી વિમુખ થવાનો સબબ બની જાય છે. હઝરત મૂસા અને કારૂનના દષ્ટાંતથી આ મામલાને સરળતાપૂર્વક સમજી શકાય છે. ફિરઔને બની ઈસ્રાઈલને બદ્તરીન પ્રકારની ગુલામીમાં સપડાવી રાખેલા હતા. અલ્લાહનો ઈર્શાદ છે : "બેશક ! ફિરઔન જમીનમાં સરકશ (નાફર્માન) તથા ઘમંડી (એટલે ડિકટેટર) થઈ ગયો હતો અને તેણે પોતાના (દેશના) વાસીઓને (વિવિધ) ફાંટાઓ (અને ગૃપો)માં વહેંચી દીધા હતા. તેણે તેમાંથી એક ગૃપ (એટલે બની ઈસ્રાઈલ)ને કમજોર કરી દીધુ હતું કે તેમના પુત્રોને ઝબહ કરી નાખતો અને તેમની સ્ત્રીઓને જીવતી છોડી દેતો. બેશક ! તેઓ ફસાદી (ઝઘડાખોરો)માંથી હતા."

### ★ ક઼ારૂનનું દષ્ટાંત ★

આ સખતતરીન સંજોગોમાં ક઼ારૂને જાહેરી રીતે જોતાં મોક઼ાનો બેહતરીન ઉપયોગ કર્યો. તે બની ઈસ્રાઈલમાંથી હતો તેમ છતાં ફિરઔનના સાથીઓમાં સામેલ થઈ ગયો. સૂરએ ક઼સસમાં એની ઓળખ આ શબ્દોમાં કરવામાં આવી છે : "આ એક બનાવ છે કે ક઼ારૂન મૂસાની ક઼ૌમનો એક શખ્સ હતો પછી તે પોતાની ક઼ૌમની વિરૂધ્ધ બાગી બની ગયો." નાફર્માનીના છતાં અલ્લાહે તેની રસ્સી લાંબી કરીને (ઢીલ આપીને) દુનિયા કમાવાના જે મૌક઼ાઓ આપ્યા તેનો ફાયદો ઉઠાવીને તે અમીર બની ગયો. રબ તઆલાનો ઈર્શાદ છે : "અને અમે તેને એટલા ખજાના આપી રાખ્યા હતા કે તેની ચાવીઓ શક્તિશાળી માણસોની એક ટોળી મહા મુશ્કેલીએ ઉઠાવી શકતી હતી." બની ઈસ્રાઈલની ક઼ૌમના સમાજ સુધારકો ક઼ારૂનના માટે ચિંતિત હતા અને તેને નસીહત કરતા હતા. કુર્આની ઈર્શાદ છે : "એકવાર તેની ક઼ૌમના લોકોએ તેને કહ્યું, ફુલાય ન જા ! અલ્લાહ ફુલવાવાળાઓને નાપસંદ કરે છે. જે માલ અલ્લાહે તને આપ્યો છે તેનાથી આખેરતનું ઘર બનાવવાની ફિકર કર અને દુનિયામાં પણ તારો હિસ્સો ન ભૂલ. એહસાન કર જેવી રીતે અલ્લાહે તારી સાથે એહસાન કર્યું છે અને જમીનમાં ફસાદ ફેલાવવાની કોશિશ ન કર. અલ્લાહ ફસાદીઓને (દંગલખોરોને) પસંદ નથી કરતો." આ વઅઝ તથા નસીહત પર કાન ધરવાને બદલે ઘમંડપૂર્વક ક઼ારૂન જવાબ દેતો, "આ સર્વ કાંઈ તો મને એ ઈલ્મના કારણે આપવામાં આવેલુ છે જે મને હાંસલ છે.

આ પડતીના દૌરમાં પણ ક઼ારૂનની દૌલત તથા સંપત્તિથી પ્રભાવિત થઈને તેના પ્રતિ હસ્રતભરી (લાલચી) નજરો વડે જોનારાઓની કમી ન હતી. કુર્આને હકીમમાં એનો નક઼શો આ પ્રમાણે ખેંચવામાં આવ્યો છે : "પછી તે પોતાની ક઼ૌમની સાથે (પૂરી) ઝીનત તથા શણગારની સાથે નીકળ્યો. (તેની જાહેરી શાનો શૌકતને જોઈને) તે લોકો બોલી ઉઠયા જેઓ દુનિયવી જિંદગીના ચાહક હતા : કાશ ! અમારા માટે (પણ) આવી (માલ સંપત્તિ) હોતી જેવી ક઼ારૂનને આપવામાં આવેલી છે. બેશક ! તે મહાન નસીબવાળો છે."

વર્તમાનકાળના દુનિયા પરસ્તો પણ ત્યાં હોત તો ક઼ારૂનને જોઈને આ જ પ્રમાણે રશ્ક કરતા અને તેને કામયાબ ઈન્સાન ઠરાવતા, કેમ કે તેણે મુશ્કેલતરીન સંજોગોમાં આ ઉચ્ચ સ્થાન મેળવી લીધુ હતું. તેનાથી ઉલ્ટુ ઈલ્મ તથા દાનિશમંદી ધરાવનારાઓએ ક઼ારૂનના જાહોજલાલ પર આશિક઼ થઈ ગયેલા દુનિયા પરસ્તોને સમજાવ્યું, "અને (બીજી તરફ) તે લોકો જેમને ઈલ્મ (હક્ક઼નો) આપવામાં આવ્યો હતો તેઓ બોલી ઉઠયા : તમારા પર અફસોસ છે ! અલ્લાહનો સવાબ તે શખ્સના માટે (આ દૌલત

www.barkatekhwaja.net

તથા સજાવટ કરતાં કેટલાય અંશે અધિક) બેહતર છે જે ઈમાન લાવ્યો અને નેક અમલ કરતો હોય, પણ આ (અજ્રો સવાબ) સબ્ર કરનારાઓ સિવાય કોઈને અર્પણ કરવામાં નહીં આવે.''

### ★ કારૂનનો અંજામ ★

આ આયત પછી અલ્લાહ તઆલાની કિતાબ કારૂનનો દર્દનાક અંજામ વર્ણવે છે : ''છેવટે અમે તેને અને તેના ઘરને જમીનમાં ધસાવી દીધું. પછી કોઈ તેના સમર્થકોનો ગિરોહ ન હતો જે અલ્લાહના મુકાબલામાં તેની મદદે આવતો અને ન તે ખુદ પોતાની મદદ પોતે કરી શક્યો.'' કારૂનની તબાહી તથા બર્બાદી અન્ય દુનિયાદારોના માટે ઈબ્રતનો (બોધ લેવાનો) સામાન બની ગઈ અને તેઓ ગફલતના ખ્વાબથી જાગી ગયા અને પોતાની ગલતીનો સ્વીકાર એ રીતે કર્યો કે, ''હવે તે જ લોકો જેઓ કાલે તેની મંઝિલતની તમન્ના કરી રહ્યા હતા તેઓ કહેવા લાગ્યા : અફસોસ ! અમે ભૂલી ગયા હતા કે અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેની રોજી ચાહે છે વધારે કરી આપે છે અને જેને ચાહે છે માપનુ આપે છે. જો અલ્લાહે અમારા પર એહસાન ન કર્યું હોત તો અમને પણ જમીનમાં ધસાવી દેત. અફસોસ ! અમને યાદ ન રહ્યું કે કાફિર ભલાઈ નથી પામ્યા કરતા.''

આ બનાવથી જાહેર છે કે કારૂને પોતાની ખુદાની આપેલી બુદ્ધિ તીવ્રતા અને ઉપલબ્ધ થનાર મોકાઓનો સારી રીતે ઉપયોગ તો કર્યો પણ હક્ક તથા બાતિલથી બેપરવા થઈને તેણે દુશ્મનોને દોસ્ત બનાવી લીધા. હઝરત મૂસા علیہ السلامએ જ્યારે ફિરઔનના દરબારમાં ઈસ્લામની દા'વત પેશ કરી તો તેણે પોતાની જ કૌમના નબીનો સાથ આપવાને બદલે ફિરઔનના અનુસરણમાં મૂસા علیہ السلامને જૂઠલાવ્યા. સૂરએ ગાફિરમાં હઝરત મૂસા علیہ السلامની સાથે થનારો વર્તાવ આ પ્રમાણે વર્ણવવામાં આવેલ છે, ''ફિરઔન તથા હામાન અને કારૂનની તરફ નિશાનીઓ તથા ઉઘાડી સનદોની સાથે અમે મૂસાને મોકલ્યા. પણ તેમણે કહ્યું, જાદૂગર છે, જૂઠો છે.'' એટલે કે કારૂન પણ ફિરઔનનો સાથી બની ગયો. શક્ય છે કે તેને અંદેશો રહ્યો હોય કે મૂસા علیہ السلامનું સમર્થન કરવાના પરિણામે તેને મળેલા મોકાઓ રુકાવટોમાં બદલાય જાય અને ફિરઔનના દરબારમાં બેસીને માલ સંપત્તિ પ્રાપ્ત કરવાનો ખ્વાબ તૂટીને વિખેરાય જાય.

અલ્લાહની કિતાબ હામાન તથા ફિરઔનની સાથે કારૂનની તબાહીનો સબબ તેનો ઘમંડ તથા ફખ્રને બતાવે છે. ''અને કારૂન તથા ફિરઔન તથા હામાનને અલ્લાહે હલાક (નષ્ટ) કર્યા. મૂસા علیہ السلام તેમની પાસે ઉઘાડી દલીલો લઈને આવ્યા પણ તેમણે જમીનમાં પોતાની બડાઈનું ગુમાન કર્યું, જ્યારે કે તેઓ અગ્રતા પામી શકનારા ન હતા.'' (સૂરએ અન્કબૂત) કારૂનના વર્તાવ તથા અંજામમાં એ લોકોના માટે સબક છે જેઓ નિઝામની તબદીલી પહેલાં સત્તાની ખુરશીઓ પર બેસીને દીનો મિલ્લતની ખિદમતનો ખ્વાબ જુએ છે.

### ★ મૂસા علیہ السلامનું એલાન ★

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની ખાસ મરજીથી હઝરત મૂસા علیہ السلامની પરવરિશ તથા ઉછેરની વ્યવસ્થા ફિરઔનના ઘરમાં કરી આપી. સૂરએ તાહામાં આ બનાવ વિગતવાર વર્ણન થયો છે. રબ્બે કાઈનાત ફર્માવે છે : ''યાદ કરો તે સમય જ્યારે અમે તારી માને ઈશારો કર્યો. એવો ઈશારો જે વહીના ઝરીયાથી જ કરવામાં આવે છે કે આ બાળકને સંદૂકમાં રાખી દે અને સંદૂકને દરિયામાં છોડી આપ. દરિયો તેને કિનારા પર ફેંકી દેશે અને તેને મારો દુશ્મન અને તે બાળકનો દુશ્મન ઉઠાવી લેશે. મેં મારા તરફથી તારા પર મહોબ્બત લાગુ કરી આપી અને એવી વ્યવસ્થા કરી કે તું મારી નિગરાનીમાં ઉછેર પામે.''



web.-www.barkatekhwaja.net

હઝરત મૂસા علیہ السلام કેમ કે ફિરઔનના ઘરમાં ઉછેર પામ્યા હતા એટલા માટે તે એમનાથી ખૂબ જ વાકેફ હતો. કારૂનની સરખામણીમાં હઝરત મૂસા علیہ السلامના માટે ફિરઔનના વિશ્વાસુ બની જવું અધિક સરળ હતું. તે ફિરઔનના સાથીઓમાં સામેલ થઈને લગભગ બની ઈસ્રાઈલની ખિદમત પણ કરી શકતા હતા. પરંતુ શું તેમણે આ તરીક઼ો અપનાવ્યો ?!

જાહેરી રીતે ફિરઔન જેવા જાલિમ તથા જાબિર સત્તાધીશની સામે એકલા હાથે હક્ક઼નું એલાન કર્યા બાદ કામયાબીની શક્યતા જણાતી ન હતી એટલા માટે મસ્લેહતનો તકાઝો એ સમજી શકાતો હતો કે હઝરત મૂસા علیہ السلام ફિરઔનનો વિશ્વાસ જીતીને બની ઈસ્રાઈલની આઝાદીના મોક઼ા તલાશ કરતા. મસ્લેહત પસંદોની નજીક તો મૂસા علیہ السلامને પણ ક઼ારૂનની જેમ ફિરઔનની સત્તાનો હિસ્સો બનીને બની ઈસ્રાઈલની સેવાની શક્યતાઓ તલાશ કરવી જોઈતી હતી. પરંતુ હઝરત મૂસા علیہ السلامની હિકમતે અમલી તેનાથી તદ્દન વિરુદ્ધ હતી. તેમણે આ પ્રકારના મોક઼ાઓથી ફાયદો ઉઠાવવાને બદલે રબ્બે કાઈનાતના હુકમ : ''હવે તું ફિરઔનની પાસે જા, તે નાફર્માન થઈ ગયો છે.'' (તાહા–૨૪)નું પાલન કર્યું. આ જિમ્મેદારીની અઝમતનો અંદાઝો આગળની આયતથી લગાડી શકાય છે.'' જાવ ! તમો બંનેવ ફિરઔનની પાસે કે તે નાફર્માન થઈ ગયો છે. તેની સાથે નરમી સાથે વાત કરજો. કદાચ કે તે નસીહત સ્વીકારે અથવા ડરી જાય.'' બંનેવે અર્ઝ કરી કે, ''પરવરદિગાર ! અમને અંદેશો છે કે તે અમારા પર ઝિયાદતી (જુલમ) કરશે અથવા શરારતથી પેશ આવશે.'' *(તાહા–૪૫)*

આ અંદેશાનો તક઼ાઝો સમજી શકાતો હતો કે ખુશામદનો માર્ગ અપનાવવામાં આવે, પરંતુ એવું નથી કરવામાં આવ્યું. પાયાની દા'વતની સાથે અલ્લાહે તેમને એક એવી માગણી કરવાનો હુકમ આપ્યો જેનાથી શક્ય મોક઼ાઓ પણ રુકાવટોમાં બદલાય ગયા. ફર્માવ્યું, ''ડરો નહીં ! હું તમારી સાથે છું. સર્વ કાંઈ સાંભળી રહ્યો છું અને જોઈ રહ્યો છું. જાવ ! તેની પાસે અને કહો કે અમો તારા રબના મોકલેલા છીએ. બની ઈસ્રાઈલને અમારી સાથે જવા માટે છોડી દે અને તેમને તકલીફ ન આપ. અમે તારી પાસે તારા રબની નિશાની લઈને આવ્યા છીએ. અને સલામતી છે તેના માટે જે સીધા માર્ગને અનુસરે.'' (તાહા–૫૬)

انا ربکم الاعلیٰ (અના રબ્બુકુમુલ આ'લા)નો દાવો કરનારા હાકિમના સામે રબની બંદગીની દા'વત, અને એથી વિશેષ બની ઈસ્રાઈલની આઝાદીની માગણી જાણે મધમાખીના પૂડામાં હાથ નાખવા સમાન હતું. દરબારમાં એનાથી એક ભૂકંપ સર્જાય ગયો. ''ફિરઔનને તેની ક઼ૌમના સરદારોએ કહ્યું, શું તું મૂસા અને તેની ક઼ૌમને આમ જ છોડી દઈશ કે દેશમાં ફસાદ (તોફાન) ફેલાવે અને તે તારી તથા તારા મઅબૂદોની બંદગી છોડી બેસે ?! ફિરઔને જવાબ આપ્યો, હું તેમના પુત્રોને ક઼ત્લ કરાવીશ અને તેમની સ્ત્રીઓને જીવતી રહેવા દઈશ. અમારી સત્તાની પકડ એમના પર મજબૂત છે.''

### ★ ફિરઔનની પ્રતિક્રિયા ★

સમયના શૈતાન પાસેથી એ જ પ્રતિક્રિયાની અપેક્ષા હતી. આ ધમકીથી અમુક પોતાના પણ પરાયા થઈ ગયા. ક઼ૌમે (મૂસાના) સમર્થનને બદલે વિરોધ શરૂ કરી આપ્યો. કુર્આને હકીમની સાક્ષી જોઈ લો : ''તેની (મૂસાની) ક઼ૌમના લોકોએ કહ્યું, તારા આવતા પહેલાં પણ અમને સતાવવામાં આવતા હતા અને હવે તારા આવવા પર પણ સતાવવામાં આવી રહ્યા છે.'' પરંતુ આ પ્રતિક્રિયાથી નબીના અડગ પગોમાં ઢીલાશ ન આવી. તેણે (મૂસાએ) જવાબ આપ્યો, ''નજીક છે તે સમય કે તમારો રબ તમારા દુશ્મનને નષ્ટ કરી દે અને તમને જમીનમાં ખલીફા



Web: www.barkatekhwaja.net

બનાવે. પછી જુએ કે તમે કેવા અમલ કર છો.'' અમુકવાર બાતિલની વિરુદ્ધ જિદ્દો જેહદ કરવા પર ઉમ્મતના રહનુમાઓને પણ એ જ અંદેશો લાગુ થઈ જાય છે કે પડતીમાં પડેલી ઉમ્મતનું વલણ બની ઈસ્રાઈલથી બદ્તર હશે.

વર્તમાનકાળના ફિરઔનોની તાકત પર ખૂબ જ વિચારણા કરવામાં આવે છે, તેમના ષડયંત્રો તથા ચાલોનું અતિશયોક્તિ સાથે વર્ણન પણ કરવામાં આવે છે. ઉમ્મતની બેઅમલી તથા પડતીની હાલત પર ભલુબુરૂ પણ કહેવામાં આવે છે, પરંતુ ફિરઔનના ઈબ્રતનાક (બોધદાયક) અંજામને નઝરઅંદાઝ કરી દેવામાં આવે છે, તેને ધ્યાનમાં નથી લેવાતો. રબનો ઈર્શાદ છે : ''છેવટે ફિરઔને ઈરાદો કર્યો કે મૂસા તથા બની ઈસ્રાઈલ (કૌમ)ને જમીનથી ઉખાડીને ફેંકી દે, પણ અમે તેને તથા તેના સાથીઓને એક સાથે ગર્ક કરી દીધા.'' જો હઝરત મૂસા عليه السلامએ પોતાના સ્થાનના ફર્ઝની અદાયગીથી પહેલાં મોકાઓ તથા રુકાવટોનો જાહેરી હિસાબ કિતાબ કર્યો હોત તો ન દા'વતનો હક્ક અદા થાત અને ન કૌમને ફિરઔનના અઝાબથી આઝાદી મળત. આ મહત્વની ઐતિહાસિક હકીકત છે કે બની ઈસ્રાઈલની આઝાદીનો પરવાનો તે શખ્સ લઈને આવ્યો જેના માર્ગમાં રુકાવટો જ રુકાવટો હતી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે રુકાવટોના સમુદ્રથી માર્ગ કાઢીને મૂસા عليه السلامને કામયાબી તથા સફળતાથી મિલાવી દીધા. તેના માધ્યમ વડે કૌમને આઝાદીની મહાન નેઅમત વડે નવાઝી દીધી. એથી ઉલ્ટુ કારૂનને સઘળી માલ સંપત્તિ સાથે જમીનમાં ધસાવી દેવામાં આવ્યો.

### ★ યૂસુફ عليه السلامના કિસ્સાનો સબક ★

મોટાભાગે મોકાઓ તથા રુકાવટોના લાભાલાભનો અંદાઝો લગાડવામાં માનવ બુદ્ધિ ધોકો ખાય જાય છે. દા.ત. હઝરત યૂસફ عليه السلامનું પોતાના પિતાના પ્રિય હોવું તેમના માટે સરળતાનો સબબ થઈ શકતુ હતું. પરંતુ ભાઈઓના હસદે તેને રુકાવટોમાં બદલી નાખ્યું. કૂવાથી નીકળ્યા પછી ગુલામીનો શિકાર થઈ જનાર હઝરત યૂસફ عليه السلامએ પોતાના ભાઈઓની સરખામણીમાં મજબૂર તથા કમજોર હોવું જોઈતુ હતું. પરંતુ હઝરત યૂસુફ عليه السلامના ભાઈઓને તેમની સમક્ષ મોહતાજ તથા મજબૂર બનીને હાજર કરવામાં આવ્યા. અઝીઝે મિસ્રના મહેલથી હઝરત યૂસુફનો આગલો પડાવ બાદશાહનો દરબાર હોવો જોઈતો હતો, પરંતુ તેમને જેલમાં રવાના કરી દેવામાં આવ્યા. જેલની અંદર ખ્વાબોની તાબીર બતાવતાં ان الحکم الا للهની બેધડક દા'વતના સબબે હઝરત યૂસુફની આઝમાઈશોમાં વધારો શક્ય હતો, પરંતુ તે તેમના છૂટકારા તથા સન્માનનો સબબ બની ગયો. અહસનુલ કસસ (સૂ. યૂસુફ) સાક્ષી છે કે **અલ્લાહ મોકાઓના માધ્યમમાંથી રુકાવટોને, અને મુશ્કેલીઓની અંદરથી આસાનીઓને પ્રદર્શિત કરી આપે છે.** જેથી આપ બંનેવથી મૂળભૂત રીતે બેપરવા બનીને પોતાના સ્થાનના ફર્ઝની દરેક પ્રકારના સંજોગોમાં પુરવકાર રીતે અદાયગી એ સીરતે યૂસુફનો રોશન પયગામ છે.

### ★ યકીનન ! દરેક મુશ્કેલી સાથે આસાની છે ! ★

યાદ રાખશો કે મુશ્કેલીઓ પછી આસાની તથા તકલીફો બાદ તેનાથી છૂટકારો એવી ચીજો છે કે જો તેની સહીહ સમજ આવી જાય તો ઘણા બધાં નુકસાનો તથા ખરાબીઓથી નજાતનો સબબ બની શકે છે. પરંતુ એક તરફી તમાશો એ છે કે મોટાભાગના લોકો તેનાથી નાવાકેફ હોવાના કારણે મહાન મહાન ભૂલોમાં સપડાય જાય છે.

ઘણા બધા લોકો એવા છે જયારે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તો તેઓ સમજવા

લાગે છે કે કોઈ ઘણી મહાન બુરાઈ પોતાના લાવલશ્કરની સાથે તેમના પર હુમ્લો કરી બેઠી છે, તેનાથી છૂટકારાના સર્વ માર્ગો તથા તમામ દરવાજા બંધ થઈ ચૂક્યા છે. એવા લોકોને પોતે પોતાનાથી પીડા થવા લાગે છે અને આટલી વિશાળ જમીન તેમને તંગ લાગવા માંડે છે, તેનું સારુ ગુમાન બદ્ગુમાનમાં ફેરવાય જાય છે, તે પોતાના કાંઈક બેહતર હાલતના વિશે વસવસામાં પડી જાય છે અને સર્વ સમસ્યાઓ તેને કદી ન ઉકલે એવી જણાવા લાગે છે. અલ્બત્ત ! મુત્તકીઓ તથા બુદ્ધિશાળીઓનો મામલો એનાથી ઘણો જ વિપરિત હોય છે. તેઓ અલ્લાહ અને તેના રસૂલ ﷺની પૂરી પાડેલી રહનુમાઈ (માર્ગદર્શન)ના સબબે એનાથી ઘણી જ વિપરિત (ઉલ્ટી) માન્યતાવાળા હોય છે. તેમના દિમાગોમાં વસી ગયેલ હોય છે કે **અલ્લાહે તેમને સાચો વાયદો કર્યો છે જેની વિરુદ્ધ વર્તન તે નહીં જ કરે, તે વાયદો એ છે કે દરેક મુશ્કેલીની સાથે આસાની છે. દરેક તંગીની સાથે વિશાળતા છે અને દરેક દુ:ખની સાથે રાહત છે.** જેમ કે તેમના દિમાગોમાં દરેક સમયે અલ્લાહ તઆલાનો આ ઈર્શાદે પાક મૌજૂદ હોય છે : فَإِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا إِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا "તો યકીનન ! મુશ્કેલી સાથે આસાની છે, બેશક ! મુશ્કેલીની સાથે આસાની છે." *(સૂરએ શરહ, આ. ૫, ૬)*

એ જ પ્રમાણે એક સ્થળે આ પ્રમાણે પણ ઈર્શાદ છે : سَيَجْعَلُ اللَّهُ بَعْدَ عُسْرٍ يُسْرًا "અલ્લાહ તંગી બાદ આસાની તથા રાહત પણ આપશે."

*(સૂ. તલાક, આ. ૭)*

**મારા દોસ્તો ! તમારા માટે અલ્લાહની મદદ, તેમજ દુ:ખ, આઝમાઈશો તથા તકલીફોથી મુક્તિ ઘણી જ નજીક છે. તકલીફોથી નજાતનો સૂરજ ઉગવા જ ચાહે છે. અલ્લાહથી ડરી જાવ ! તેની સાથે સારુ ગુમાન રાખો. યાદ રાખો ! અલ્લાહ પોતાના આ વાયદાથી કદી વિરુદ્ધ ન જશે કે દરેક મુશ્કેલીની સાથે આસાની છે, ઈન્શા અલ્લાહ ! બસ જરૂરત એ છે કે અલ્લાહ પર મજબૂત ભરોસો હોય અને અલ્લાહની તરફથી જે પણ હાલતો આવે તેને ખુશી સાથે પસાર કરવાનું આપણે શીખી લઈએ તો યકીનન ! આપણે સંતુષ્ઠ રહીશું.**

*તુંદીયે બાદે મુખાલિફ સે ન ગભરા અય 'અકાબ'*
*યહ ઉળતી હૈ તુઝે ઊંચા ઉળાને કે લિયે*

–(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, એપ્રિલ.–૨૦૨૦, મુંબઈ)

## ઈન્તેકાલ પુરમલાલ !

**બોલ્ટન** : (યુ.કે.) ખાતે સુલેમાન માલજી દયાદરાવાળાનો તા. ૧૨–૩–૨૦૨૦, મુ. ચાંદ ૧૬ રજબ જુમેરાત હિ.સ. ૧૪૪૧ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. દયાદરા મુખ્તારુલ મસાજિદમાં ૧૩–૩–૨૦૨૦ના જુમ્આની નમાઝ બાદ યાસીન શરીફનો ખત્મ રાખી દુઆ કરવામાં આવી હતી. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે તથા કુટુંબીજનો સગા સ્નેહીઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## ગૌષિયહ તકવીમ

ગુજરાતભરમાં પંજગાના નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ A-4 સાઈઝ ફોર કલરમાં આગળ પાછળ પ્રિન્ટેડ ૧૪ પેજીસમાં લેમિનેટ છે. જે મસ્જિદો, ઘરો, ખાનકાહોમાં કાયમ માટે ઉપયોગ થાય એવું ટકાવ મજબૂત છે. મર્હૂમોના સવાબ અર્થે મસ્જિદોમાં મૂકો અને અગણિત સવાબના હકકદાર બનો.

હદિયો રૂ.૩૫૦
ટપાલ ખર્ચ રૂ. ૫૦

9427464411 (PhonePe Paytm)

સંપર્ક કરો : રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)

# મુસ્લિમ જગતની આર્થિક સમસ્યાઓનો હલ

## ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની દૃષ્ટિએ

સંપાદક : મૌલાના અબ્દુર્રહમાન મિસ્બાહી-પારખેત

અત્યારે જ્યારે કે ભારત, ફ્રાંસ, યૂરોપ, પાકિસ્તાનથી લઈ મધ્યપૂર્વ સુધી વૈશ્વિક સ્તરે આર્થિક મંદીની અસર દેખાઈ રહી છે, આવી પરિસ્થિતિમાં મુસ્લિમ જગત માટે એક મોટો પ્રશ્ન સામૂહિક સ્તરે પોતાની આર્થિક સ્થિતિ મજબૂત કરવાનો પણ છે.

ઈ.સ. ૨૦૦૯માં સૈયદ વજાહત રસૂલ કાદરી رحمۃ اللہ علیہના સર્વે મુજબ વિશ્વમાં મુસ્લિમોની સંખ્યા લગભગ સવા અબજ એટલે કે ૧૩૦ કરોડથી વધુ છે. ૫૭ દેશો ઈસ્લામી દેશ તરીકે ઓળખાય છે, જગતમાં ૭૦ % તેલનો ખજાનો મુસ્લિમ દેશો પાસે છે, માધ્યમો અને કાર્યકર્તાઓની સંખ્યા જોતાં સ્થિતિ આશાજનક છે, તેમ છતાં વિશ્વના મુસલમાનોની ૩૯% વસ્તી આર્થિક રૂએ આજે પણ ન્યુત્તમ ગરીબી રેખાના સ્તરે લગભગ જીવન પસાર કરવા પર મજબૂર છે.

વિશ્વમાં વસ્તીના આધારે ૧૯% હોવા છતાં મુસ્લિમોની કુલ આયાત મુશ્કેલીથી ૬% છે, અને આંતર રાષ્ટ્રીય વેપારમાં ૮% ભાગ છે, જ્યારે કે એકબીજા વચ્ચેનો કારોબાર ૧૩% છે.

આજની સ્થિતિ જોઈએ તો વધુ પડતા મુસ્લિમ દેશો અબજો ડોલરના દેવામાં ડૂબેલા છે, સાથે જ ઈરાક, યમન, સીરિયા, લીબિયા અને અફગાનિસ્તાન જેવા દેશો માટે મોટો પ્રશ્ન **Reconstrution**નો પણ છે.

આવી પરિસ્થિતિમાં અગત્યનો પ્રશ્ન એ છે કે શું આ પ્રકારની આર્થિક સમસ્યાઓનો નિકાલ કે હલ કોઈ મુસ્લિમ બુદ્ધિજીવી પાસે છે ? છે તો શું છે ? અને તેને કઈ રીતે લાગુ કરી શકાય ? મુસ્લિમ જગતની આર્થિક પરિસ્થિતિમાં સુધાર માટે એક સંસ્થાની સ્થાપના પણ થઈ જેનું નામ **WIEF** છે ફુલફોર્મ **WORLD ISLAMIC ECONOMIC FORUM.** આ સંસ્થાની વાર્ષિક ઈકોનોમિક કોન્ફ્રન્સ જુદા જુદા મુસ્લિમો દેશોમાં યોજાય છે જેમાં આર્થિક મુદ્દાઓ, સમસ્યાઓ અને સંકટો પર ચર્ચા બાદ ઉકેલ રજૂ કરવામાં આવે છે.

આ સંસ્થાનો વર્ષોનો રિપોર્ટ અને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તરફથી આપવામાં આવેલો સો વર્ષ પૂર્વનો આર્થિક હલ સામે રાખવામાં આવે તો એવું લાગે છે કે જાણે દુનિયાભરના ૬૦૦–૭૦૦ અર્થશાસ્ત્રીઓ હજારો પાનાઓનો અહેવાલ વાંચ્યા બાદ વિચાર વિમશ કરીને કહે છે તે ઉકેલનાં ફૂલો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની આર્થિક સમજની વાડીની નાનકડી ટોપલી સમાન છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો આર્થિક હલ ચાર મુદ્દાઓ પર આધારિત છે. અહીં પ્રથમ અને **WIEF** તરફથી આપવામાં આવેલા અમુક ઉકેલોનું વર્ણન કરીશું અને ત્યાર બાદ સચોટ રૂપે ઈમામનો ચાર મુદ્દાનો પ્રોગ્રામ જોઈશું, જેથી વાંચક મિત્રો પોતે જ અંદાજો લગાડી શકે અને જગતા પૂર્વના મહાન બુદ્ધિજીવીનો આપેલો હલ પોતાના જીવનમાં લાગુ કરી દુનિયા એવી બનાવે કે આખેરતમાં પણ કામ આપે.

**WIEF** એ પોતાના ઈ.સ. ૨૦૦૬ના રિપોર્ટમાં ઉકેલ રૂપે લગભગે નીચે મુજબના હલ પ્રકાશિત કર્યા :

www.barkatekhwaja.net

**૦૧.** મુસ્લિમ જગત વહેલી તકે પોતાનું મુક્ત વેપારી ક્ષેત્ર **(Trade Aria)** બનાવે.

**૦૨.** વેપારમાં વધારા માટે અંગત રોકાણ અને મહેનતમાં તેજી લાવે.

**૦૩.** ઈસ્લામી બેન્કિંગ, ફાઈનાન્સ અને ઈન્સ્યુરન્સના પર ધ્યાન આપે.

**૦૪.** રોકાણ અને આર્થિક તરક્કીને લાગુ પડતું વાતાવરણ ઉભુ કરવામાં આવે.

**૦૫.** ઈસ્લામી જગતમાં સંપર્ક સતર્ક કરવામાં આવે અને એના માટે એક વૈશ્વિક આર્થિક નેટવર્ક ઉભુ કરવામાં આવે.

**૦૬.** તા'લીમ, સાયન્સ, ટેક્નોલોજી, હેલ્થ, રોકાણ અને બીજા વિભાગોમાં સહકાર વધારવામાં આવે, અને એના માટે **OIC** મહત્વનો રોલ અદા કરે. તા'લીમ ફેલાવવા માટે **WORLD EDUCATION TASK FORCE** બનાવવામાં આવે.

ઈસ્લામિક ઈકોનોમિક ફોરમના ઉપરોક્ત મુદ્દા અને વિચારો પોતાના અંદર મહત્વના ફાયદા ધરાવે છે, એ વાતથી કોઈ પણ વ્યક્તિ ઈન્કાર કરી શક્તો નથી.

ક્યાં ૨૧મી સદીની શરૂઆત અને ક્યાં ૨૦મી સદીની શરૂઆત ? હવે ૨૦મી સદીની શરૂઆતમાં **ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તરફથી આપવામાં આવેલો આર્થિક વિકાસનો પ્રોગ્રામ** પણ જુઓ. અહીં અમે સૈયદ વજાહત રસૂલ કાદરી رحمۃ اللہ علیہ દ્વારા સરળ ભાષામાં રૂપાંતર કરેલો પ્રોગ્રામનો ખુલાસો વર્ણન કરીએ છીએ.

**૦૧.** મુસલમાનો પોતાના માધ્યમોને એકત્ર કરે, ગેર જરૂરી અને બિન નફાકારક ખર્ચાઓથી દૂર રહી ઉદ્યોગ અને ધંધાઓ તથા વેપારમાં રોકાણ કરી પોતાની પેદાવારની ક્ષમતા વધારે.

**૦૨.** મુસલમાનો પોતાના દેશોના દરેક મહત્વના શહેરમાં આધુનિક ઈસ્લામી બેન્કિગનું નેટવર્ક ઊભુ કરે, જેથી એકબાજુ બચત કરનાર અને રોકાણ કરનાર બધા લોકોને પ્રેરણા મળે અને બીજી બાજુ આર્થિક વિકાસ માટે ફંડનો ભંડોળ ભેગો કરવા માટે સહૂલતો હાથ લાગે.

**૦૩.** મુસ્લિમ દેશો પોતાનું સંયુક્ત ટ્રેડ સેન્ટર કાયમ કરે અને એકબીજાના માધ્યમોના શ્રેષ્ઠ ઉપયોગ સાથે પોતાના ઉદ્યોગ અને ધંધા વેપારને વિશ્વ સ્તરે એવી રીતે ફેલાવે કે બીજી કૌમોની આર્થિક ગુલામીથી મુક્તિ મળે અને પોતાના પગો પર ઉભા થવા માટે આગળ વધી શકાય.

**૦૪.** મુસલમાનો ઈલ્મે દીન ફેલાવે. (કેમ કે ઉપરોક્ત બધા મુદ્દાઓનો આધાર આના પર છે.

*(મઆરિફે રઝા, ડિસેમ્બર–૨૦૦૬, પેજ–૫)*

હે કાશ ! જગતભરના મુસ્લિમો ખાસ કરીને દક્ષિણ એશિયાના મુસલમાનો આજથી સો વર્ષ પહેલાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની અવાજ પર ઊભા થઈ જતા તો આજે આર્થિક રૂપે મુસ્લિમ જગતનો નકશો આગવી સફળતા રૂપે અલગ જ નજર આવતો.

ગૈરોને તો તેમના નામથી જ નફરત હતી, અને નામ લેનારા ફક્ત તેમના નામની માળા જ જપતા રહ્યા, સાચી વાત એ છે કે આખા મુસ્લિમ જગતને આજે જે વસ્તુની સખત જરૂરત છે તે છે, "ફિક્રે રઝા" અને બે કદમ આગળ વધી જો એમ કહેવામાં આવે તો પણ ખોટુ નથી કે માન્યતાના ઉદ્ધાર માટે આજે જો કોઈ ફિલોસોફી કામ આવી શકે છે તે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો આર્થિક વિકાસનો આ પ્રોગ્રામ છે.

મુસ્લિમ જગતને અમારી દા'વત છે કે તમે ૨૦મી સદીમાં ઘણા આર્થિક હલ લાગુ કરી જોયા, માર્કસને પગે પડયા, લીનની પાછળ ચાલ્યા, વ્યાજદારી બેન્કિગ સિસ્ટમ લાવ્યા, ગ્લોબલ ટ્રેડમાં ભાગીદાર બન્યા અને છેલ્લો કોમ્યુનિઝમનો કલ્મો પણ પઢયો, છતાં આજે પણ ત્યાં જ છો જ્યાંથી તમે રોટી, કપડા, મકાનના સવાલથી શરૂઆત કરી હતી.

Web.: www.barkatekhwaja.net

અને જો એક સદીની દોડધામ તમારી આર્થિક પરિસ્થિતિને સ્થિર નથી કરી શકી તો આવો ! આગળ વધો ! બલ્કે પાછળ ચાલો ! અને તેના હલ માટે આ મહાન મુફક્કિર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો આર્થિક વિકાસનો પ્રોગ્રામ લાગુ કરવા નિશ્ચય કરો, તેને પોત પોતાના સ્તરે લાગુ કરો અને પછી રાહ જુઓ, અમુક જ વર્ષોમાં તમારી કાયા પલટાય જશે. અમે દાવો કરીએ શકીએ છીએ કે જો મુસ્લિમ જગત (ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના સૂચવેલા) આ હલને લાગુ કરી બતાવે તો ૨૧મી સદી તેમના આર્થિક વિજયની સદી હશે.

અહીં કેમ કે લેખની ભાષા મારી માતૃભાષા છે, એટલા ઓછામાં ઓછું ગુજરાતી મુસ્લિમ જગત જ આ તરફ આવે તો પ્રથમ પગલાધારી તરીકે ઈતિહાસમાં આપણુ કર્તવ્ય ''ફિક્રે રઝા''ના હેડિંગ હેઠળ યાદ કરવામાં આવશે.

વહાલા વાંચક મિત્રો ! આર્થિક સફળતાનો માર્ગ કઠિન નથી, સરળ છે, બસ ! આગળ વધીને ચાલવની જરૂર છે. આજથી પોત પોતાના સ્તરે અમલ શરૂ કરી દો, સૌ પ્રથમ તો દુનિયાએ તમારી ઈચ્છાઓનો ગ્રાફ જે હિસાબે ચઢાવ્યો છે તેને કંટ્રોલ કરો, કંજૂસી છોડો, સખી બનો, દોલતને વડેફવાનું બંધ કરો, કરકસરથી કામ લો, શણગાર પર ખર્ચ ઘટાડો, લાયકાત પર ધનના દ્વાર ખોલી દો, બેહયાઈના માધ્યમો વસાવવાનું બંધ કરો, જીવનમાં કામ લાગે એવું લિટરેચર છાપો, વસાવો અને વાંચો. શાદી વગેરેમાં ધૂમ ખર્ચા બંધ કરો, પાર્ટીઓમાં સિંગરો પાછળ ઉડાડવાનું બંધ કરો, પોતાની કૌમના રિસર્ચ કરનારાઓનો ખર્ચ ઉઠાવો, જાહિલ પીરો, કલાકારોને પૈસાની ભેટ ચઢાવવાનું બંધ કરો, સાચા સૂફી સંતો અને ઉલમા સુધી પહોંચાડી પોતાના માલને ઉપયોગી બનાવો. અંતમાં રફીકે મિલ્લત હઝરત સૈયદ નજીબ હૈદર મારેહરવી رحمۃ اللہ علیہના કથન પર અમે વાત પૂર્ણ કરીએ છીએ, તેઓ વારંવાર કહે છે :–

*''જલ્સા સસ્તા કરો અને મદ્રસા મોંઘા''.*

પેજ 29 નું ચાલુ..

**તર્જુમો** : (૧) આ અજમ (અરબ બહારનો વિસ્તાર)ને ત્યજનારે મહોબ્બતના શરાબથી મસ્ત થઈને શું સરસ ખુશી દેખાડી. ઉમદા ઘોડા પર સવાર થઈને અરબને શિકાર કરી લીધા. (૨) જ્યારે અજમી ઝુલ્ફોને મસ્તીમાં આવીને ચેહરાએ અન્વરથી ઉઠાવી તો કૂફા, બગદાદ તથા હલબ સુધી ગારતગરી (કતલ) કરી. (૩) ગુલો લાલાની જેમ દેખાય દેનાર સુંદર ચહેરાવાળી નાઝનીનોને કદમ નીચે લાવીને શું અજબ કર્યું. (૪) હે માહે જિલાં ! (જીલાનના ચાંદ) અબુલ મઆલીની ખબર લેજો જે આપની યાદમાં આખી રાત કાદિર કાદિર પુકારે છે.

પોતાની આશિકી તથા દીવાનગીને આ પ્રમાણે વર્ણવે છે :–

ایں قاید اگر از حسن رخت شیدا بود – بو المعالیست کہ بر حسن تو شیدا تر ازوست

**અર્થાત** : કાયદ જો આપના હુસ્નો જમાલનો શયદાઈ છે તો અબુલ મઆલી એનાથી વધીને આપના હુસ્ન પર ફિદા છે.

કાયદ આં જનાબ رضی اللہ عنہના બાકમાલ જમાલના આશિકો, મુખ્લિસ મુરીદો તથા બારગાહે રબ્બુલ ઈઝ્ઝતના મકબૂલ લોકોમાંથી થયા છે. તેમના બારામાં આપે ફર્માવ્યું, هُوَ مُؤَيَّدُ الْحَضْرَتِ કે તેમને હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہનું સમર્થન પ્રાપ્ય છે.

(ક્રમશઃ)

Web.: www.barkatekhwaja.net

# ૨૯<sup></sup>મા ફિકહી સેમીનાર તથા તેના ફૈંસલાઓ

અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી
(સદર મુફ્તી વ પ્રિન્સિપાલ જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
અનુવાદક : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ☆ حَامِدًا وَ مُصَلِّیًا وَ مُسَلِّمًا

## અધિકતમ્ અક્ષાંશ સ્થિતિ દેશોમાં ઈશાની નમાઝનો હુકમ

### પ્રથમ બેઠક

**(૧૨ સફર મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧ હિ.સ. / ઈ.સ. ૧૨ ઓક્ટોબર ૨૦૧૯, શનિવાર સવારે)**

૪૮.૫૦ અક્ષાંશથી અધિકતમ્ (48.50 Latitudeથી અધિક સ્થિતિ) દુનિયામાં એવા દેશો પણ છે જ્યાં વર્ષના અમુક દિવસોમાં ઈશાનો સમય નથી થતો. તેનાથી પણ અધિક આગળ સ્થિતિ એવી છે જ્યાં મગરિબ, ઈશા તથા ફજરનો સમય પણ નથી થતો.

દક્ષિણી અક્ષાંશ ૫૦ થી ૫૯ (Southe Latitude 50 to 59) સુધીના વિસ્તારમાં મુસલમાનો અધિક સંખ્યામાં વસેલા છે. આ દેશોમાં અમુક દિવસોમાં ઈશાનો સમય નથી આવતો. અમુક દિવસો એવા પણ હોય છે કે જેમાં ઈશાનો સમય થાય છે, પરંતુ ઘણો લેટ (મોડો) આવે છે. એવા જ દેશો સંબંધિત ઈશાની નમાઝનો મસ્અલો ચર્ચા હેઠળ આવ્યો અને મુફ્તિયાને કિરામથી સવાલ પૂછવામાં આવ્યા. તેમના જવાબો પ્રાપ્ત થયા ત્યાર બાદ સેમીનારમાં ચર્ચાઓ થઈ અને વાંધાઓના નિવારણ બાદ ફૈંસલાઓની મંઝિલ સુધી પહોંચી ગયા.

યાદ રાખશો કે આવાદેશોમાં ગરમીની ઋતુ (ઉનાળા)માં ચાલીસ દિવસ અથવા લગભગ બે મહીના સુધી રાત સામાન્ય રીતે સાત કલાકથી ઓછી વધતી થાય છે. દસ વાગ્યાના આસપાસ સૂર્ય ડૂબે છે અને સાડા ચાર વાગ્યાના આસપાસ સૂર્ય ઉગે છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہના મઝહબ મુજબ જો ઈશાનો સમય થાય તો ૧૨ વાગ્યાની આસપાસ અને સાહિબૈન (ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ તથા ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ)ના મઝહબ મુજબ સવા અગ્યાર અથવા ત્યાર બાદ. ટૂંકમાં આ એક સ્થિતિ બતાવવામાં આવી. તેમાં દિવસો તથા સ્થળોના આધારે સમય ઓછો વધતો થતો રહે છે. દરેક જગ્યાની નમાઝની તકવીમ (સમયપત્રક) જોવાથી સંપૂર્ણ સ્થિતિની જાણ થઈ શકે છે. સવાલો સંક્ષિપ્ત (ટૂંકમાં) છે અને જવાબોમાં પણ દિવસો સ્થળો ચોક્કસપણે રજૂ કરવામાં નથી આવ્યા. દરેક દેશના અક્ષાંશ તથા તેની સ્થિતિને જોતાં જવાબો તેની સાથે સંબંધિત કરી શકીએ છીએ.

એ પણ યાદ રાખશો કે ઈશાની નમાઝના સમય વિશે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો સ્પષ્ટ તથા સૌથી મજબૂત મઝહબ એ છે કે મગરિબની દિશા (સૂર્ય આથમવાની દિશા)માં જ્યારે શફકે અબ્યઝ (લાલાશ પછી આવતી સફેદી) ગાયબ થઈ જાય તો ઈશાનો સમય શરૂ થઈ જાય છે.

સાહિબૈન (ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ તથા ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ) તથા ઈમામ માલિક, ઈમામ શાફઈ તેમજ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہનો મઝહબ એ છે કે જ્યારે શફકે અહમર (સૂર્ય આઠમ્યા પછીની લાલાશ) ગાયબ થઈ જાય તો ઈશાનો સમય શરૂ થઈ જાય છે. ઈમામે આ'ઝમ

www.barkatekhwaja.net

رضی اللہ عنہથી પણ આ પ્રમાણેની એક રિવાયત છે અને ઘણા ફુક્હાએ આ પ્રમાણે પણ ફત્વો આપ્યો છે.

ફિક્હના માહિરો તથા ખગોળશાસ્ત્રીઓના જણાવ્યા પ્રમાણે જ્યારે સૂરજ સૂર્યાસ્ત ક્ષિતિજની ૧૮ (અઢાર) દરજ્જા (ડિગ્રી) નીચે જાય તો શફકે અબ્યઝ (લાલશ પછીની સફેદી) ગાયબ થઈ જાય છે. અને ઈમામે આ'ઝમના મઝહબ પ્રમાણે ઈશાનો સમય શરૂ થઈ જાય છે. અને જ્યારે સૂરજ સૂર્યોદય ક્ષિતિજની ૧૮ ડિગ્રી નીચે આવી જાય તો સુબ્હે સાદિક્ થઈ જાય અને ફજરનો સમય શરૂ થઈ જાય છે. ફજરના સમયમાં સાહિબૈન અથવા અન્ય કોઈ ઈમામમાં કોઈ મતભેદ નથી.

કેટલાક માહિરોએ પણ જણાવ્યું છે કે સૂરજ જ્યારે સૂર્યાસ્ત ક્ષિતિજથી ૧૨ દરજ્જા (ડિગ્રી) નીચે જાય તો શફકે અહમર (સૂર્યાસ્ત પછીની લાલશ) ગાયબ થઈ જાય છે. અને સાહિબૈન તથા અન્ય ત્રણ ઈમામોના મઝહબ મુજબ ઈશાનો સમય શરૂ થઈ જાય છે.

બહસ તથા ચર્ચા હેઠળ આવનારા સવાલો તથા ફેંસલાઓ નીચે મુજબ છે.

**સવાલ નં. ૧ :** જ્યાં અમુક દિવસોમાં હનફી મઝહબ પ્રમાણે ઈશાનો સમય આવે છે, પરંતુ ઘણો લેટ (મોડે)થી આવે છે ત્યાં સુધી લોકોનું જાગવું મુશ્કેલ તથા હરજનું કારણ બની જાય છે. ત્યાંના લોકો માટે ઈશાની નમાઝ વિશે શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ નં. ૧ :** આવા દિવસોમાં જે લોકો મુશ્કેલી તથા હરજ વેઠીને હનફી મઝહબ પ્રમાણે અમલ કરે તો તેમને રોકવમાં ન આવે કેમ કે તેઓ અસલ (મૂળ) મઝહબ તથા અઝીમત પર અમલ કરનાર છે.

જે લોકો આ મુશ્કેલી તથા તકલીફ વેઠવા ન ચાહતા હોય તો તેઓ સાહિબૈનના મઝહબ મુજબ અમલ કરીને ઈશાની નમાઝ અદા કરી શકે છે. આ મઝહબ પ્રમાણે પણ ફત્વો આપવામાં આવે છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**સવાલ નં. ૨ :** જે દિવસોમાં અને જે સ્થળોએ હનફી મઝહબ પ્રમાણે ઈશાનો સમય નથી આવતો, પરંતુ સાહિબૈનના મઝહબ મુજબ ઈશાનો સમય આવે છે તે પણ મોડેથી (લેટ) થાય છે તો ત્યાંના માટે શું હુકમ છે ?

**જવાબ નં. ૨ : (અ)** ત્યાંના લોકો માટે મુનાસિબ એ છે કે સાહિબૈનના મઝહબ મુજબ અમલ કરે. કેમ કે ત્રણે ઈમામો (ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ رحمۃ اللہ علیہم اجمعین)નો મઝહબ પણ એ જ છે જે સાહિબૈનનો છે. અને આ મઝહબ પણ કેવા (મજબૂત પુરાવાઓ ઉપર આધારિત) છે. જેના પ્રમાણે કેટલાયે હનફી મશાઈખોએ પણ ફત્વો આપ્યો છે. જેથી આ મઝહબની વિરુદ્ધ કરવું ન માત્ર સાહિબૈનના મઝહબથી વિરુદ્ધ કરવું છે, બલ્કે અન્ય ત્રણેવ મઝહબના ઈમામોની વિરુદ્ધ કરવું છે.

**(બ)** હોલેન્ડ (નેધરલેન્ડ)થી (સેમીનારમાં) હાજર થનાર બે વ્યક્તિઓથી જાણવા મળ્યું કે જે દિવસોમાં હનફી મઝહબ મુજબ ઈશાનો સમય નથી આવતો અને સાહિબૈનના મઝહબ મુજબ ઘણો લેટ આવે છે તેવી પરિસ્થિતિમાં અમુક લોકો મગરિબથી લગભગ એક ૧.૨૦ મિનિટ પછી નમાઝ પઢી લે છે. તો સવાલ થયો કે આવું કયા મઝહબ પ્રમાણે તેઓ કરે છે ? તો જણાવવામાં આવ્યું કે અમે હનફી છીએ અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના મઝહબ મુજબ આ દિવસોમાં ઈશાનો સમય નથી આવતો અને જે દિવસોમાં તથા સ્થળોએ ઈશાનો સમય નથી થતો ત્યાંના માટે હનફી મશાઈખોનો એક કૌલ એ પણ છે કે નમાઝ ફર્ઝ થવાનો સબબ (કારણ) ન હોવાથી ત્યાં ઈશાની નમાઝ ફર્ઝ ન હોવાનો હુકમ છે.

આ કૌલ મુજબ ત્યાં ઈશાની ફર્ઝિયત તો છે નથી, છતાં અવામનો અમલ ઈશાના નામથી નમાઝ

Web: www.barkatekhwaja.net

પઢવાનો છે, તો તેમને રોકવામાં ન આવે અને ફિત્ના તથા વિખવાદ થવાથી રોકવામાં આવે.

ઉમ્મીદ છે કે આ દીની મસ્લેહત તથા તાવીલના કારણે ઉપરોક્ત મુજબ અમલ કરનારાઓથી મુવાખઝો (પૂછતાછ) નહીં થાય.

આવા દેશોના ઓલમાએ એકમત થઈને કોઈ એક જાઈઝ તથા મુનાસિબ માર્ગ પર સહમતિ કરવી જોઈએ. ત્યાર બાદ અવામમાં વડીલો સાથે મશ્વેરાઓ કરીને અને નક્કી થયેલ હુકમને લાગુ કરવો જોઈએ જેથી ઈખ્તિલાફ તથા મતભેદ ન થાય. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ)

**સવાલ નં. ૩** : જે દિવસોમાં તથા જે સ્થળોએ સાહિબૈનના મઝહબ પ્રમાણે પણ ઈશાનો સમય નથી થતો, મગરિબનો સમય ઓછો મળે છે ત્યાર બાદ સુબ્હે સાદિક઼નો સમય થઈ જાય તો ત્યાંના માટે શું હુકમ છે ?

**જવાબ નં. ૩** : આવા દિવસોમાં તથા સ્થળોએ લોકો મગરિબ તથા ફજરની નમાઝ અદા કરે અને ઈશા તથા વિત્રની ક઼ઝા કરે. પરંતુ કેટલાયે લોકો જો મગરિબના સમયમાં ઈશા તથા વિત્રની નમાઝ પણ પઢી લે છે તો તેમને તેમના હાલ પર છોડી દેવા જોઈએ. ફિત્નો તથા વિખવાદ ન થવા દેવો જોઈએ. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ)

**સવાલ નં. ૪** : જ્યાં મગરિબ, ઈશા તથા ફજરનો સમય આવતો નથી તો ત્યાંના મુસલમાનો માટે તે નમાઝો વિશે શું હુકમ છે ?

**જવાબ નં. ૪** : અક્ષાંશ ૬૬.૩૪ અથવા તેથી અધિક હોય તો ત્યાં અમુક દિવસોમાં આવું થાય છે. ટૂંકમાં તેનો જવાબ એ છે કે જે નમાઝોનો સમય મયસ્સર ન હોય (આવતો ન હોય) તેની ક઼ઝા કરવી જરૂરી છે. એટલા માટે કે નમાઝને મૂળ રીતે જરૂરી કરનાર તથા તેનું હક઼ીક઼ી કારણ હુકમે ઈલાહી છે અને તે (કારણ) અહીંયાં મૌજૂદ (ઉપસ્થિત) છે. કોઈપણ પુરાવા તથા આધારથી કોઈ જગ્યાનું (તે હુકમથી) અલગ હોવું સાબિત નથી. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ)

**સવાલ નં. ૫** : ઈલ્મે હૈઅત (ખગોળ શાસ્ત્ર)ની કિતાબોમાં લખ્યું છે કે ૧૫ ડિગ્રી પર શફક઼ે અબ્યઝ (લાલશ પછીની સફેદી) ગાયબ થઈ જાય છે તો તેના વિશે આપની શું રાય છે ?

**જવાબ નં. ૫** : આ વાત મુશાહેદાત (અવલોકનો) તથા અનુભવોની રોશનીમાં બિલ્કુલ ગલત તથા આધાર વિનાની છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ તેનો ખૂબ વિસ્તૃત રદ કર્યો છે. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ)

**સવાલ નં. ૬** : ૪૮.૩૦ અક્ષાંશ અથવા અધિકતમ્ અક્ષાંશ ધરાવતા વિસ્તારોમાં શફક઼ે અબ્યઝ (લાલશ પછીની સફેદી) તથા અક્ષાંશ તથા સુબ્હે કાઝિબ (સુબ્હે સાદિક઼ પહેલાં આસ્માનોમાં પૂર્વ પશ્ચિમ દેખાતી સફેદી) ભેગી થઈ જાય છે તેના વિશે આપની શું રાય છે ?

**જવાબ નં. ૬** : આ વિસ્તારોમાં શફક઼ે અબ્યઝ તથા સુબ્હે કાઝિબના એક થઈ જવાનો ક઼ૌલ કરવો યોગ્ય નથી. ત્યાં શફક઼ે અબ્યઝ તથા સુબ્હે સાદિક઼ ભેગી થાય છે. એટલા માટે આવા વિસ્તારોમાં અમુક દિવસોમાં ઈશાનો સમય આવતો નથી. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ)

**સવાલ નં. ૭** : તમારા મતે સુબ્હે સાદિક઼ થવા તથા શફક઼ે અબ્યઝ તેમજ શફક઼ે અહમરના ગાયબ થવાના સમયે સૂરજ કેટલા દરજ્જે ક્ષિતિજથી નીચે હોય છે ?

**જવાબ નં. ૭** : સૂર્યાસ્ત થવાની દિશામાં જ્યારે સૂરજ ૧૨ દરજ્જા (ડિગ્રી) ક્ષિતિજથી નીચે જાય છે તો શફક઼ે અહમર ગાયબ થઈ જાય છે. અને જ્યારે સૂરજ ૧૮ દરજ્જા (ડિગ્રી) ક્ષિતિજથી નીચે જાય તો શફક઼ે અબ્યઝ ગાયબ થઈ જાય છે. એ જ પ્રમાણે સૂર્યોદય થવાની દિશામાં સૂરજ ૧૮ દરજ્જા ક્ષિતિજથી નીચે હોય તો સુબ્હે સાદિક઼ પ્રકટ થઈ જાય છે. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ) *(ક્રમશઃ)*

Web.: www.barkatekhwaja.net



# શબે બરાતની ઈબાદતો

કાર્યાલય

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : "ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, "જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

- ❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **"લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ"** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.
- ❒ **મગરિબની નમાઝ બાદ** ૭ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.
- ❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.
- ❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.
- ❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે. આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.
- ❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.
- ❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.
- ❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.
- ❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને "સલાતુલ ખૈર" કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, "જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

Web: www.barkatekhwaja.net

## વડોદરા ખાતે જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ

**વડોદરા** : મુકામે તા. ૨૦–૨–૨૦૨૦ના રોજ શનિવારે ઈશા બાદ મદ્રસા સિદ્દીકે અકબર (પાણીગેટ)ના સાલાના જલસાના મોકા પર જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہનું આયોજન સુન્ની દા'વતે ઈસ્લામી–વડોદરા શાખા તરફથી કરવામાં આવ્યું. શરૂમાં મદ્રસાના તલબા થકી કુર્આન શરીફની તિલાવત તથા તેનો ગુજરાતી અંગ્રેજીમાં અનુવાદ રજૂ કરવામાં આવ્યો તેમજ અન્ય પ્રોગ્રામ રજૂ થયા જેમાં તલબાનો પરફોર્મન્સ ખૂબ પ્રશંસનિય રહ્યો. ઉપરાંત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાને સિદ્દીકમાં શાનદાર બયાન કર્યું. છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો મકામ તથા આપની ખૂબીઓ તથા કુર્આન સાથે આપનો લગાવ અને આજના મુસલમાનોના હાલ વિશે ખૂબ જ બોધદાયક બયાન કર્યું હતું. હઝરત મૌલાના સૈયદ વારિસ અલી સાહબની સદારતમાં આ જશ્ન થયો જેમાં વિવિધ ઉલમા સ્થાનિક અઈમ્મા હઝરાત તેમજ મુબલ્લિગો જાવેદ કુરૈશી, બિલાલભાઈ, અસ્લમ રઝા, સુલ્તાન રઝા, તેમજ ભરૂચથી પટેલ શબ્બીર અલી રઝવી, હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી, હાફેઝ મેહબૂબ ઝંઘારવી, પાલેજથી ઈમરાન નૂરી, સરફરાઝ નૂરી વગેરેએ હાજરી આપી હતી.

## દયાદરામાં શાદી પ્રસંગે જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ

**દયાદરા** : ખાતે મોટા ચકલા, પર તા. ૭–૨–૨૦૨૦ જુમ્આના રોજ ઈશા બાદ જનાબ અબ્દુલ્લાહ ઈસ્માઈલ રિટા. પોસ્ટમેનની નેક દુખ્તર અમીરાબાનુની શાદીના પ્રસંગ નિમિત્તે શાનો શૌકતથી જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ મનાવાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ સિદ્દીકે અકબર رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. અમીરાબાનુની નિકાહખ્વાની તા. ૯–૨–૨૦૨૦ના રોજ પીપલીયા (વાગરા) નિવાસી શબ્બીર કોઠીયાના નેક ફરઝંદ સોહેબ સાથે રાખવામાં આવી. દુલ્હા – દુલ્હન કુટુંબીજનો ખૂબ ખૂબ મુબારકબાદ !

**પાણપુર પાટીયા** : (તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા) હિંમતનગરથી મૌલાના અબ્દુલ ગની રાજેભાઈ જણાવે છે કે મુહમ્મદ ઈરફાન ગુલામ મુહીયુદ્દીન માંદરાવાળાની શાદી સોફીયાબાનુ ઝાકિરહુસૈન પાંચ ભૈયા–હિંમતનગર સાથે તા. ૨૯–૧૨–૨૦૧૯ના રોજ સમૂહ લગ્નમાં થઈ હતી. મુબારકબાદ ! તેની ખુશીમાં રૂા. ૨૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં દુલ્હા દુલ્હનના જીવનમાં ખૂબ બરકતો રહમતો નાઝિલ ફર્માવે (આમીન). *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## પોસ્ટકાર્ડ લખીને મફત કિતાબો મંગાવો !

📕 રમઝાનની ફઝીલતો અને અમલ (પેજીસ–૯૬) 📕 અઝવાજે મુતહ્હરાત (રસૂલે પાક صلی اللہ علیہ وسلمની બીવીઓ) 📕 ખ્વાજા અબુલ હસન ખિર્કાની رحمۃ اللہ علیہ ❒ **ત્રણેવના સંપાદક** : મુહમ્મદ અમીન એ. ચોલા જામનગરી ❒ **પ્રકાશક** : હુસૈની કમિટી (સુન્ની) ૮, લાટી પ્લોટ સામે, મોરબી–૩૬૩૬૪૧, ફોન : ૦૨૮૨૨–૨૩૩૨૧૪

**નોંધ** : વરસોથી દીની સાહિત્ય ક્ષેત્રે કામ કરતી આ મશહૂર **સુન્ની હુસૈની કમિટી–મોરબી**ને આપની લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે પહોંચાડી દીની કાર્યમાં સહકારની અપીલ છે.